॥ [illegible]ત્મને નમઃ ઓ३म् ॥

માહેશ્વરાભિન્ન પરમાત્મ સ્વરૂપ

[illegible] શ્રી [illegible]ુકય પ્રભુ પ્રણીત

[illegible]ચ ધર્મ નિરૂપણ.

[illegible]ने लभ्यस्तपसा ह्येष आत्मा। सम्यग्ज्ञानेन ब्रह्मचर्येण नित्य॥
[illegible]शरीरे ज्योतिर्मयो हि [illegible]भ्रो। [illegible]पश्यन्ति यतयः क्षीण दोषाः॥

(मु. उ. मंत्र। ४८)

—બ્રહ્મચર્ય, તપ, સત્ય, ને, સમ્યક જ્ઞાન પ્રકાશ;
[illegible] ચિદાત્મા આરથી, થતાં દોષનો નાશ.

પ્રેમયુક્ત શ્રદ્ધાસંપન્ન સુજનોનાં હિતને અર્થે

પ્રસિદ્ધ કરનાર

સૂર્યદુહિતા (તાપી) તટે સ્થિત સૂર્યપુર (સુરત) નિવાસી

વાસુદેવ માણિક્યલાલ ભક્તરાજ

તથા

સદાશિવ માણિક્યલાલ ભક્તરાજ

સંવત ૧૯૬૭ શકાબ્દ ૧૮૩૨ સને ૧૯૧૦

અમૂલ્ય.

[illegible]

आत्मा। मम्यग्ज्ञानेन ब्रह्मचर्य्येण नित्यं ॥

योहि शुभ्रो। यंपश्यंति यतयः क्षीण दोषाः॥

(मुं. उ. मंत्र ४८)

દોહરો:—બ્રહ્મચર્ય, તપ, સત્ય ને, સમ્યક્ જ્ઞાન પ્રકાશ;
જડે ચિદાત્મા ચારથી, થતાં દોષનો નાશ.

પ્રેમયુક્ત શ્રદ્ધાસંપન્ન સુજ્ઞજનોનાં હિતને અર્થે

પ્રસિદ્ધ કરનાર

શ્રી સૂર્યદેહા (તાપી) તટે સ્થિત સૂર્યપુર (સુરત) નિવાસી

વાસુદેવ માણિકયલાલ ભક્તરાજ

તથા

સદાશિવ માણિકયલાલ ભકતરાજ

સંવત ૧૯૬૭ શકાબ્દ ૧૮૩૨ સને ૧૯૧૦

अमूल्य.

સુરત. ભાગાતળાવ રોડ ઉપર આવેલા ધી "રાંદેર" પ્રીન્ટીંગ
પ્રેસમાં રતિલાલ દુર્લભદાસે છાપ્યું.

(આ ગ્રંથરૂપ મંત્ર પુષ્પાજલિના અર્પણરૂપ
ગ્રંથાર્પણ સહિત.)

ઉપોદ્‌ઘાત—પ્રસ્તાવના.

આ વૈશ્ય ધર્મ નિરૂપણ નામના ગ્રંથની પ્રસિદ્ધિ પૂર્વે હમારા પૂજ્ય પિતાશ્રી માણિક્ય પ્રભુ પ્રણીત વિચારમુકતા, શાંતિસુધારસ, સત્સુખ, માણિક્યરત્ન મણિગણ માલિકા (પ્રથમ પુસ્તક), વગેરે ગ્રંથો પ્રસિદ્ધિમાં મુકાઇ ગયા છે તેમાં લખાયલી પ્રસ્તાવનામાં (અત્રે લખવા યોગ્ય સઘળું) સવિસ્તર આવી ગયલું હોવાથી પિષ્ટપેષણવત્ પુનરૂક્તિ કરવી યોગ્ય ન જણાયાથી અત્રે પુનઃ દર્શાવ્યું નથી; પરંતુ દિગ્દર્શનરૂપ સહેજ ઇશારો કર્તવ્ય જણાયો તેજ માત્ર અત્ર પ્રદર્શિત કીધો છે.

"વૈશ્ય ધર્મ નિરૂપણ" એટલા શબ્દે કરીને વાંચકવર્ગે એવું અનુમાન કર્તવ્ય સ્વિકારવું નહીં, કે, ત્રીજા વર્ગના વૈશ્યવર્ણના દ્વિજ માત્રનેજ માટે એ છે; પરંતુ બ્રાહ્મણત્વનું અને ક્ષત્રિયત્વનું અભિમાન ધરનાર દ્વિજ વર્ગસ્થ જનોએ પણ આ ગ્રંથમાં દર્શાવ્યા પ્રમાણે વૈશ્યત્વ પણ ધારણ કરવાની પાત્રતા સંપાદન કરી ન હોય તો ઉપલા વર્ગની પાત્રતા હોવાનું અભિમાન કરી, પોતાને વિશે માની લીધેલું અને કહેલું બ્રાહ્મણત્વ અથવા ક્ષત્રિયત્વ યોગ્ય ગણાતું નથી, એમ વેદ વિદ્યા સંપન્ન વિદ્વાનો કહે છે.

ઉપલા વર્ગના વિદ્વાનો નીચલા વર્ગના અભ્યાસકોની પરીક્ષા લેનાર હોવા જોઇએ. પણ તે વર્ગનાં ધોરણનો અભ્યાસ કરવા શિવાય તેનું જ્ઞાન નહીં હોવાથી પરીક્ષા લેવાની યોગ્યતા તેમનામાં આવતી નથી; અને તે જ્ઞાન વગર પરીક્ષા લઇ શકાતી નથી, તો પછી બ્રાહ્મણપદ્દિને શોભે તેવો, તે અભ્યાસકોને યથાયોગ્ય શિક્ષણરૂપ ઉપદેશ આપી ઉન્ન-

તિને માર્ગે લઇ જવારૂપ કાર્ય તો તે શી રીતેજ કરી શકે ! ! તાત્પર્ય કે, આ ગ્રંથ સામાન્યતઃ સર્વ સુજ્ઞ સમાજને કેવી રીતે કેટલો ઉન્નતિ અર્પનાર છે, તે અથથી ઇતિ સુધી શુદ્ધ પ્રેમયુકત શ્રધ્ધાથી વાંચનારને સહજ સમજાય તેમ છે એવું વિચારી અત્ર તે વિશે વિશેષ લખવું સપ્રયોજન ગણ્યું નથી.

માણિકય રત્નમણિગણ માલિકા પ્રથમ પુસ્તકની પ્રસ્તાવનામાં પાને ૮ મે પારાગ્રાફ એ ત્રણમાં લખ્યા પ્રમાણે કોઇ સુજ્ઞ વિવેકી ઉદાર મ-હાશય, ઉત્તેજન આપવાના હેતુથી, જન સમાજ, મિત્રમંડળી, ન્યાત, અગર વિદ્યાર્થી વર્ગમાં વહેંચવા, પોતાના ન્યાય માર્ગે સંપાદન કરેલાં સુદ્રવ્યનો સન્માર્ગે વ્યય કરવા પ્રેમ પૂર્વક ઇચ્છા રાખતા હોય, તેઓ, જો, પોતાની સાત્વિક ઉદારતા દરશાવી જથાબંધ પ્રતો (નકલો) મગાવશે, તો, તેઓશ્રી આજ્ઞા (Order) આપશે તેટલી પ્રતો (અનુકુળતા સ્વિકારી) મોકલવા હમને પણ ઉત્સાહ થવો સંભવે છે; કારણ કે, તે રકમ એજ ખાતે જમે થઇ, વધારો જણાશે તે પ્રમાણે, પૂજ્ય મહાત્મા પ્રભુ પ્રણીત અપૂર્વ શાંતિ યુકત ચમત્કૃતિનું ભાન કરાવનારા ગદ્ય પદ્યાત્મક બીજા ગ્રંથોમાંથી તાત્કાલિક મુદ્રાંકિત કરવા યોગ્ય જણાશે તે તે ગ્રંથ પ્રસિધ્ધિમાં મુકવા અનુકુળ પ્રયત્ન સેવી શકાશે. કોઇ પ્રકારના સંકોચ અથવા પ્રતિબંધના સદ્ભાવે, અથવા જનહિત કાર્યને ઉત્તેજન આપવાના હેતુથી, છુટક પ્રતને માટે, કોઇ સુજ્ઞ ગૃહસ્થને કંઈ પણ આપવુંજ યોગ્ય જણાય તો, (જો એ ગ્રંથ ભેટ રૂપે અપાયો નહીં હોય તો) પ્રત્યેક નકલના ૦-૮-૦ પ્રમાણે ભલે મોકલે. વિવેક સંપન્ન સુજ્ઞ મહાશયનું એ રીતનું કર્તવ્ય પણ સ્તુતિ પાત્ર છે, અને એવાં પ્રેયસ્કર તથા શ્રેયસ્કર કાર્યની પ્રવૃત્તિમાં, પ્રસિદ્ધ- કર્તાને, અમુક ન્યુનાંશેપણ (અલ્પાંશેપણ) પ્રેરનાર છે. अस्तु.

સુજ્ઞ મહાશય ડાકટર નગીનદાસ માણેકલાલજી તરફથી સત્સુખની પ્રતો ખરીદવામાં વપરાયલી ઉજ્વળ ઉદારતાનાં સુંદર સુસ્વાદવાળાં ફળ રૂપે અમૂલ્ય માલિકાનો જન્મ (પ્રસિદ્ધિ) થયા પછી આ ગ્રંથની પ્રસિ-

હિથી પણ તેઓશ્રીને અમુક અંશે ધન્યવાદ ઘટે છે, તેમાં મુખ્ય કારણરૂપતો, શુધ્ધ સત્વ ગુણ સંપન્ન નિર્વિકાર (નિખાલસ) મનનાં શ્રદ્ધા અને પ્રેમથી પૂર્ણ-પુણ્ય પુંજરૂપ-શ્રીમતિ દેવી ભગવતિ શ્રી (હમારાં ભગિની-બ્હેન) તાપી ઉર્ફે જેકોર બ્હેન જેઓનું ભૌતિક શરીર પંચ તત્વને પામી વાસનાલિંગ બ્રહ્મ લોકે ગમનરૂપી ઉર્ધ્વગતિને પામ્યાનું (પુણ્યવાસનાનાં આધિક્યથી)અનુમાન કરાય છે, તેઓ ભગવતિ તાપી-જેકોરબ્હેન)નો મહત્ પુણ્યપ્રભાવજ છે. પ્રત્યક્ષ અનુભવસિધ્ધ એ કહેવાનું હમોએ ભુલી જવું જોઇતું નથી એવાં પવિત્રાત્મા તે દેવીની, વ્યાવહારિક તથા પારમાર્થિક સર્વોત્કૃષ્ટ ઉન્નતિ ત્વરાથી થતી જઇ, અપાર ઐશ્વર્ય અને સામર્થ્યના મહોદધિ સચ્ચિદાનંદ પરમાત્માને વિશે, અભેદત્વે અચલ વિશ્રાંતિ પ્રાપ્ત થાવ, એવું સપ્રેમ ઇચ્છી, લેખક (હમારા પૂજ્ય પિતા શ્રી) સહિત, હમો (બહુ ભાઇઓ તથા હમારાં પુજ્ય મહાદેવી સ્વરૂપ માતાજી અને હમારી ભગિની-બ્હેનો વિગેરે) સર્વ, તેજ પ્રમાણે થવા અનંત શક્તિસંપન્ન પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરી, તેમનાં સર્વ પ્રકારનાં સર્વ ઋણોથી (હમો સર્વ) મુક્ત થઇએ છીએ.

વિવેક સંપન્ન એક સુજ્ઞ મહાશયે, લેખક મહાત્માશ્રી પાસે આવી, જગતની આ પ્રકારની આ સેવામાં, શ્રદ્ધા પુર્વક ઉત્સાહ બતાવી, ઉદારતાને અમુક અંશે પોતાના અંતરમાં સ્વઇચ્છાથીજ અવકાશ આપ્યો, તેને માટે તેઓ શ્રીને, તે પ્રમાણમાં, ધન્યવાદ સંભવે છે.

સુરતની નજીકના કતારગામ નિવાસી સુજ્ઞ મહાશય શ્રીયુત ગોવિંદજી પ્રેમાભાઇ પટેલ, જેઓ લાંબા વખતથી સુરત જિલ્લા વિગેરેની ફોજદારી કોરટોમાં મુખત્યારનું કામ કરે છે, અને કાયદા કાનુનની બારીકીથી વાકેફગાર હુવા, પોતાની બુધ્ધિની સૂક્ષ્મતા સાથે સત્યતા-પ્રમાણિકપણાને લીધે, સુજ્ઞ ઓફીસરો-અધિકારી સાહેબોથી પ્રતિષ્ઠા પામેલા છે, તેઓએ આવાં જન હિત કાર્યને ઉત્તેજન આપવામાં પોતાની ઉજવળ ઉદારતાને [પોતાની સ્થીતિનાં પ્રમાણમાં જોતાં તો] એવું સુશોભિત સાલંકૃત મનોહર સ્થાન આપ્યું છે, (અર્થાત, પ્રેમ સાથે શ્રદ્ધાથી સાત્વિક

ઉત્સાહ પ્રદર્શિત કરતાં પોતાની એક માસની આવક આ જગજાહેર સેવામાં આપવાની પ્રતિજ્ઞા કરી છે) કે, જેને માટે અર્વાચિન સમયના શ્રીમાન વર્ગસ્થ જેઓ, અલ્પપણુ, એવા શ્રેયસ્કર ખર્ચથી ભડકી ઉઠે છે, તેઓ કરતાં કેટલે અંશે ધન્યવાદને પાત્ર છે, તે સુજ્ઞ વાંચક વર્ગની બુધ્ધિજ નિશ્ચય કરી લેશે. કોમ્રુ મહાશયના વિચારથી, હમો બાળકો, કદાપિ, અભિપ્રાય આપવા યોગ્ય નહીં હોઇએ તો, વિદ્વાન વિવેકી સત્વ સંપન્ન સુજ્ઞજનોના અભિપ્રાયની નકલ કરી કહેલું અનુચિત નહીંજ ગણાશે, કે, એમની આવી ઉજવળ ઉદારતા, (અને તે પણ પ્રેમ અને શ્રધ્ધારૂપ અમૃત અને સોગંધિક દ્રવ્યથી મિશ્ર) જેને માટે તેઓશ્રીને અત્યંત ધન્યવાદ સંભવે છે તે, નિઃસંશય સ્તુતિપાત્ર છે; કે જેથી કરીને પુજય લેખક મહાત્મા શ્રીના અપુર્વ ચમત્કૃતિથી ભરેલા શાંતિરસથી વ્યાપ્ત અન્ય ગ્રંથની પ્રસિધ્ધિમાં ટેકા–કારણરૂપ હોવાથી, તેવી (અમુક ન્યુનાધિક અંશે) પ્રસિધ્ધિ થવા પ્રયત્ન કરવાનો, ઉત્સાહ પ્રકટવો સંભવે છે. **तथास्तु.**

હાલનું પબ્લિક (મ્હોટે ભાગે) જો કે કહેવાતા કલિકાલાનુકુળ પ્રકૃતિ સ્વભાવને ધારણ કરી સાત્વિક સન્માર્ગે વ્યય કરવામાં નિરૂત્સાહવાળું, અને રાજસ તામસ માર્ગે (વરા, વરઘોડા, વેશ્યા નૃત્યાદિ, નાટક ચેટક, વગેરે પારમાર્થિક સુખના અભાવવાળા માર્ગમાં) વ્યય કરવામાં સપ્રેમ ઉત્સાહ વાળું છે, એમ સુજ્ઞ વિદ્વદ્વર્ગ અને વિવેકી સદ્‌ગૃહસ્થો કહે છે તે સાંભળવામાં આવેછે, તેમજ દ્રષ્ટિગોચર પણ થાયછે; તે ઉપરથી વિચારતાં, એ ખર્ચ તેઓને પ્રાણોત્ક્રમણ જેવો કઠિણ અને કંટાળા ભરેલો લાગશે ખરો, પણ તેનું ઐહિક અને વિશેષે પારમાર્થિક સુખશાન્તિ પ્રદ પરિણામ કેવી રીતે કેટલું આવે છે તેની ખાત્રી, જાતે તેવો સાત્વિક ખર્ચ કરી કર્તવ્ય કરેથી, સારી રીતે થવી સંભવે છે; અથવા સુજ્ઞવિદ્વાન દૈવી સંપત્તિવાન સત્વમય પુરૂષોને પુછવાથી અને તેઓનો અહર્નિશ સંગ કરવાથી પણ સુષ્ટુ રીત્યા થવી સંભવે છે, તો, અત્રે તે વિશે જગા રોકી વાંચક વર્ગને હેરાન કરવા હમે સપ્રયોજન જોતા નથી.

ગ્રંથ ઉપર જો કે હલકી કીંમત પણ રાખી હોય તો, ઉપરના પેરામાં

દર્શાવ્યા પ્રમાણેની પ્રકૃતિવાળા ગ્રહસ્થો, પુસ્તક હાથમાં લઇ, પ્રથમ તો કિંમત તરફજ દ્રષ્ટિ ફીર્ણુ ફેંકી, અમુક હલકી પણ કીંમત જોતાં તરત (પ્રાણ તુલ્ય પ્રીય તે જાણે હોયની, તેમ વિચારીને) પોતાની વાકચાતુરી વાપરતાં ઉદ્‌ગાર કાઢે છે–કહે છે કે,–"આજ કાલ ઘણા ગ્રંથો થઇ ગયા છે, કેટલા અને શું શું વાંચીએ," તેમજ, "એવો ખોટો વખત રોકી ધંધા રોજગારમાં નકામા ખોટી થવું એ આપણને નહીં પાલવે. એતો નવરાના કામ છે." એમ કદાપિ વાણીદ્વારા (વૈખરીથી) નહીં કહે, તો, મનોમય કહે છે. ખરૂં છે; એ સાત્વિક ખર્ચ છે; અને વાંચી વિચારી આચારમાં મુકવાથી મોટી મહાભારત ઉન્નતિ કરનાર છે, તે, એમને જરૂરનું નથી. ઉપલા પેરા પ્રમાણે રાજસ તામસ ખર્ચ હોય તો ઉત્સાહથી એકના દશ ખરચવા તઇઆર છે, કેમકે તેતો દિન પ્રતિદિન અવનતિ કરનાર છે, તે અવનતિનીજ જરૂર છે તેઓને એમાં શી રીતે શ્રદ્ધાયુકત ઉત્સાહ પ્રકટે ?! પછી ભલે તે ગરીબ હોય કે મ્હોટા અથવા છોટા શ્રીમાન–તવંગર (દ્રવ્ય સંપત્તિવાન) હોય, તોપણ આસક્તિથી બંધાયલા હોવાથી ઉદારતા વાપરવા અશકય થઇ પડે છે.

કોઇક વિવેકી સદ્‌ગ્રહસ્થો એવા પણ હોય છે કે, તેઓને ભેટરૂપે પુસ્તક અપાયું હોય છતાં, ગ્રંથ હાથમાં લેતાંજ કીંમત તરફ દ્રષ્ટી દોરવી, તે જોઇ તરત પ્રેમ સાથે ઉત્સાહથી તે મુલ્યની રકમ આપવા ખડા થઇ જાય છે. ગ્રંથ આપનારે તે ભેટરૂપેજ (ખાસ) આપ્યો હોય છે તો તે દ્રવ્ય (કીંમત) જો કે (તે દાતા) સ્વિકારવા યોગ્ય માનતો નહી હોવાથી ના પાડે છે, તોપણ તે લેનારની શ્રધ્ધા, પ્રેમ, અને ઉદારતા કેવાં છે તેનો તો પ્રકાશ પાડેજ છે. કીંમત તરફ તત્કાલ દ્રષ્ટિ ફીર્ણ પ્રસારનાર આ વિવેકી સુજ્ઞ મહાશયનો આશય અને ઉપર કહી ગયા તે મહાશયનો આશય, એક એકથી વિલક્ષણ છે, અર્થાત્ બેહુના આશયોમાં આસ્માન જમીનનો અંતર છે. પરંતુ એવા સુજ્ઞ ઉદાર મહાશય ઘણાજ જવલ્લે થોડાજ મળી આવે છે. વિશેષતઃ (મ્હોટે ભાગે) હાલનાં પબ્લિકનું વલણ તો ઉપર કહી ગયા તે પ્રમાણે રાજસતામસ પ્રવૃત્તિમાંજ ઉત્સાહ

વાળું હોવા વિશે ઘણા સભ્ય અને સુજ્ઞ વિદ્વાનોથી સાંભળીને અને જોઇને હમારા પરમકૃપાળુ પૂજ્ય પિતાશ્રીએ, અમૂલ્ય રાખવા આજ્ઞા આપી. તે એવા હેતુથી કે, વાંચી વિચારી શકે એવા ન્યૂનાધિક અંશે શ્રદ્ધાયુક્ત પ્રેમીજનો પણ કદાપિ, ઉપર પ્રમાણે આસક્તિ વશ પડયા હોય તેઓમાં અમુક અંશે શ્રદ્ધા અને પ્રેમ હોય છતાં, કીંમત જોઇને ભડકી ન ઉઠે, અને લાભ લઇને ઉન્નતિને માર્ગે વહન કરી શકે. એવાજ હેતુથી માણિક્ય રત્ન મણિગણ માલા (પ્રથમ પુસ્તક) ને પણ અમૂલ્ય રાખવા આજ્ઞા આપેલી તેજ પ્રમાણે આ પુસ્તક વિશે પણ, દેશ કાળ--સમયાનુસાર વિચાર કરી સૂચવ્યા પ્રમાણે કરવામાં આવ્યું છે.

વિશેષે કરીને વૈશ્યવર્ણમાં ગણાતા અને ગણાવા યોગ્ય સર્વવ્યક્તિઓને ઉદ્દેશીને આ ગ્રંથ લખાયલો હોવાથી, તેઓજ એના અધિકારી છે એમ નથી, પણ ઉપર કહી આવ્યા તે પેરા ૨-૩ પ્રમાણે સર્વ કોઈ એના અધિકારી હોઇ શકે છે. એમાં જે વિષય ચર્ચવામાં આવ્યો છે તે, વૈશ્યના વાસ્તવ ધર્મ શું છે, તેનું અપૂર્વ રહસ્ય શું છે, વગેરેનો છે. એને યથાર્થ વાંચી વિચારી, અંતઃકરણ સાથે સંબંધ પમાડીને, એટલે ઉન્ડી છાપ પાડીને જેઓ આચારમાં મુકશે તેઓની ઉન્નતિ થતાં એટલે સુધી થવી સંભવે છે કે, અનંત અપાર જ્ઞાન, સુખ, સામર્થ્ય, ઐશ્વર્યના મહોદધિ પરમાત્મ તત્વમાં અનન્યત્વેરમણ કરનારા થઈ રહેશે. એવી ઉન્નતિ સર્વવ્યક્તિ માત્રની થાય, એજ આ ગ્રંથનું પ્રયોજન છે.

શારીરિક બળ, રાજ્યાધિકાર, દ્રવ્યસંપત્તિ, માનસિક બળ, વગેરે સાધનો કે જેના વડે જગતમાં અનેક મનુષ્યાદિને ઉપકાર થઇ શકે છે, તે સર્વ સાધનો પુરતાં પ્રમાણમાં નહીં જણાયે, જગતમાં અમુક અંશે પણ ઉપયોગી થવાના હેતુથી યથા શકત્યા યથા બુધ્ધ્યા પ્રવૃત્તિ કરવા માંડી તેને પેરા ૪ પ્રમાણે શ્રીમાન સુજ્ઞ ઉદાર ગૃહસ્થો તરફથી ઉત્તેજન મળશે તો, અથવા હમારી સર્વોત્તમ ઉન્નતિ થઇ, સર્વ સાધનોની પૂર્ણતા, શ્રી સર્વેશ્વર પરમાત્મ કૃપાથી, પ્રાપ્ત થયેથી, અર્થાત્ જે રીતે પરમાત્મા સ્વયં (હમારી) ઉન્નતિ કરવા કૃપા કરશે તો, શનૈઃ શનૈઃ બીજા શાન્તિ પ્રદ

વિચિત્ર ચમત્કૃતિવાળા સત્વરૂપ અમૃતથી પૂર્ણ એવા ગદ્ય પદ્યાત્મક ગ્રંથો (જો કે કેટલાંક વર્ષોથી મહાત્મા પૂજ્ય પિતાશ્રીએ લખી તઈઆર રાખીજ મુકેલા છે તે) પ્રસિદ્ધિમાં મુકવા હમને અપૂર્વ આનંદ રૂપ ઉત્સાહ પ્રકટવો સંભવે છેજ. **તથાસ્તુ.** લેખક શ્રી પોતે તો કર્તવ્ય કરી ચુકયા છે. માત્ર હવે તેને પ્રસિદ્ધિમાં મુકવા રૂપ કાર્ય, હમારી પાસે કરાવવા, વિશ્વપતિ પરમાત્માની ઈચ્છા ઉપર છે. હાલની સ્થિતિ અને પ્રસંગને અનુસરીને પેરા ૪ પણ આ પ્રસ્તાવનામાં યોજવો પડયો છે તે નિરૂપાયેજ યોજાયો છે. સર્વ ઐશ્વર્ય સંપન્ન અપાર સામર્થ્યવાન પરમ કૃપાળુ પરમાત્મા, હમને તે પોતાનાં સર્વ ઐશ્વર્ય અને સામર્થ્યથી પૂર્ણ કરી હમારામાં શુદ્ધ કૃપા પ્રવાહ વેહેવડાવી, તે પેરાની પણ જરૂર નહીં રખાવી, શ્રદ્ધાવાન પ્રેમી સુજ્ઞજન મંડળીમાં અનેકને અનેક (હજારો) ગ્રંથો, હમારે હાથે (અથવા હમોદ્વારા મોકલાયલા ગ્રંથોને અન્ય મહાશય મહાત્મા પૂજ્ય પુરૂષવરદ્વારા) વેહેંચાવો–અપાવો. તાત્પર્ય કે હમને પણ આ જગતમાં અનેકના શુભ શ્રેયસ્કર હિત સાધવામાં ઉપયોગી બનાવી, હમો સહિત સર્વનું સર્વોત્તમ હિત સધાવી, તે સદ્‌ગુરૂ પરમ પુરૂષ પરમાત્મા શાશ્વતિ શાંતિ આપો–પોતાનાં સચ્ચિદાનંદઘન સ્વરૂપમાં અભેદત્વે અચલ વિશ્રાંતિ આપો. **તથાસ્તુ.**

ગ્રંથાર્પણ:— માણિકયરત્નમણિગણમાળાનાં પ્રથમ પુસ્તકમાં પ્રારંભેજ ગ્રંથાર્પણ વિશે પૂજ્ય પુરૂષવર મહાત્મા પિતાશ્રી તરફથી સવિસ્તર લખવામાં આવેલું છે તેજ પ્રમાણે આ ગ્રંથરૂપ મંત્રપુષ્પાંજલિ પણ સર્વાંતર્યામિ સત્‌ચિદેકરસ આનંદઘન, મહાવિષ્ણુ શ્રી મહેશ્વર સદ્‌ગુરૂ પરમાત્માનેજ (તેઓશ્રી તરફથી) અર્પણ કરવામાં આવી છે તેણે કરીને પરમકૃપાળુ શ્રી હરિગુરૂ પરમાત્મા પ્રસન્ન થાવ, અને પૂજ્ય પિતાજી શ્રી મન્માણિકય રૂપ વ્યક્તિ સહિત, વાસુદેવ, સદાશિવ, તેઓ (ત્રણે)નાં માતા પિતા ભગિની ભ્રાતા, વગેરે સર્વ વ્યક્તિ માત્રને, ભવ ભ્રમણથી મુકત કરી, અહંમમતાદિ ભ્રાંતિજન્ય અસ્તિત્વનો નિરાસ કરી પોતાનાં સત્‌ચિદાનંદ નિરામય નિર્વિકાર નિર્વિકલ્પ અસંગ શુદ્ધ અનંત

પરમશાંત સુખ સ્વરૂપમાં. અનન્યત્વ (અભેદત્વ) ને પમાડી, વક્તા–લેખક અને શ્રોતા–વાંચક સ્થાને, એટલે વિશેષે કહિયેતો, લેખક–વક્તા માણિક્ય ને સ્થાને, પ્રસિદ્ધ કર્તા આ વાસુદેવ-ભગવતલાલ અને સદાશિવ–મહેશ્વર લાલ સંજ્ઞક વ્યક્તિઓને સ્થાને, તથા શુદ્ધ પ્રેમયુક્ત શ્રદ્ધાસંપન્ન શ્રોતા અને વાંચક જનસમાજ સ્થિત સર્વ વ્યક્તિને સ્થાને, તે સ્વયંપ્રકાશ સચ્ચિદાનંદ શ્રી સદ્ગુરૂ પરમાત્મા મહેશ્વરજ (નારાયણ–મહાવિષ્ણુ સર્વાધિષ્ઠાન–વિશ્વાત્મા–દેવ ઇત્યાદિ સંજ્ઞાથી કહેવાય છે તેજ) અખંડ પ્રકાશો–શોભો. **तथास्तु.**

ॐ श्री सद्गुरवे परमात्मने नमो नम : श्री मंगलस्वरूपाय ॐ

हरिः ॐ शांतिः शांतिः शांतिः ॥

ભક્તરાજ વાસુદેવ માણિક્યલાલ. જ. ॐ

(તથા) ભક્તરાજ સદાશિવ માણિક્યલાલ. જ. ॐ



अथ मंगलम्

શિષ્ટ સંપ્રદાય પ્રમાણે, તેમજ, વેદ શાસ્ત્રાદિમાં પ્રસિધ્ધ એવી જે મર્યાદા તેનાં પરિપાલનાર્થે, વકતા (લેખક) અને શ્રોતા (વાંચક) જનોને શાંતિ અથવા પ્રસન્નતાનું ભાન કરાવવામાં નિર્વિઘ્નતા અર્પનારૂં જે સર્વાંતર્યામિ ચિદાનંદઘન પરમાત્માનું અનન્યત્વે સ્તવન અથવા ધ્યાન સ્મર્ણું છે, તે વ્યાખ્યાનના અથવા ગ્રંથના પ્રારંભ પૂર્વે અવશ્યમેવ કર્તવ્ય છે. કેમકે સમર્થ મહાપુરૂષોએ જેમાર્ગે પ્રયાણ કર્યું હોય તેજ માર્ગ શિષ્ટ પુરૂષોએ ગંતવ્ય સ્વિકાર્યો છે. શ્રીમન્ શંકરાચાર્ય ભગવાને, શ્રીમદાચાર્ય શ્રીવલ્લભાચાર્યજીએ, શ્રીમત્‌રામાનુજાચાર્યે, શ્રીમત્‌કપિલાચાર્યે, ભગવાન પતંજલિએ, અને એવાં બીજા પૂર્વ અને ઉત્તર મીમાંસાના સર્વ સદ્‌વિવેક સંપન્ન આચાર્ય વર્ગસ્થ સમર્થ પૂજ્ય પુરૂષવરોએ, તેમજ પૂર્વ મહાપુરૂષો શ્રી વસિષ્ટ, વાલ્મિક, યાજ્ઞવલ્કય, પરાશર, અગસ્ત્ય, વ્યાસ, શુકદેવ, મનુ વગેરે ત્રિકાળજ્ઞ અને યોગબળ આદિ ઐશ્વર્ય સંપન્ન શ્રોત્રિય બ્રહ્મ નિષ્ટ ઋષિ શ્રેષ્ટોએ, અને અર્વાચીન અનેક થઇ ગયલા અને વર્તમાનસ્થ વેદશાસ્ત્ર વિવેકના સાગર તુલ્ય કહી શકાય એવા પૂજ્ય પુરૂષવરોએ ઉકત પધ્ધતિનેજ અનુસરીને પોતાના અપાર શાંતિનું ભાન કરાવનાર એટલે જન્મ મર્ણાદિ કલેશોની નિવૃત્તિ પૂર્વક પરમ આનંદની પ્રાપ્તિ કરનાર અમૃતપાણીના મહા પ્રબલ વેગની વૃષ્ટિથી પૂર્ણ કરેલા, માન સરોવરો રૂપ ગ્રંથોમાં, અનેક વ્યાખ્યાનાદિમાં, વગેરે સ્થળે પરમાત્મ સ્તવન કર્યું છે. તે પરનાલિકા ઇઆ પદ્ધતિને અનુસરી લેખક (વકતા) તે ઉકત મહા પુરૂષોને પગલે પ્રયાણ કરે તેમાં આશ્ચર્યનું અથવા શંકાનું પ્રયોજન નથી. ઇષ્ટ સ્તવન છે તે, શ્રદ્ધાસહ પ્રેમથી વાંચનાર-શ્રવણ કરનાર સુજ્ઞજનોને, અને લેખક-વકતાને નિર્વિઘ્નતા પૂર્વક બળ અને શાંતિ અર્પનાર છે, તેથી આપણે તે સર્વાંતર્યામિ સદ્‌ગુરૂ પરમાત્માનું સ્તવન પૂર્વક ચિંતવન કરી, ચિત્તની ચાંચલ્યતાની નિવૃત્તિ રૂપ શાંતિ સંપાદન કરી, "વૈશ્યધર્મ નિરૂપણ" એ નામના ધારેલા વિષયનો આરંભ કરીશું ॥ हरिः ॐ ॥

॥ ॐ ॥ यस्य स्मरण मात्रेण विघ्न जातं विनश्यति ॥ श्रीम् ॥
॥ श्रीम् ॥ सच्चिदानंद रूपाय ज्ञानाय गुरवे नमः ॥ ॐ ॥
॥ ॐ ॥ यस्माज्जातं जगत्सर्वं यस्मिन्नेव विलीयते ॥
येनेदं धार्य्यते चैव तस्मै ज्ञानात्मने नमः ॥ ॐ ॥

સ્તવન માળા *

પરમ પુરૂષ સ્વામિન્, મંગલાત્મન્ કૃપાલો !
કમલનયન વિષ્ણો, શ્રીપતે હે દયાલો !
ભવભય ભ્રાંતિ દુઃખો, ટાળજો પ્રેમ લાવી,
રિપુદળને હટાવી, ખાળજો નેષ્ટ ભાવી ॥૧॥
શિવમય શાંતિ ભરજો, અંતરે સર્વ દેશે,
મનતન પૂર્ણ કરજો, સત્ ચિદાનંદ વેશે;
હું પણૂ જે જણાતું, હાલ સૂના પ્રપંચે,
ખેંચિ આકર્ષિ લેજો, રાખશો નાહિં રંચે.+ ॥૨॥ +(કિંચિત્ પણ)
હું પણૂં આપ મધ્યે, હોમ થાતાં ન બીજો,
હરિ ગુરૂ તેજ તૂં હૂં, જ્ઞાનથી આપ રીઝો;
આદિ અંતશ્ચ મધ્યે, દ્રશ્ય દેહાદિ ભ્રાંતિ,
નથિ કંઇ વાસ્તવે એ, તેજ છે પૂર્ણ શાંતિ. ॥૩॥
તેજ તું સર્વ દેશે, દેશનો વેષ ખોટો,
શેષ સર્વત્ર તૂં છે, વ્યાપ્ત, નાનો ન મોટો;
પરમ કૃપા કરીને, હે ગુરો ! શાંતિ દાતા,
હૂં પણે તૂં રહેજે, દેવ માણિક્ય ત્રાતા, ॥૪॥

तथास्तु ॥ ॐ शान्तिः शांतिः शांतिः ॥

ॐ सहना ववतु सहनौ भुनक्तु सहवीर्यं करवावहै ॥
तेजस्विनाऽवधीत मस्तु मा विद्विषा वहै ॥ ॐ शांतिः ३ (कै. उ.)

---

*આ સ્તવન માળાનો જન્મ તા. ૧૬-૧-૧૯૦૬ સં. ૧૯૬૨ પો. કૃ. ૬.

અનંત શકિત સંપન્ન સર્વાંતર્યામિ મહાવિષ્ણુ આનંદઘન અખંડ જ્ઞાન સ્વરૂપ શ્રી મહેશ્વર સદ્‌ગુરૂ પરમાત્માને (સર્વ પાપ, તાપ, અને દૈન્યની અશેષ નિવૃત્તિ થઇ, અર્થાત્ તેઓ ત્રણેનો સંપૂર્ણ–સર્વાંશે નાશ થઇને, નિર્ભયત્વ, નિર્દોષત્વ, નિર્વિકારત્વ, અસંગત્વ, અખંડ જ્ઞાનઘન આનંદમયત્વ, આદિ દૈવી સંપત્તિની પ્રાપ્તિ પૂર્વક ભ્રાંતિજન્ય મિથ્યા અહંમમત્વનો વિલય થઇ, તે આનંદ સ્વરૂપ અખંડ જ્ઞાનાત્મતત્વે સુદ્રઢ-દ્રઢતમ અહંતા સ્થપાઇ, શાશ્વતિ શાન્તિ પ્રાપ્ત્યર્થે) શ્રદ્ધા યુકત પ્રેમથી સવિનય સાષ્ટાંગ પ્રણતિ પરંપરા અર્પણ કરી કૃત કૃત્ય થાઉં છું. તેમજ, પરમેશ્વરી શ્રીમતિ ઇચ્છા શકિત મહામાયા સદ્વિદ્યા સીતારૂપ ભગવતિ માતા (લેખકનાં શરીરનાં પરમ પૂજ્ય–વંદનીય જન્મદાતા જનની–માતુશ્રી)ને, અને જ્ઞાન મૂર્તિ શ્રી નારાયણ સચ્ચિદાનંદ પરમાત્મા શ્રી રામચંદ્ર સ્વરૂપ, પરમપૂજ્ય વંદનીય પિતાશ્રી ને, તથા પૂજ્ય અને વંદનીય એવાં વૃદ્ધ માતૃભાવ સ્થિત રત્ન માતાસહ પિતામહ તુલ્ય પૂજ્ય અને વંદનીય શુદ્ધ અંતઃકરણવાળા શંકરશ્રીને, તથા સર્વ ગુરૂમૂર્તિ મહા પુરૂષો–સત્ પુરૂષો, અતિથી અભ્યાગત આદિ સાધુ પુરૂષો અને સાધ્વી સ્ત્રીઓ રૂપ દેવીઓને, તથા લેખક (વકતા) ઉપર કૃપા કરી અમૃત વાણી પ્રદાન રૂપ પ્રસાદ આપીને અને તન મન ધન વગેરેથી લેખકનું હિત ઇચ્છીને જે કૃપાળુ વ્યકિતઓરૂપ જનોએ (અર્થાત્ વૃદ્ધ, યુવક, બાલક, યોગી, સ્વામી, બ્રહ્મચારી, જ્ઞાની, તપસ્વી, ગૃહસ્થ, લેખકનાં સુપત્નિ, સુપુત્રો, સુપુત્રીઓ, જામાત્રો, પુત્રીઓ અને પુત્રોની પ્રજા, પુત્રવધુઓ, લેખકનાં શરીરનાં અને પત્નિ પુત્રો પુત્રીઓનાં સંબંધીવર્ગો, જ્ઞાતી જાતિના મનાતા–ગણાતા–કહેવાતા લૌકીક પારમાર્થિક સર્વ સુજનો અને બ્રહ્માંડાંતર્ગત–વિશ્વસ્થિત સર્વ દેવો, દેવીઓ,–શકિતઓ, ઔષધીઓ, વનસ્પતિઓ, પ્રાણી, પદાર્થો, પશુ, પક્ષી, વૃક્ષ તીર્થ, સમુદ્રો, પર્વતો ક્ષેત્રાદિ સહિત વ્યકિતમાત્ર સર્વ સુજનોએ) ન્યૂનાધિક અંશે (લેખક વ્યકિતને) શાંતિનું ભાન કરાવ્યું તથા આનંદ (સુખ–પ્રસન્નતા)નું ભાન કરાવવા પ્રયત્ન સેવ્યું (અને ભાવિમાં જેઓ તેવું પ્રયત્ન સેવશે) તે સર્વ કૃપાળુ જનોને, ષોડષોપચાર પૂજા–વંદન અને સર્વ સંપૂર્ણ સર્વોત્તમ સેવારૂપે,

આ પ્રસંગે, લેખક (માણિકય સંજ્ઞક વ્યકિત), શુદ્ધ પ્રેમયુકત નિર્મળ શ્રદ્ધાથી સાષ્ટાંગ પ્રણુતિ પરંપરા—અનેક પ્રણામ (સર્વ અપરાધ ક્ષમાપનાર્થે—સર્વદોષ પરિહારાર્થે અને સદ્‌ગુરૂ પરમાત્મા સર્વાંતર્યામિ મહેશ્વર મહાવિષ્ણુની કૃપા પ્રસાદ પ્રાપ્તિ પૂર્વક શાશ્વતિ શાન્તિ પ્રાપ્ત્યર્થે) અરપે છે; તેણે કરીને તે વરદ વાસુદેવ ભગવાન સદ્‌ગુરૂ મહેશ્વર પરમાત્મા

प्रीयताम् પ્રસન્નથાવ. तथास्तु. तत्सत् ब्रह्मार्पणमस्तु ॥ तथास्तु ॥

हरिः ॐ शांतिः शान्तिः शांतिः ॥

द्यौः शान्तिरन्तरिक्षᳫं शांतिः पृथ्वीः शांति रापः शांति रोषधयः शांतिः॥ वनस्पतयः शांतिः ॥ विश्वेदेवाः शांति ब्रह्म शांतिः सर्वᳫं शांतिः शान्तिरेव शान्तिः सा मा शान्तिरेधि ॥ (यजुर्वेद.)

ભાવાર્થઃ—સૂર્ય (ચંદ્ર અગ્નિ વિજળી સહિત), અંતરિક્ષ, પૃથ્વી, જળ, (સર્વ) ઔષધીઓ, વનસ્પતિઓ (સર્વ), સર્વદેવો (ગણેશ, શંકર, વિષ્ણુ, દેવી—ગૌરીપાર્વતી લક્ષ્મી સરસ્વતિ ગાયત્રી સાવિત્રી કાલિ અંબા વગેરે સર્વ શકિતઓ, સૂર્ય, વાયુ, વરૂણુ, ધર્મ, અગ્નાં, વગેરે દેવ સંજ્ઞાથી કહેવાતા ઐશ્વર્ય્ સંપન્ન દેવો), પરમાત્મા, અને સર્વ તરફથી શાન્તિ પ્રાપ્ત થાવ.

॥ तथास्तु ॥ हरिः ॐ शांतिः शांतिः शांतिः ॥ शान्तिरस्तु ॥

ભકતરાજ માણિકયલાલ જમનાદાસ મ્હેલારજી. मोरम्



ॐ श्री सद्गुरवे परमात्मने नमो नमः श्रीम् ओ३म्

વૈશ્ય ધર્મ નિરૂપણ.*

પ્રાચીન કાળથી ચાલ્યો આવતો વર્ણ વ્યવહાર આપણે વૃદ્ધ પરંપરાથી તેમજ વેદ શાસ્ત્રાદિથી શ્રવણ કરતા આવ્યા છીએ. બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય, અને શૂદ્ર, એ ચાર વર્ણ કહેવાય છે. એ કોણે કરી, કેવી રીતે થઇ, તે વગેરે વિશે વિસ્તાર પૂર્વક કહેવાને આ પ્રસંગ નથી. તેમ, આ વિષય, તે સર્વ વર્ણ વ્યવસ્થાનું વર્ણન કરવાના ઉદ્દેશથી આરંભ કરવામાં આવ્યો નથી; તોપણ આપણા ઇષ્ટ ભગવાન શ્રી કૃષ્ણચંદ્રનું શ્રુતિતુલ્ય વચન, ચારે વર્ણ કોણે કેવી રીતે કરી તે સ્પષ્ટ દરશાવે છે, તેજ માત્ર કહીએ તો,—**चातुर्वर्ण्यं मयासृष्टं गुणकर्म विभागशः ॥ तस्य कर्तार मपिमाम् विद्ध्य कर्तार मव्ययं ॥** એનો ભાવાર્થ એવો છે કે, ગુણ અને કર્મ પ્રમાણે ચારે વર્ણ મેં સજી છે, તેનો હું કર્તાછું તથાપિ અવ્યય એવા મને અકર્તા જાણ. કોણે કેવી રીતે વર્ણ વ્યવસ્થા કરી તે વિશે એટલુંજ કહીને, જે ઉદ્દેશ સ્વિકાર્યો છે તે ઉપર દ્રષ્ટિ કરીએ.

વૈશ્ય ધર્મ વિશે આપણે કહેવાનો ઉપક્રમ કર્તવ્ય સ્વિકાર્યો છે. તેમાં અનેક પ્રકાર-વિભાગ પડેલા આપણે જોતા આવીએ છીએ. વાણિજ્ય એટલે વ્યાપાર સંબંધી કાર્યમાં પ્રવૃત્તિ કરવાથી વાણિયા; અને મનુષ્ય માત્રનાં જીવનના હેતુભૂત જે અન્નાદિક,

---

* સં૰ ૧૯૬૨ના પો. શુદ ૧ વાર બુધ તા૰ ૨૭-૧૨-૦૫

તે કણુ વગેરે અન્ન શાક ફળ પુષ્પાદિ સુખનાં સાધન ભૂત પદાર્થોનાં બી (બીજક)નો સંગ્રહ કરીને કૃષિરૂપ ઉત્તમ જે ઉદ્યોગ, તે કરવામાં પ્રવૃત્તિ કરવાથી કણબી; એવી સંજ્ઞા અપાયલી જણાય છે; તેમાં પણ અનેક અનેક પ્રસંગ પરત્વે જુદી જુદી ટુકડીઓ અથવા શાખાઓ અથવા પ્રકારો થઈ ગયલા જોઇએ છીએ. સહુવાસી જનોએ બલ્યાવસ્થામાંથી નાખ્યા કરેલા સંસ્કારોને, વિચાર અને અધ્યાસ રૂપ જળથી પોષણ આપી, તે સંસ્કારોને પુષ્ટ કરી આપણે અભિમાનથી ઉદ્ગાર કાઢીએ છીએ કે હુમે તો દસાલાડવાણિયા, હુમે તો વિશાલાડવાણિયા, હુમે તો નાગર, મોઢ, પોરવાડ, વગેરે; તેમજ, હુમે તો લેઉઆ કણુબી; હુમે કડવા કણુબી, હુમે તો અમુક, અમુક, વગેરે. પરંતુ એવી દસાલાડ વીસાલાડ નાગર વગેરે પ્રચલીત સંજ્ઞાથી કહેવાતો જે જ્ઞાતિ વિભાગ, તે, પેલા શ્રવણ કરેલા સંસ્કારને મિથ્યા અભિમાન પૂર્વક અધ્યાસરૂપ જળ સીંચી પુષ્ટ કરી, સત્ય માની લીધો. એટલે આપણે તો દસાલાડ, આપણે તો વિસાલાડ, આપણે તો લેવા કણુબી, આપણે તો ઔદીચ સહસ્ર, નાગર, દક્ષિણી, ગુજરાતી, એમ માની–આપણી જ્ઞાતી એ છે, એમ સ્વિકારી લઇ, તેના અભિમાની થઈ રહ્યા છીએ. પરંતુ કોઇ અન્ય સજ્જન પ્રશ્ન કરે કે, દસાલાડ તે શું? દસલાડ? કે, દિશા+લાડ? કે, દસા+લાડ? દસલાડવા? ખરૂં સમજવા લાયક શું? તો, તે પ્રશ્નનો ઉત્તર આપવાને આપણી પાસે જ્ઞાન ભંડાર ન હોય તો મુઝાવું પડે છે, અર્થાત્ જાણતા ન હોઇએ તો ઉત્તર આપવાને અશકય થઇ પડીએ છીએ. ત્યારે ગમે તેમ કહીયે કે, ભાઈ કોણ જાણે; પણ મહાદેવ પાસે દસ લાડવા માગ્યા હશે તે દસા, ને ૨૦ માગ્યા હશે તે વીસા. અથવા ગમે તેમ ઠોકીને આનંદ માની લઇએ છીએ. પરંતુ ભાઈઓ,

જ્ઞાતીની વાત તો પછીની છે. પણ બ્રાહ્મણ ક્ષત્રી વૈશ્ય, એ, જે ઉપવિત સંસ્કારની અધિકારી ત્રિવર્ણ વેદ શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે, તેમાંના નાં. ૩ ના આપણે વૈશ્ય છીએ. એમ છતાં તેમાંજ આપણે શંકિત હુવા ચોથી જે શૂદ્ર વર્ણ તેનાં આચરણ સેવી કૃતકૃત્યતા માનીએ છીએ. એ શું ઓછી ગ્લાની પ્રદ વાત છે! સ્વધર્મને તો પીઠ પાછળજ ફીંકી માર્યો છે. પરધર્મને છાતીપર હૈયાનો હાર સમજી રાખી રહ્યા છીએ; અને તેમાં વળી એમ માની બેઠા છીએ કે, આપણે તો આબરૂદાર, આપણે જેવા સારા છઇએ તેવા બીજા નથી. પરંતુ ભાઇઓ, એથીજ આપણી દુર્દશા થતી ચાલી. એથીજ ઉન્નતી થતી અટકી; અરે વધુ શું કહિએ. જેવાં શૂદ્રાચરણ સેવાયાં તેવા શૂદ્રજ બની બેઠા. અફશોષ!! મોટા થયા તો ત્યારેજ વિદ્વાનો અને શિષ્ટજનો કહે છે, કે, જ્યારે આપણામાં ઘર કરીને વસી રહેલા આપણા શત્રુની સેના, જે રાગ, દ્વેશ, ઇર્ષા (અદેખાઇ), અયોગ્ય ક્રોધ, અન્યાય, અનીતિ, અયોગ્ય કામના, અયોગ્ય અને હદ વગરનો લોભ, દુઃખનું કારણ સમજયા છતાં બદ દાનત પૂર્વક કરાતો મોહ, સંભવ રહિત આશા, અને મંદબુધ્ધિજનોને પણ હાસ્ય ઉપજાવે એવી વિચિત્ર તૃષ્ણા વગેરેને, વિનયથી નમી પાણીચાં પકડાવીએ અથવા તિરસ્કાર કરી ઘરમાંથી કાઢીએ—એટલે દેશ નિકાલ કરીએ ત્યારે. જ્યાંસુધી આપણે ઈર્ષા દ્વેશ વગેરેને વશ વર્તીએ છીયે, વિચાર કરી શકતા નથી; શત્રુથી પરાભવ પામી નિર્માલ્યવત્ વિચરીએ છીએ, આપણા દેશી બંધુ, જ્ઞાતી બંધુઓ ઉપર દ્વેશથી તેને આમ છુંદીએ, આમ બાફીએ, આ રીતે ચોળીએ, એવા તુચ્છ વિચારોનેજ સેવીએ છીએ, ત્યાંસુધી આપણે મોટા નથી અને ઈનસાફ—ન્યાય કરવાને લાયક નથી, એટલે • ન્યાયાસનને

યોગ્ય નથી; છતાં ન્યાય કર્તાનું ડાળ ઘાલી પોતાની મેળેજ સારા–મોટા–આબરૂદાર–પૈસાદાર વગેરે માની લઇએ તેથી શિષ્ટ પુરૂષો તો માન્ય કરશે નહીંજ; પરંતુ વિશ્વ નિયંતા કેમ સહન કરશે? કુદરત તો સજા કરવાને નહીજ ચુકે. ત્યારે એથી શું સિદ્ધ થયું, કે, આપણે આપણાજ પગમાં કુવાડા મારીએ છીએ. તેથી લુલા થઇ ઊદ્યોગ વગરના થઇ બેસવું પડે છે, તે સાથે અસહ્ય વેદના સ્હેવી પડે છે. કહો, આનું નામ ડાહ્યા, શાણા, સારા કે?!! માટે સ્વધર્મ પરાયણ થવામાંજ મહત્તા રહેલી છે એ સ્પષ્ટ સમજાવવા મહારાજ શ્રી કૃષ્ણે કહ્યું છે કે,

स्वधर्मे निधनंश्रेयः परधर्मो भयावहः

પોતાના ધર્મે રહેવામાંજ કલ્યાણ–સુખ–શાંતિ છે. અને પારકો ધર્મ તો ભયનેજ આપનાર છે. દ્વેશ વગેરે જે નીચ છે તેની સંગતી અને મિત્રતા તો તેવી નીચ પદ્વિએજ લાવી મુકે. શુદ્ર અને અતિ શૂદ્રનાં આચરણ સેવવાં એટલે શૂદ્રનો–પારકો ધર્મ પાળવો અને વૈશ્ય કે બ્રાહ્મણમાં ગણાવા જવું તે કેમ ફાવે? આપણે વૈશ્ય છીએ અથવા બ્રાહ્મણ છીએ એમ જો આપણે જાણતા કે માનતાજ હોઇએ તો, વૈશ્ય કે બ્રાહ્મણના ધર્મનુંજ સેવન કરવું ઉચિત છે. ચારે વર્ણના પોતપોતાના સ્વધર્મ શું છે તે જાણવાને વેદની શ્રુતિ પ્રમાણ છે. તેનેજ અનુસરીને ભગવદ્ વચન છે કે,—

शमो दम स्तपः शौच्चं क्षांति रार्जवमेवच

ज्ञानं विज्ञान मास्तिक्यं ब्रह्मकर्म स्वभावजं ॥ १ ॥

शौर्यं तेजो धृतिर्दाक्ष्यं युद्धेचाप्य पलायनं

दानमीश्वर भावश्च क्षात्रंकर्म स्वभावजं ॥ २ ॥

कृषि गोरक्ष्य वाणिज्यं वैश्य कर्म स्वभावजं

परिचर्यात्मकं कर्म शूद्र स्यापि स्वभावजं ॥ ३ ॥

અર્થાત્-શમ દમ તપ શૌચ ક્ષાંતિ આર્જવ (સરળતા) જ્ઞાન વિજ્ઞાન આસ્તિકપણું, એ બ્રાહ્મણનાં સ્વભાવ સિદ્ધ કર્મ છે. શૌર્ય, તેજ, ધૃતિ (ધૈર્ય), દક્ષપણું, યુદ્ધમાં નાહાસી નહીં જવું તે, દાન, ઇશ્વરભાવ, એક્ષત્રિયનાં સ્વભાવ સિધ્ધ કર્મ છે.

કૃષિ (ખેતિ), ગોરક્ષા, વ્યાપાર, એ વૈશ્યના સ્વાભાવિક કર્મ છે. અને ત્રણે વર્ણની સેવા કરવી, એ શૂદ્રનાં સ્વાભાવિક કર્મ છે. એ બધાંનું સ્પષ્ટીકરણ કરવાનો આ વિષય નથી. આતો "વૈશ્ય ધર્મ" એવો વિષય આપણે આરંભ્યો છે. અને ઉપર કહી ગયા તે પ્રમાણે નાં ૩ જા ની જે વૈશ્ય વર્ણ, તેના આપણે અધિકારી છીએ, એમ માની લીધું છે, તો તદ્વત્ વર્તન, આચર્ણ, કર્મ, આદિ કરવાંજ જોઇએ એમાં હવે પ્રશ્નજ રહેતો નથી; તો, તે કૃષિ વાણિજ્યાદિ કેવી ન્યાય બુદ્ધિ પૂર્વક કેવા નિયમાદિથી કરવાં તે વિશે કહેવાની જરૂર છે.

સુજ્ઞ મહર્જનો ! જ્ઞાનનો ભંડાર અમુક પાસેજ પૂર્ણ ભરેલો છે, અને આપણી પાસે નથી; એવું તો ભુલે ચુકે પણ કદી કોઇ સમજશોજ નહીં. જ્ઞાનનો નિધિ સર્વની પાસે પૂર્ણ અખૂટ ભરેલોજ છે, તેમાંથી ચાહે તેટલું ખરચો,-ફાવે તેટલું લુટાવો, ખોબેખોબા, ટોપલેટોપલા, કે, ગાડેગાડાં ભરી ભરીને આપ્યા કરો, પણ તેમાં લેશ-કિંચિત્ પણ ખૂટકો પડવાનો નથી; પરંતુ ઓર જાદે વૃધ્ધિંગત થતો જશે. એવી ઉલટી ખૂબી રહેલી છે.

પરંતુ તે નિધિ, પાસે છતાં, અજ્ઞાનનાં આવર્ણ રૂપ કમાડ એવાં મજબુત. દેવાયલાં છે, કે, અને તેને અહું મમત્વરૂપ એવું ભારે નરાજીડિ તાળું દેવાયું છે કે, તે ઉઘાડવાને આપણે પ્રમાદાલસ્યથી પ્રવૃત્તિજ કરતા નથી; કેમકે તેમાં મેહેનત રહેલી છે. (મેહેનત કરે તે શું શેઠ હોતા હશે.!!) જ્યાં વગર મેહેનતે બીરંજ પુરી અને શેરેશેર ઘીના શાકરના લાડુ ખાવાના મળે ત્યાં કોણુ એવો ગાંડો હોય કે તે સુખ સ્વાદ છોડીને સુકો રોટલો કરડવાની ઇચ્છા રાખે!! પરંતુ ભાઇઓ, તે બીરંજ લાડુ સ્વાદિષ્ટ ભલે હોય, પણુ વિષ મિશ્રિત છે, અને તે બીરંજ લાડુ કયા છે તે વિષે કહીએ તો તે નીચે પ્રમાણે છે.

શેઠ બની ગાદી તકીયે વિરાજ્યા છે. સામે વેશ્યા નૃત્ય કરી રહી છે. તેનું ગાયન અને હાવભાવ એવું મનોહર ચિત્તાકર્ષક છે કે, તે કાને શ્રવણુ કરતાં, તાલ, શુર અને કંઠના સ્વરથી +ગુલતાન તો પોતે બની રહ્યા છે. તે ઉપર બીજી લપડાક. શી? મુખનાસિકાનું સૌંદર્ય સાથે નેત્રની મોહક પલકોથી ગુલતાન પર ગુલતાન થયાનું બીજું પડ ચડયું છે. તે ઉપર ત્રીજી લપડાક. શી? સુંદર ખુશબોદાર પુષ્પોનો હાર કલગી હાથમાં લઇ તે કાંચનીને આપવાનો લ્હાવો; હસ્તે હસ્તનો સ્પર્શ; એજ રીતે પ્રિયારૂપે વૃત્તિમાં છબી પાડનારી તે વેશ્યા પોતે પ્રેમથી માન પૂર્વક તે શેઠના કંઠમાં હારનું આરોપણુ કરે, કલગો આપે, હસ્તે હસ્ત સ્પર્શદાન કરે. એ શું થોડો આનંદ!! વાહ! પણુ એ ગુલતાનનું ત્રીજું પડ. હવે બેભાન થઇ પોતાનું શેઠપણુ ખોવાનું કેટલે દૂર? છેક નજીક. તે ઉપર ચોથી લપડાક કઇ? ગાયન કરતાં જરા વિશ્રામ લેવાને નિમિત્તે શાંત પડી કંઠ સુ-

+ પ્રથમ લપડાક રૂપ મોહગ્રસ્ત સ્થિતીવાળા.

ધારવા સારૂ એલચી શર્કરાવાળું ઉકળતું દુધ પીવા ઇચ્છા બતાવી અંતઃપુરમાં પ્રવેશ કીધો કે, શેઠ પોતે પાછળ ગયા. દુધના પ્યાલાં લાવી સુંદર સુખ શૈયા પાસેની ટેબલપર મુકયા. બરફી, પેંડા, દ્રાક્ષ નારંગી દાડમ વગેરે સ્વાદિષ્ટ મેવા મીઠાઇ વગેરેની રકાબી મુકી છે. બેહુ તેનો લાભ લેછે. તે સ્વાદ લેતાં ગુલતાન! ચોથું મંગળ કહો કે ચોથું પડ ચડયું કહો. તે સ્વાદ રસની સમાપ્તિ માની લઇ, વિહ્વળતા પ્રકટે છે કે, તે ઉપર મોટી શીળા જેવું ગુલતાનનું પાંચમું પડ તે સ્પર્શ વિષયનું પાંચમું પડ આવી પડતાં તો ચકચૂર!! કોણ વેશ્ય અને કોણ શેઠ તે ભાનજ ગયું. એજ મોક્ષ. એજ પરમેશ્વર ભાવ. ધન્ય, ધન્ય!!

આવી રીતે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, એવા પાંચે વિષયો ના ભોગમાં પડતી મઝા જોઇ તેના મોહમાં ફસાતા જાય છે. વિષ મિશ્રિત લાડુ બીરંજ વગેરેમાં સ્વાદ જોઇ, જેમ જેમ વધારે ખાતો જાય તેમ, વિષની જે કેફ તે, તે શુરવીર બહાદુરનો પરાભવ કરતી જાય; તેને ગુલતાનપર ગુલતાન કરી નાખે; પ્રમાદી ભંગડ કરી નાખે; અને ફેરવટે વધારે ખાય તો પ્રાણ પણ હરી લે છે એ રીતે ઉકત વિષયોની મઝાતો પડે છે, પણ તે [વિષથી થાય તેવાં હાનીપ્રદ પરિણામ યુકત હોવાથી] કેવી બુરી દશા (દુર્દશા) કરી નાખે છે, તે સજ્જનોને એથી વિશેષ કહેવાનું પ્રયોજન નથી, કેમકે, સુસ્પષ્ટ છે.

સુજ્ઞ બંધુઓ! એ બધા વિષયો ભલે ભોગવે; પરંતુ તે ઉપરની આસક્તિ અથવા મોહ જ્યાંસુધી છોડે નહીં ત્યાંસુધી આપણામાં તે જ્ઞાનનિધિ (ભંડાર) છે એવું ભાન પણ શી રીતે થાય! કેફ ઉતરે તો ભાન થાય; ને ભાન થાય તો તાળું જણાય; તાળું જણાય તો કુંચી શોધવા વૃત્તિ થાય; પણ ઓ દિન કબ!!?

કુંચી મળે તો પણ તેનાથી તાળું ઉઘાડવાની મેહેનત, તાળાંને નકુચામાંથો કાઢી નાખવાની તસ્દી, પછી બારણું કુંજે કે સજ્જડ દેવાયલાં તેને જોર કરી–પુરૂશાર્થ કરી (સંયમ સદ્વિચાર રૂપ) બળ મેળવી ઉઘાડવાની મેહેનત કરે ત્યારે અપાર અખુટ ભંડાર નજરે પડે, ત્યારે આનંદના મહા સમુદ્રમાં ઝાકમઝોળા કરવા વૃત્તિ ઉભરાય. પરંતુ શેઠ સાહેબ શું એવી મહેનત કરતા હશે કે?! તેતો, એવી કડાકુટ અથવા ભકતાઇ અને ગનાનગ-દબડ આપણે નહી પાલવે એમ કહેતા હુવા, અને ખોટાં નંગ અને કાચરૂપ વિદ્યાના ભારથી ડબાઇ ગયલા હાલના નવા જ-માનાના વિદ્વાનનું મિથ્યા અભિમાન ધરનારા તે ભારેખમ પુરૂષો તો “ ઑલ હમ્બગ ” એવી લવારી કરતા કંટકવન તર-ફ્જ જોસથી પગલાં ભરશે.

ભલે. એ કુંચી, તાળું, આવર્ણ વગેરે વિશે આ સમયે વિવેચન કરવા જતાં, આરંભેલો વિષય એક બાજુએ રહી જતાં બીજી શાખાએ પ્રવાસમાં ચાલ્યા ગયા કહેવાઇએ; તેમજ, પ્રથમારંભ હોવાથી વિશેષ આહાર અયોગ્ય ગણાય. વળી શાસ્ત્રો માં શિષ્ટો કહે છે કે अल्पारंभा क्षेमकरा તેને અનુસરીને એ વિશે એટલુંજ કહી આપણા પૂર્વ વિષય પર આવીએ. અર્થાત્, આપણા વાણિજ્ય વગેરે જે ધર્મ છે, તે વિશે અનુસંધાન કરીએ.

આ રીતે કહેવાથી ભાઇઓનાં મનમાં એવા પણ તુરંગો ઉઠતા હશે કે, આ બધું ટાહેલું કર્યા કરે છે, પણ પેલા દસાલાડ વીસાલાડ એ વગેરે શબ્દનું વ્યાખ્યાનતો પડતુંજ મુકી દીધું, તે હવે કરી નાખોની. તે કેમ પાછળ નાખી દીધું? પણ ભાઇઓ, મૂળ અને થડ જાણ્યા શિવાય શાખાનું જ્ઞાન નિરર્થક તો છેજ, પણ તે સાથે આપણને એવું ઉપરચોટીઉં જ્ઞાન ભ્રાંતિ ઉપજા

વીને એટલે ભમાવીને અધઃપતન કરાવે છે, તે, મ્હારા બંધુ વર્ગને નહી થવા પામે એવા હેતુથી યોગ્યક્રમને પકડીને મૂળ અને થડનું જ્ઞાન થવા સારૂ તે વિશે મારે ઉપલું વર્ણન કરવું જરૂર થયું છે. અધિરાઇથી અથવા આકળા થઇ જઇને અપકવ અન્ન ખાવાથી ઉદરના વ્યાધિ ખડા થઈ કલેશ આપે છે તેમ, તેવા કલેશ નહીં થવા દેવામાંજ તાત્પર્ય છે.

વગર મેહેનતે વડાં થતાં અને ખવાતાં હોયતો તેલ, પેણી અડદ મીઠું શર્પણુ વગેરેની કોઈને જરૂર ન રહે અને અપકવ (કાચાંજ) ખવાતાં હોય તો તેલ કોઇ વધારે બળવા નહીં દે, કે કાષ્ટ વધારે બાળેજ નહીં. પણ તે તો આપ સર્વ જાણોછો કે, કાચું હોય તો પેટમાં દુખે; અને તેથીજ કાચું જણાય તો તરત ત્યાગ કરો છો. તેમજ આ વિષયમાં પણ ઉકત રીતે કરા યલો પ્રારંભ યોગ્યજ અને સફળ છે એમ સ્પષ્ટ પ્રતીત થશે.

ત્યારે હવે આપણો સ્વધર્મ જે કૃષિ, ગોરાક્ષા તથા વાણિજય છે તેનુ યથામતિ અનુક્રમે સ્પષ્ટિકરણ કરતા આગળ ચાલીશું. કારણ કે બ્રાહ્મણ ક્ષત્રી આદિના સ્વધર્મ વિશે વ્યાખ્યાન કરવાનો અત્ર આ પ્રસંગે ઉદ્દેશ નથી. માત્ર વૈશ્યધર્મ વિષે ઉપક્રમ છે. તે વૈશ્યના ધર્મ આપણે ઉપર કહી આવ્યા કે—

कृषि गोरक्ष्य वाणिज्यं वैश्य कर्म स्वभावजं ॥

એટલે કૃષિ અર્થાત્ ખેતી, ગઉરક્ષા, અને વ્યાપાર. એ ત્રણ ફકત વૈશ્યના ધર્મ શ્રી વેદ ભગવાને, શાસ્ત્રકાર મહર્ષિઓએ, તેમજ આપણા સર્વના ઇષ્ટ અને પરમપૂજય શ્રી કૃષ્ણ વાસુદેવ ભગવાને, કહ્યા છે. પરંતુ ભાઈઓ ! હરખાઇ કે કુલાઇ જવાનું નથી. "એમાં શું, એતો કરીએજ છીએ, તેમાં આપણે હવે

કાંઇ વધારે કરવાનું કે સમજવાનું નથી." એવા તરંગોના ઉછાળા મારી પ્રમાદને વશવર્તી થશો નહીં. એ ત્રણમાં તો સઘળું કર્તવ્ય કહી દીધું છે. કેવળ મૂઢ દશાથી માંડીને મુકતત્વની સ્થિતિ પ્રાપ્ત થતાં સુધીનાં સર્વોત્કૃષ્ટ સાધનો, આપણા ઉપર કૃપા કરી, આપણને સ્વાધીન દીધાં છે. અન્નકૂટની શ્રેષ્ટ સામગ્રી આપણને શ્રીમત્ આચાર્ય ભગવાને કૃપા કરી પીરસી આપણને આજ્ઞા કરી કે, સુખેથી જમો. પરંતુ જમવાનો શ્રમ પણ આપણે નહીં લઇએ, હાથ પણ ઉંચકીએ કે હલાવીએ નહીં, મુખમાં ગ્રાસ મુકીએ નહીં, ચર્વણ ન કરીએ (ચાવીએ નહીં), તો શું આચાર્ય શ્રી તમારા વતી હાથ હલાવી ગ્રાસ લઇ મુખમાં મુકી પોતે ચાવશે? ભલે, અપાર કૃપાથી કદાપિ પોતે ચાવી કરીને તમારા મુખમાં મુકશે, પણ ગળે ઉતારવાનું તે કાંઇ તેમનું કર્તવ્ય છે? તે તો તમે ઉતારશો ત્યારેજ સ્વાદનું સુખ લેશો અને ક્ષુધા નિવૃત્તિથી તૃપ્તિના શાંતિ અનુભવશો. પડોશી ભોજન કરશે તેથી તમો ધરાશો એમ કહેવું એજ અક્કલની બહારની વાત છે; તો પછી આચાર્યશ્રીની સેવા કરી તેમને પ્રસન્ન કરી તેમની આજ્ઞાનુસાર તે ત્રણ ધર્મ આપણે બરાબર સમજી તેનું સેવન કરીએ તો તેના સુખદ સ્વાદનો લાભ લઇ શકીએ અને જન્મ મર્ણ વગેરેના મહા કલેશની નિવૃત્તિ રૂપ મહદાનંદ એટલે પરમશાંતિનો અનુભવ કરી શકીએ. અરે, બંધુઓ, એ ત્રણ ધર્મમાંથી એક કૃષિનુંજ અથવા ગોરક્ષાનુંજ અથવા વાણિજ્યનુંજ, ગમે તે એકનુંજ સેવન કરીએ, એટલે એકજ ધર્મ બરાબર સેવીએ—પાળીએ તો પણ, આપણા શમર્થ સદ્‌ગુરૂ શ્રી કૃષ્ણ પરમાત્મા પોતના હૃદયનો હાર કરી છાતી ઉપર રાખેજ, એ તો લોક દેખાઇતું છે, પણ તેને તો હૃદયની ભી-

તર પોતાનાં સર્વત્ર વ્યાપક સ્વરૂપમાં ભેળી લઈ પોતા રૂપેજ કરી લઈ, ગુપ્ત સ્વરૂપેજ રાખી રહે છે.

અહો! શું સ્વધર્મ પરાયણ ભકતજન ઉપર કૃપા! શું સ્વધર્મ પાલનનું મહાત્મ્ય! માત્ર એકજ ધર્મનું નિર્મળ પ્રેમપૂર્વક શ્રધ્ધાથી સેવન કરનાર આવા અંતિમ જેવા મ્હોટા અધિકારને પ્રાપ્ત થાય છે, તો ત્રણે ધર્મ સેવનાર કેવો અને કેટલો ઉચ્ચતમ અધિકાર ભોગવે, તે ત્રૈરાશીના હીસાબ જાણનાર વિદ્યાર્થીઓને, વિદ્વાન માસ્તર સાહેબોને, અને બદામ દોકડાના સૂક્ષ્મ હીસાબ જાણનાર શ્રીમાન્ શ્રેષ્ટ સાહેબોને શિખવવું કે કહેવું પડે તેમ નથી.

ત્યારે એ ત્રણ ધર્મમાં પ્રથમ કૃષિ અર્થાત્ ખેતી છે; તે વિશે તેના વ્યાવહારિક પારમાર્થિક ભેદો સહિત તેનાં રહસ્યનું જ્ઞાન થવા વિવેચન કરી, પછી બીજા અને પછી ત્રીજા ધર્મ વિશે અનુક્રમે કહેવું યોગ્ય જણાય છે, તે પ્રમાણે કૃષિ વિશે શ્રી સર્વાંતર્યામિ સદ્ગુરૂ પરમાત્માની, બુદ્ધિ વૃત્તિમાં અર્પાયલી, સત્તા સ્ફુર્તિ પ્રમાણે જે પ્રકારનો [વૃત્તિમાં] વેગ પ્રકાશે તે વેગનું વાણી દ્વારા બહિર પ્રદેશે પ્રકટ થવું એજ જન્મ અથવા ચિત્ર. તે વક્તાની વાણી દ્વારા આકૃતિમાં મુકાય તે ઉપર સર્વ સુજ્ઞભાઈઓ, શ્રધ્ધાને જો ઘરમાંથી નસાડી કે કાડી મુકી હોય તો, તેને વીનવી લાવો પાછી પોતાની હૃદય ગુહા રૂપ ઘરમાં ગોંધી, તે શ્રધ્ધા સાથે પ્રેમને ભેળો રાખી પછી નિશ્ચિંત રહી, લક્ષ આપશે, એમ સમજી લેખક–વકતા તે કૃષિ રૂપ પ્રથમ વૈશ્ય ધર્મ વિશે કહે છે. "ખેતી." એ તો એક સાધારણ શબ્દ છે, એટલે એતો સર્વને (ઘણું કરીને) જાણવામાં હોવાનો સંભવ છે. કેટલાક હમારા બં-

ધુઓ. અધીરાપણાથી અથવા વિચારની ચકળા જેમણે જોઈ નથી, અનુભવી નથી, કે જાણ્યા નથી એવા, કળાઇને એમ પણ કહેતા કે મનમાં ધારતા હશે કે, ખેતી એમાં આટલું બધું ભારે ભારે કહીને કેટલું વજન વધારે છે. પરંતુ હે ભાઇઓ, જેટલું ભારે ભારે કહેવાયું માનતા હો, તેનાથી પણ હજારો ગણું ભારે વજન કહેતેતો ઓછું હતું એમ, ખેતીનું રહસ્ય સમજાયા પછી તમારાજ મનમાં સ્ફુરશે.

"ખેતી કરવી" એટલું બોલી દે તો બહુજ સેહેલું છે, પણ કરવું કેટલું ભારે-કઠણ છે, તે બિચારા ખેડુતનેજ ખબર છે. જે ખેતી કરી જાણતા નથી તેને ખેતી કરવામાં પડતાં સુખ દુઃખની શી ખબર! વાંઝણી સ્ત્રીને પ્રસૂતિનીવેદનાનો અનુભવ ક્યાંથી હોય? નહીંજ. તો પછી તે (વંઝા) એમ કહે કે-"એમાં શુ" તો તેમાં કંઈ આશ્ચર્ય નથી. વીતે તેજ જાણે; ખાય તે ધરાય; (જીવતા) મુવા તેનેજ મોજ. એ શિષ્ટવચનો સપ્રેમ માન્યછે.

ખેતી કરવામાં પ્રથમ તો જમીન જોઇએ. તે જમીન મળી, તો તે નબળી હોય તો તેમાંથી કાંકરા વગેરે કાડી નંખાવી, તેમજ અગ્નિ લગડાવી બળાવી નંખાવી શુધ્ધ કરવાની જરૂર છે. પછી તેને ખેડવી જોઇએ. તેને માટે બળદો જોઇએ, હળ જોઇએ. નોકર ચાકરો જોઇએ, અથવા જાતનું બળ જોઇએ. ખેડાઇ રહ્યા પછી બીજકોનો સંગ્રહ કરેલો ન હોય તો કરવો જોઇએ. અને તે બીજકોને તે જમીનમાં નાખવાં જોઇએ. પછી વૃષ્ટિની રાહા જોવી. સમયાનુસાર વૃષ્ટિ થાય તે જળ અને પૃથ્વીના સંયોગથી વિશ્વનિયામકના નિયમાનુસાર વાવેલાં બીજકો અંકુર કાઢે છે, તેનું બકરાં ચલીઆં વગેરેથી રક્ષણ કરવાની સાવધાની રાખવી. અંકુર મોટા થયા પછી તે ક્ષેત્રમાં જે કાંઇ તે તુલ ભેળું વચ્ચે

વચ્ચે ઘાસ કચરૂં વગેરે નકામા છોડ વગેરે ઉગી નીકળ્યા હોય તે કાઢી નાખવા જોઈએ, અર્થાત્ નીંદવું જોઈએ. તે નીંદવાનું કામ થયાથી બીજકો સ્વતંત્રપણે પુખ્તપણે આવી, યોગ્યતા પ્રમાણે ફળવાળાં થાય છે; એટલે જુવાર હોય તો જુવારનાં કણસલાં દાણાથી ભરાઈ પુષ્ટ થાય છે. બાજરી ઘઉં ચોખા વગેરે જે હોય તેના કણ ભરાય છે. * પછી અનુકુળ સમયે ખેડુત તે બધું વહાવો લાવી દાણા જુદા પાડી ઢગલા મારે છે. અને કડબ વગેરે ક્ષેત્રમાં રહેલું હોય તે બળદ ગાય ઢોર વગેરેને માટે ઉપયોગમાં લે છે. જે અન્ન પાકયું અને સંગ્રહ કીધો તેથી પોતાનો નિર્વાહ કરે છે, અને વધારો વેચી દ્રવ્ય સંપાદન કરી નાના વસ્તુ [સુખનાં સાધન] મેળવી તેનાથી પ્રસન્ન થાય છે.

ક્ષેત્ર સુધારવાને જેમ વધારે મેહેનત, બીજકો જેમ વધારે સારાં, તેમ લાભ તે પ્રમાણમાં થાય છે, એટલે તત્તત્ પ્રમાણમાં ન્યૂનાધિક પાક ઉતરે છે. ક્ષેત્ર સારૂં હોય, બીજકો સારાં હોય, છતાં જો આળસ પ્રમાદ વશ ખેડુત રહે, તો લાભ પણ તેજ હિસાબે થવો સંભવે છે.

ખેતી કરનારને ત્યાં શેરડી જુવાર વગેરે થાય છે તે પરિપકવ થયેથી ગોળ કરતી વખતે કોહોલુમાં તેમજ પોંક પાડવાના પ્રસંગે અથવા હરકોઇ એવી અનુકુળતા જોઇ, અતિથિ વગેરે જે જે મનુષ્યો આવે છે તેને તે તે પદાર્થો—ગોળ, રસ, પોંક, અન્ન, ફળ, ફુલ, વગેરે, આપી ખેડુતને કૃત કૃત્ય થવાનો મહત્ લાભ મળે છે. અર્થાત્ વ્યવહારમાં તેને તે આપેલાંની શરમ પડવાથી

* તે સાચવવાને ક્ષેત્રમાં મુકામ રાખી રહેવું પડે છે. ચલીઆં વગેરે ખાઈ ન જાય તેને માટે અનેક યુક્તિઓ [ઉડાવી મુકવા] કરવી પડે છે.

લેનદેન, માનપાન, વગેરેમાં સહાય મળે છે. રાજ્યાધિકારીઓમાં સન્માન પામે છે, અને ધારેલાં કાર્ય સિદ્ધ થવામાં અમુક અંશે તે વિજય મેળવે છે. તેમ પરમાર્થમાં જોઇએ તો,—જો નિષ્કામ-પણે આગત અતિથિ વગેરેનો સત્કાર કરતો હોય તો, તે પુણ્ય પ્રભાવથી વ્યવહારમાં ઉત્તરોત્તર વધારે લાભ (પાકની વૃધ્ધિ) જુવે છે, એટલુંજ નહિં પણ, સ્વર્ગાદિ લોકની પ્રાપ્તિનો પણ અધિકારી થઈ શકે છે; અથવા શુધ્ધ નિષ્કામતાથી અંતઃકર્ણની શુદ્ધિ રૂપ ઉત્કૃષ્ટ લાભ મળે છે, તો તેથી છેવટે બ્રહ્માત્મૈક્ય જ્ઞાનનો અધિકારી થાય છે.

શું કૃષિ (ખેતી)નું મહાત્મ્ય! ઉભય પ્રકારે સુખની હેતુ ખેતી છે. પરંતુ ક્યારે? ક્ષેત્ર સુધારવા મહા શ્રમ લેવો પડે છે ત્યારથી અન્ન સંગ્રહ થતાં સુધીમાં ક્ષેત્રમાં ટાઢ તડકા સહી મુકામ નાખી પક્ષી ઉડાવવા વગેરેનાં તમામ દુઃખો વેઠી પરવારે ત્યારે.

આતો વ્યાવહારિક ખેતી વિશે ટૂંકમાં કહેવાયું; પણ પાર-માર્થિકરીતે એમાં શું રહસ્ય છે તે જાણવાનીજ ખાસ જરૂર છે, કેમકે, આવી રીતે ખેતી કરી એટલે સ્વધર્મ સિધ્ધ કીધો એમ સમજવાનું નથી. એતો વ્યવહારમાં માત્ર ઉદર નિર્વાહનું સાધન બહિર દ્રષ્ટિથી દર્શાવ્યું છે. પરંતુ સ્વધર્મ સિધ્ધ કરવાથી પરમાર્થ રૂપ ઉચ્ચ સુખની પ્રાપ્તિ થાય છે, તે શું આમ ખેતી ખેડી એટલે પરમેશ્વર પ્રસન્ન થયા? ના. વાસ્તવે જે રીતે કૃષિ થવી જોઇએ તે રીતે કરવાથી સ્વધર્મ સેવ્યો કહેવાય છે. તે કેવી રીતે? તેહવે કહેવાય છેઃ—

આપણે ઊપર કહી આવ્યા કે ખેતી કરનારે પ્રથમ તો સારી જમીન મેળવવી જોઇએ; અથવા જેટલા અંશે નબળી

જમીન મળી હોય તેટલાં પ્રમાણમાં તેને શ્રેષ્ટની પંક્તિમાં લાવવા, નબળા અંશોને કાઢી નાખવા એટલે ક્ષેત્ર સુધારવા પ્રયત્ન કરવું જોઇએ. ભાઇ! ઉત્તમ ભૂમિરૂપ ક્ષેત્ર તો આ મનુષ્ય શરીર સર્વ શિષ્ટ જનોએ, શાસ્ત્રકારોએ કહ્યું છે, તેવુંજ આપણે પણ સમજતા હોવા જોઇએ, કે, સર્વ ક્ષેત્ર રૂપ શરીરોમાં આ મનુષ્યદેહ રૂપ ક્ષેત્ર ઊત્તમ છે. તે સેહેજમાં મળ્યું નથી પણ

महता पुण्य पण्येन क्रियते कायनौ स्त्वया ॥

पारं दु:खो दधेर्गंतुं तर यावन्न भिद्यते ॥

એ રીતે બહુ બહુ પુણ્યરૂપ પૈસા ખરચીને એ કાયારૂપ હોડી ભાડે લાવ્યા છીએ, તો જ્યાં સુધી એ આખી છે, ભાંગી તુટી નથી, ત્યાં સુધીમાં દુઃખથી ભરેલા આ સંસાર સમુદ્રને પાર જવાને, તરીલે–તજવીજ કર્યો જા.

તાત્પર્ય કે સમુદ્ર તરવાને કાયાને નૌકાનું રૂપ આપ્યું છે. અને અત્રે કૃષિ કરવાના પ્રસંગે આપણે ક્ષેત્ર કહ્યું છે. તે શ્રી કૃષ્ણ માહારાજનોજ ઉપદેશ છે કે—.

इदं शरीरं कौंतेय क्षेत्र मित्यभिधीयते. અને क्षेत्रज्ञं चापिमांविद्धि सर्व क्षेत्रेषु भारत (સર્વ શરીરરૂપ ક્ષેત્રોને વિશે મને ક્ષેત્રજ્ઞ જાણ) પણ હાલ એ વિશેનો વિષય કાંઇ ચર્ચવાનો નથી, એટલે ક્ષેત્ર સંબંધમાંજ કહીએ છીયે. તો આ શરીરને શ્રી કૃષ્ણે પણ ક્ષેત્ર રૂપ કહ્યું છે. અને એ ઉત્તમ ક્ષેત્ર છતાં રાજસ તામસ દ્રવ્યથી યુક્ત હોય તો તેટલા નબળા અંશોને કાઢી નાખવા સારૂ સાત્વિક પરમાણુનો સંગ્રહ કરવો, અર્થાત ક્ષેત્ર શુધ્ધિ કરવી, એટલે ખેતરને સુધારવું. એટલું કહ્યું એટલે ક્ષેત્ર શુધ્ધિ થઇ ગઇ એમ

નથી. પરંતુ ભાઇઓ ! *हरि परिचरणं वृषानुबद्धं क्षेत्र विशुद्धये ક્ષેત્રને શુધ્ધ કરવાને પ્રથમ ખેડવું જોઇએ. તે હલથી ખેડાય છે. તે હળને બળદ જોડે છે, તે સર્કલમાં ચારે બાજુએ ફરે છે, ત્યારે શુધ્ધ થાય છે. તે પ્રસંગે પથરા વગેરે માલમ પડે તે દુર કાડી નાખી પછી ખેડુત બી વાવે છે. તે વાવીને પછી घनसुभग महोदया ઉત્તમ મેઘ વૃષ્ટિની રાહા જુવે છે. પછી પોતાનો મહોદય કરનાર अमृतार्द्रे તે ઉદકથી (વૃષ્ટિથી) ક્ષેત્ર લીલું થાય છે. કેમકે પ્રેમથી જો ક્ષેત્રને ખેડવામાં આવે તો ઇશ્વરાનુગ્રહ રૂપ કૃપા વૃષ્ટિ એનો મેળેજ થાય છે. તેનાથી ક્ષેત્ર લીલું થાય છે. તેમ,—સ્થુલ અને સૂક્ષ્મ શરીર ક્ષેત્રને ખેડે, એટલે જ્ઞાનેંદ્રિય કર્મેદ્રિય મનબુધ્ધિ આદિને શુધ્ધ કરે, અર્થાત તે માહેલા રાજસ તામસ પરમાણુને ઉંચકી કાઢી વિકારરૂપ પથરા ફેંકી દઈ, શ્રધ્ધા અને પ્રેમથી મેઘની રાહ જોય, અને ઇશ્વર કૃપા રૂપ મેઘ થાય, કે બીજ વાવે; તેની માવઝત-રક્ષણુ થતાં અંકુર કાડી વૃક્ષ થઇ ફળ આપે છે. તેમ, એ શરીર ક્ષેત્રની શુદ્ધિ કર્યાને વૃષ્ટિ (ઈશ્વરાનુગ્રહ) થયે, અથવા સત્સમાગમ કરતાં સદ્‌ગુરૂનાં વચનામૃત રૂપ વૃષ્ટિ થયે, જ્ઞાનરૂપ બીજ તે અંતરભૂમ=બુધ્ધિમાં નાખે અને પછી તેને યમ, નિયમ, આસન, ધારણા ધ્યાન વગેરેથી અથવા સંયમાદિથી રક્ષે-સાચવે અને ફળ ઉપર દ્રષ્ટિ રાખે તો, प्रभवति सत्पहीतं स्व लब्धि बीजं સત્પુરૂષો એ ઉપદેશ કરેલું સ્વ સ્વરૂપની પ્રાપ્તિરૂપ બીજ, અંકુર કાઢી ખીલી નીકળે છે. અન્ન થાય છે. તેનાથી દ્રવ્ય લાભ થાય છે. કેમકે દ્રવ્યના લાભનું બીજ (કારણુ) તે અન્ન છે. તેમ, वृष=બળદ તે ધર્મ. સ્વધર્માચરણુ સહિત શ્રી હરિનું સ્મર્ણુ વંદન કરવું. શું કરવાને ? ક્ષેત્રની

---

* ल र योः सावर्ण्यात् हरि—हलि.

શુધ્ધિ સારૂ. એકલા હળથી કે એકલા બળદથી ક્ષેત્ર સુધરતું નથી તેમ ધર્માચરણ કરે અને શ્રી હરિનું ભજન વંદન નહીં કરે તો શરીર ક્ષેત્રની શુદ્ધિ થતી નથી. માટે જેમ હળ અને બળદ બે હોય તોજ કાર્ય થાય છે તેમ, સ્વધર્માચરણ અને ભગવદ્ ભજન બે હોય તોજ શરીર ક્ષેત્રની શુદ્ધિ થાય છે.

ક્ષેત્રની શુધ્ધિ થયેથી ઘન સમકાંતિ છે જેની–એવા સુમહ મહા=પરમાત્માની દયા કૃપારૂપ અમૃત વૃષ્ટિની રાહ્ા જોવી. તે કૃપા વૃષ્ટિ થાય તેનાથી શરીર (ચિત્ત) આર્દ્ર (લીલું) થાય–ભીંજાય–પલળે. ત્યારે જ્ઞાન બીજ અંકુર કાઢે. તેની રક્ષા કરવામાં, શમ વિચાર સંતોષ સત્સંગ સંયમ વગેરેથી, શ્રમ વેઠાય ત્યારે તે ખીલીને ઉપર કણુસલાં ભરાય–ફળ આવે. અને એ રીતે અન્ન ખુબ પાકે અર્થાત જ્ઞાનની યથાયોગ્ય પ્રાપ્તિ થાય તો તેથી, જેમ અન્નથી દ્રવ્ય લાભ થાય, તેમ પરમશાંતિ રૂપ દ્રવ્ય લાભ (સ્વસ્વરૂપ પ્રાપ્તિ) થાય છે.

ક્ષેત્ર શુધ્ધ થયા પછી છોડ ઉગે છે, અને સુંદર શોભા આપે છે, પણ તે વાવેલાં અન્નના છોડવાઓમાં વચગાળે ખુણે ખોચરે કચરૂં ઘાસ નકામા પીલા વગેરે ઉગી નીકળ્યાં હોય [રહી ગયલા રાજસ તામસ ભાવ દુર્વાસના પ્રતીત થઈ આવે] તે નીંદી કાડવા જોઇએ, તો પછી વાવેલું અન્ન સ્વતંત્રરીતે ખીલી પુષ્ટ ફલ પ્રદ થાય છે. મેઘની રાહ જોવાય ત્યારે, અને બીજ ઉગ્યા પછી જયારે જયારે દુર્વાસના રૂપ ઘાસ કચરૂં નજરે પડે કે તેને નીંદી કાઢવું, જેથી બીજકને પ્રકાશી ખીલી નીકળવા સાથે પુષ્ટ ફળપ્રદ થવામાં ટેકો મળે છે. તે શ્રેષ્ટ ફળ આપે છે તેથી આપણો અને આશ્રિત જનોના નિર્વાહ થાય છે, એટલે જીવન અર્પે છે તે સાથે દ્રવ્યાદિનો લાભ આપે છે, તેમ, જ્ઞાનની પરિપક્વ

સ્થિતિએ અનુભવામૃત ભોજનથી આપણને અને આશ્રિત અ-ધિકારી જનોને શાંતિ મળે છે તે સાથે જન્મમર્ણાદિ ક્લેશની નિવૃત્તિ પૂર્વક પરમ આનંદની પ્રાપ્તિ રૂપ મહા દ્રવ્યનો લાભ થાય છે. એવું એ કૃષિ એટલે ખેતી રૂપ સ્વધર્મ સેવનનું મહાત્મ્ય અથવા ફળ છે.

એ કૃષમાં અવાંતર પણે ગોરક્ષા અને વાણિજ્યનો સમાસ થાય છે, પણ વધુ વિસ્તાર થવાના સંભવને લીધે અવાંતર ભાગનું વિવેચન એ વિષયમાં કીધું નથી. પરંતુ અતઃપર ગોરક્ષા વિશે કહેવામાં આવશે ત્યાં તેનું વર્ણન થશે.

હવે વૈશ્યના ધર્મોમાં કૃષિનું વિવેચન કરવામા આવ્યું તેથી સમજાયુંજ હશે કે કૃષિ એ ઉત્તમ ધર્મ છે. વૃદ્ધ પરંપરા વાણી ચાલતી આવેલી કહેવાય છે કે, "ઉત્તમ ખેતી, મધ્યમ વ્યાપાર; કનિષ્ટ ચાકરી, (ને) નિદાન ભીખ; તેપણ કરતાં નહીંજ આવડે તો છેવટ વેદું શીખ." એશ્રુતિ તુલ્ય વૃદ્ધ શિષ્ટોક્ત વાક્ય છે. તેમાં ખેતીને ઉત્તમ કહેવાનો આશય છે, તેનું કારણ સ્પષ્ટ રીતે ઉપર આપણે વર્ણવી ગયા છીએ. વ્યાપારને મધ્યમ એટ-લે બીજા પ્રકારમાં (2nd class) ગણ્યો છે તેમાં પણ સત્ય અને ન્યાય પૂર્વક દ્રવ્યોપાર્જન કરવામાં આવેતો તે વ્યાપારરૂપ કર્મ, કૃષિની પંક્તિમાંજ ગણી શકાય, પરંતુ અન્યાય મિશ્રિત હોય તો તે કૃષિથી નીચે પડે છે. અને કેવળ પ્રપંચ, અન્યાય દગા, જૂઠાણાં, વગેરેથીજ થનાર જે વ્યાપાર રૂપ કર્મ છે, તે તો સર્વ પ્રકારે ત્યાજ્ય છે. તેવાં કર્મ કરનારનું દર્શન કરવાથી પણ સ્નાન પ્રાપ્ત થાય છે, તો સંસર્ગ કરનાર કેટલા દૂષિત થાય છે તેની ત્રૈરાશી બાંધી સુજ્ઞોને સમજી લેવાને કઠિણ નથી.

હવે તેનાથી ત્રીજે નંબરે એટલે વ્યાપારથી નીચે ઉતરતાં ચાકરી છે. તે નોકરી-ચાકરી જો ન્યાય પૂર્વક, બદદાનત રાખ્યા શિવાય પ્રમાણિકપણે, (સમયાનુસાર કર્તવ્ય જણાય અને કરવી પ્રાપ્ત થાય તો) કરવામાં આવે, તો તે વ્યાપારનીજ પંક્તિમાં ગણી શકાય. અને તેવી પ્રમાણિકપણે કરવામાં આવતી ચાકરી, પ્રમા-ણિકપણે કરાતા વ્યાપારની પ્રિય ભગિનીજ કહી શકાય. અને તે પણ એક પ્રકારના વ્યાપારમાંજ સમાસ કરી શકાય. કેમકે વ્યા-પારમાં માલ આપી અમુક નફા સાથે તેનું મૂલ્ય અર્થાત્ દ્રવ્ય લેવામાં આવે છે તેમ, નોકરીમાં પોતાનો ૧૧ થી ૫ વાગા સુધીનો અથવા સવારનો અથવા અમુક નિશ્ચિત વખત રોકીને પોતાના હસ્તપાદ દેલ મગજ વગેરેના શ્રમનો ખર્ચ કરી તેના બદલામાં અમુક દ્રવ્ય સ્વિકારે છે.

એવી નોકરી-ચાકરી વ્યાપારની પંક્તિની છતાં પણ જો અન્યાય પૂર્વક કરવામાં આવે, નિર્દોષને સજા કરાવવામાં રૂશ્વત લઇ પ્રવૃત્તિ કરે, દૂષિત-ગુનેગાર ને રૂશ્વત લઇ સજા કરવા યોગ્ય છતાં છોડી મુકે, અથવા તેમ કરવા-થવા પ્રયત્ન કરે; પ્રપંચથી પોતાના ઉપરીને ઠગે-છેતરે અને ઇષ્ટ સ્વાર્થ સિદ્ધ કરી લે; એવી રીતે જો કરાય, તો તેવી નોકરી તિરસ્કારને પાત્ર છે, અને તેમ કરનારનો સંસર્ગ સુજ્ઞ જનોએ કર્તવ્ય નથી.

એ રીતે ખેતી-વ્યાપાર-નોકરી (જો ન્યાય પૂર્વક સેવન કર-વામાં આવે તો) એક પંક્તિમાં ગણવા યોગ્ય કહી શકાય, એ વિષે કહેવાયું. પરંતુ તેમાં શારીરિક અને માનસિક બળનો ઉ-પયોગ, આલસ્ય પ્રમાદ રહિત થઇને, કરવાનો છે. પરંતુ કેટલાક હરામ હાનતનાં મનુષ્યો, રખે કંઇ કામ કહેશે, રખે જવું પડશે,

રખે કંઈ માગશે, વગેરે પ્રકારે શ્રમથી કંટાળીને મફતનું—હરામનું શોધતા ફરે છે, તેવા મનુષ્યો અનેકના ઉપકારના ગ્રાહક હોય છે, પણ કોઈને કંઇ મદદ કે ઉપકાર કરી અન્યને શાંતિ અર્પનાર હોતા નથી; તો તેવા જનોને ઉદર નિર્વાહ માટે શું કરવું ? તેનેજ માટે વૃદ્ધોક્ત વાકય ઉપર કહેવાયું કે— "નિદાન ભિખ" છેવટે કામ ન થાય તો ભિક્ષા માગી પેટ ભરે. અહો, શું વેદની-વૃદ્ધ શિષ્ટ પુરૂશોની કૃપા ! પરંતુ ભિક્ષા માગવી પણ સહેલી નથી. તેમાં પણ દાતાનાં મન ખુશ કરીને લેવાની યુક્તિ પ્રયુક્તિની જરૂર તો છેજ.

વૈશ્યે ભિક્ષા માગવાની નથી, એ સ્વધર્મ સમજતો હોય છતાં સંગતી દોષથી અથવા અમુક અનિવાર્ય પ્રસંગ પરત્વે તેવો યોગ પ્રાપ્ત થાય (ભિક્ષા માગવાનો વખત આવે) તો સજ્જનોના મનને પ્રસન્ન કરીને, અસંતોષ બતાવ્યા શિવાય પ્રારબ્ધાનુસાર, તે સુજ્ઞ જે કાંઇ ખુશી થઇને આપે તેમાં નિર્વાહ કરવો; એવી ભિક્ષા પણ એક પ્રકારનો વ્યાપારજ છે; કેમકે પોતાની બુદ્ધિથી મનવાણી શરીરના મંથન પૂર્વક એટલે ગાઈ બજાવી અથવા જવા આવવા રૂપ કામ કરી અથવા વિવેક વૈરાગ્ય ઉપજાવે તેવાં ભજન અથવા ઉપદેશ વાકયો બોલી તે દાતાને શાંતિનું ભાન કરાવવા પ્રવૃત્તિ કરવા રૂપ શ્રમલે, તેના બદલામાં તે દાતા જે આપે તે ન્યાય પૂર્વક હોવાથી, એ પણ કૃષિ, વ્યાપાર, નોકરી, એ ત્રણની પંકિતમાં ચોથે નંબરે વિરાજ માન થઇ શકે, અને " ભિક્ષા " નાં. ૪ છતાં પંકિત—સંગતિતો શ્રેષ્ટની છે તેમાં પ્રતિષ્ઠા પામે

પણ હવે આગળ ચાલીએ. ભાઇ અહીં સુધી તો અનુકુળ વાત છે. પરંતુ પછી કહે છે કે, તે (ભીખ) પણ ન આવડે તો

છરૂટે વૈદ્ય શીખ. એ વૈદુ એટલે ડૉકટર પણું એ તો છેક તળીએ નીચે ગબડાવી પાડયું દેખાય છે. અત્યાર સુધીના ધંધામાં કોઇ પ્રાણીનાં જીવ જાનનું જોખમ થવાનું કોઇમાં જણાતું નથી. પરંતુ આ વૈદું તો તેવું કહેવાય છે. એમ પણ સાંભળ્યું છે કે "સોજણુ જાય ત્યારે એક (પાકો) વૈદ થાય." આ તો મહા ભયંકર દુષ્કર કાર્ય ! તેમજ લોહી પરૂ ચુંથી મલીનતામાંજ રાત્રિ દિવસ અભ્યાસ કરતા રહેવાની જરૂર પડે છે તેથી અંતાવસ્થાએ ઉત્તમ ગતિનો સંભવ પણ કહેવાને શંકા જેવું; કેમકે **यामति सागति र्भवेत्.** જેવી અંતે મતિ તેવી ગતિ થાય. એનો અભ્યાસ જીંદગી સુધી મલીનતામાં હોવાથી અંતે ભગવદ્દાસના થવી કઠણ (કોઇ નિસ્પૃહ મહાત્મા યોગી જેવા ડૉકટર કે વૈદ જેઓ રાત્રિ દિવસ ઇષ્ટ ચિંતનમાં છતાં પ્રારબ્ધ વશાત્ પ્રાપ્ત ઉદ્યોગ ડૉકટરી કરે છે. તેવા પૂજ્ય અને સ્તુતિ પાત્ર સુજ્ઞ મહાશય તો અંતે ઇષ્ટ પરમાત્મ ચિંતનથી ઉત્તમ ગતિનેજ પામે છે. કેમકે તેમની વૃત્તિ નિર્લોભ, પરોપકાર પરાયણ, અને તત્વાકાર થઇ રહેલી હોય છે. જેવા કે, ડૉકટર વિઠ્ઠલદાસ નરભેરામ મેહેતા જેવા સુજ્ઞ મહાશય, જેઓ કે માત્ર ટાઇમ પ્રમાણે દવાખાને બેસનારા, દીવસનો અને રાત્રીનો બાકીનો વખત, ચિત્તની એકાગ્રતા અથવા સંયમ અને વૃત્તિમાં શાંતિ ભરવાના કાર્યે સાધી, હરિમય થવામાં ગાળનારા; પ્રેમી અથવા આગ્રહી યોગ્ય ગૃહસ્થે તેડાવ્યા છતાં અનુકુળ ભાસે તો વિઝીટે જનારા, ગરીબોને દયાદાન દઇ સંતોષ આપનારા, અને રાત્રે તથા દિવસે પણ ઇચ્છા નહીં હોય તો, સ્પષ્ટ ના કહી, "અન્ય ડૉકટર ને ત્યાં જાવ" એમ કહેનારા; એવા ઉકત ડૉકટર જેવા અન્ય કદાપિ કોઇ હોય, તો તેવા પૂજ્ય મહાત્મા ની પંકિત પાત્ર દાકતર શિવાયનાને દુર્લભ) છે. પરમાત્મામાં મન

રાખી, તે વિશે અભ્યાસ કર્યા વિના, તે વાસના નહીં થાય, એ સ્વાભાવિકજ છે.

જો ડૅા૦ વિઠ્ઠલદાસ જેવા, અથવા અન્ય જેઓ એથી વિશેષ હોય–થઇ ગયા–થાય, તે સર્વ પોતાનો સ્વધર્મ સેવતા છતાં, સત્સમાગમ કરી કર્તવ્ય સાધતા છતાં, સંયમ સિદ્ધ કરતા છતા, પ્રસંગ પ્રાપ્ત ઉદ્યોગ અસંગ પણે કરે, તો તેની ઉત્તમ ગતિ થવામાં અલ્પપણ શંકાનું સ્થાન નથી. શ્રી કૃષ્ણે કહયું છે કે—

अंतकालेच मामेव स्मरन्मुक्त्वा कलेवरं ॥
यः प्रयाति त्यजन् देहं सयाति परमांगतिं ॥

એ શ્રી કૃષ્ણનું વચન-વેદવચનને અનુસરીનેજ છે. પરંતુ, ભાઈઓ, એવું વૈદું તો ભાગ્યેજ કોઇ કરતું હશે.

मनुष्याणां सहस्रेषु कश्चिद्यतति सिद्धये ॥
यततामपि सिद्धानां कश्चिन्मांवेत्ति तत्वतः ॥

ત્યારે વૈદ થવામાં દેહાધ્યાસ ઘણો પુષ્ટ થાય, કંઇક માણીના પ્રાણ જાય, દ્રવ્યનો લોભ વૃદ્ધિ પામતો પ્રચંડ રાક્ષસનું રૂપ ધારણ કરે, અનેક ઘાતકી કર્મ કરવામાં પ્રવૃત્તિ તે (લોભ–પ્રચંડ રાક્ષસ) કરાવે, વગેરે, મહા ભયંકર કર્મ કરવામાં શૂરવિરપણું બતાવનાર કેવી રીતે કયે સમયે ભગવદ્ ભકિત કે ધ્યાન કે સંત સંગ કરી શકે ! ! અને તેથીજ પ્રથમથીજ ડાહ્યા આપણા વૃદ્ધ શિષ્ટ પુરૂષોએ ભિક્ષાથી પણ નીચ ધંધો એ વૈદાંનો છે એમ બહુ પુખ્ત વિચાર કરીને કહ્યું જણાય છે.

વૃદ્ધો ઘણા વિવેકી, ભવિષ્યનું અનુમાન કરનારા, અને નિર્વિકાર વિદ્વાન અથવા અવિદ્વાન હતા, તેઓનું આપણે તેમનાં

બાળકોએ માનવું યોગ્ય છે. આપણે પ્રતિકુળ જણાય તો, આપણે નક્કી સમજવું કે, આપણી બુદ્ધિ તેમનાં વચન સમજવાને લાયક નથી થઈ; પણ "ડૅમ છટ નૉનસેન્સ" કહીને કાઢી નાખવાનું નથી. વૃદ્ધોનો તિરસ્કાર કોણ કરે છે? વર્ણ સંકર પ્રજા. આપણે જો શુદ્ધ અને માત પિતાના ચર્ણકિંકર છીએ, તો પછી એવી તુચ્છ બુદ્ધિ આપણે તો કર્તવ્ય નથીજ, એમાં પુનરાવર્તનની જરૂર નથી.

એ રીતે કૃષિ વ્યાપારાદિ અવાંતર પ્રસંગની હવે સમાપ્તિ કરી, બીજો સ્વધર્મ જે ગોરક્ષા છે, તે વિશે કહીએ.

ગોરક્ષા એ શબ્દમાં "ગો" એવો અક્ષર અથવા શબ્દ છે. તે ગો એટલે ઈંદ્રિયો. તે ઈંદ્રિઓ દસ છે, તેમાં પાંચ જ્ઞાનેંદ્રી છે, અને પાંચ કર્મેંદ્રિ છે. આંખ કાન નાક ત્વચા જીવ્હા એ પાંચથી જ્ઞાન થાય છે, તેથી એને જ્ઞાનેંદ્રી કહી છે; એટલે ,કાનથી શબ્દ સંભળાય છે–શબ્દનું જ્ઞાન થાય છે. આપણે માળપર હોઈએ અને નીચેથી અથવા દૂરથી કોઈ બુમ પાડે છે તો તરત કહીએ છીએ કે એતો અમુક ભાઈ અથવા શેઠ આવ્યા. ત્વચાથી સ્પર્શ જ્ઞાન થાય છે. નેત્રથી રૂપનું જ્ઞાન થાય છે. જીભથી નાનાવિધરસ–સ્વાદનું, અને નાશિકાથી શુભ અશુભગંધનું જ્ઞાન થાય છે. એ રીતે એ પાંચથી જ્ઞાન થાય છે, માટે જ્ઞાનેંદ્રીય કહે છે. હવે પાંચ કર્મેંદ્રીય કહેવાય છે તે, હાથ પગ ગુદા ઉપસ્થ અને વાક (વાણી), એ પાંચે ઈંદ્રીથી કર્મ થાય છે. લેવું દેવું, જવું આવવું, મલોત્સર્ગ, મુત્રોત્સર્ગ તથા સ્રી સંબંધ વગેરે, અને બોલવું, એ રીતે અનુક્રમે કર્મ કરાય છે, તેથી તે પાંચને કર્મેંદ્રીય કહી છે.

એ દશે ઇંદ્રીઓનો રાજા અથવા નેતા અથવા અમલદાર એક જુદોજ પદાર્થ છે, જેને મન કહે છે, તે મનને અગીઆરમી

ઇંદ્રી પણ કહે છે. વિષયો અનેક પડયા હોય, સ્ત્રી પુત્ર દ્રવ્ય અલંકાર ગાડી વાડી સાડી વગેરે અનેક છે, તેમાંના જે જે વિષયોનો ઇંદ્રી જોડે સંબંધ થાય છે તે, તે વિષયોમાં મનજો આસક્તિ કરી બાઝે નહીં, એટલે મોહ પામે નહીં, તો ઇંદ્રીઓનો તે પદાર્થ સાથેનો સંબંધ, બાધક નથી. પરંતુ સાડી વાડી ગાડી સ્ત્રી કે ભૂષણ સૌથે નેત્ર ઇંદ્રીનો સંબંધ થયો અને મનમાં મોહ થયો કે, આ કેવી સુંદર વાડી ગાડી અશ્વ સ્ત્રી કે વીંટી છે! આપણે એ હોય તો ઠીક, અથવા એવી લઇએ તો ઠીક, વગેરે પ્રકારે તરંગો ચાલવા માંડયા, તો તે રીતે તે તે પદાર્થો સાથેનો ઇંદ્રીનો સંબંધ, બાધક છે, એટલે કલેશ આપનાર છે. સ્થિતીની અનુકુળતા ન હોય તો, તે તે ન મળવાના સંભવથી ચિન્તમાં વાસનાનું પ્રબળ, તે સાથે સંતપ્ત વૃત્તિ રહેવાથી, શારીરિક બળની હાનિ, માનસિક બળની હાનિ, અને જન્મ મર્ણની પરંપરાની પ્રાપ્તિ રૂપ મહાન્ હાનિ થાય છે; તે વિશે તો વર્ણન કરતાં, વારેલા જો નહીં, તો છેવટ હારેલા માની લઇ, વકતાની વાણી પ્રવાહે પાછા ફરી ઉલટ મારી પોતાના મૂળમાં પ્રવેશી જવું પડે છે. એવું એ આસકિતનું ખેદજનક ફળ છે.

તેથી ઇંદ્રીઓને સ્વસન્તાથી વહી ન જવા દેવી, એ પ્રથમ કર્તવ્ય છે. અને સ્વાભાવિક રીતે કદી વહન કરે તો મન, તે પદાર્થોમાં ગુલતાન—આસકત થઇ બાઝી નહીં પડે, તેની સાવધાની રાખવી. કેમકે ઘોડાને હાંકનાર સારથી જો કેફ કરી હાંકે, અને સાવધ ન રહે, તો ઘોડા પોતાના પશુ સ્વભાવ પૂર્વક મદોન્મન્ત પણાંથી ઢીલી દોરી મુકાયાનો એટલે સ્વતંત્ર પણાનો લાભ લઈ કોઇ વખતે કયા ખાડામાં કે કઇ ખાડી કોતરમાં કે નદીની કરા-

ડીમાં તાણી લઇ જઇ, પોતાનો, સારથીનો, ગાડીનો, શેઠનો અને તે સાથે જે હોય તે સર્વનો નાશ અથવા ચૂર્ણ કરશે, તે કોણ કહી શકે એમ છે! તાત્પર્ય કે, જો અશ્વને અસાવધપણે વહ્યા ચાલ્યા જવા દઇએ, તો અશ્વનો, ગાડીનો, આપણો, (શેઠનો) અને સારથીનો, નાશ કરેજ, એ નિર્વિવાદ કહી શકાય; પણ જો સાવધ રહી આપણી ઇચ્છાનુસાર યોગ્ય વિવેક પૂર્વક ચલાવીએ, તો ઇષ્ટ સ્થાને પ્હોંચાડે, અને આપણે શાંતિનુંજ ભાન કરાવે.

એજ પ્રમાણે બુદ્ધિરૂપ સારથીએ, ઈંદ્રીઓરૂપ અશ્વને નિયમમાં ચલાવવાથી બુધ્ધિને, ઇંદ્રીને, રથને, શેઠને, એટલે સર્વને સુખી થવાનો સંભવ છે.

એજ ઇંદ્રીઓને, તેથી ઉંચે કહો કે નીચે દરજ્જે કલ્પો, જેમ કલ્પના કરો તે રીતે, ગઉ શબ્દથી કહેવામાં આવી છે. એને જો પ્રેમ પૂર્વક પાલન કરો તો દુધ દહીં માખણ ઘી અને ગોવર વગેરે આપણને આપી, શારીરિક અને માનસિક ઉન્નતી કેટલા બધા અંશમાં સ્થાપી આપે છે કે, જે વિશે સુજ્ઞજનોને કોઇને અજાણ્યું નહીં હોય. પણ તેને દુખ આપો—હેરાન કરો, અથવા નિયમથી ઉલટી રીતે તે ગઉની પોતાનીજ મરજી પ્રમાણે વર્ત્યા કરવા દો—ચાલી જવા દો, તો પછી અશ્વો જેમ શેઠ સહીત સર્વનો નાશ કરે છે, તેજ રીતે પરિણામ પ્રકટાવે, એમાં આશ્ચર્ય કે શંકા જેવું શુ ? ! એજ ગઉને પુષ્ટિ પ્રદ સાત્વિક આહાર આપો, નિયમાનુસાર ચરવા ફરવા દો, અભક્ષ્યનું ભક્ષણ ન કરે તે તરફ લક્ષ રાખો—રખાવો, ઘરમાં પ્રેમ બતાવો, તો તેજ ગઉ તમને તેવુંજ સાત્વિક ભોજન દુધ ઘી દહીં છાશ માખણ અને તેનાથી બનતા દુધપાક બાસુદી શ્રીખંડ વગેરે અર્પી, તમારી બુદ્ધિને

નિમળ કરશે, શારિરિક બળ આપશે, અને નિર્મળ બુદ્ધિ થવાથી સત્યની શોધ કરવાનું સુઝ પડશે, તેથી સત્પુરૂષોને શોધશો; તેની સંગતિ મળેથી સત્ય વસ્તુ પ્રાપ્ત કરશો; તે સત્યની પ્રાપ્તિથીઅસત્યનો મોહ ઉતરી જશે. જેમ,–કોઇ દરિદ્રીને પૈસાને માટે વલખાં મારતાં પૈસા મળે છે તો ખુશ થાય છે; પછી રૂપીઆ મળે છે તો પૈસાનો મોહ ઉતરીજાય છે, પછી ગેણી અને સુવર્ણના ઢાલકા મળે છે તો રૂપીઆનો મોહ ઉતરી જાય છે; પછી હીરા માણિક્ય મોતી મળવા લાગે તો ગેણી ગેણાને પડતાં મુકે છે–મોહ ઉતારી નાખે છે; પછી પારસમણી ચિંતામણી મળતાં, તે હીરા માણેક વગેરે રત્નોનો મોહ ઉતરી જાય છે. કેમકે એક મણી માત્ર પાસે હોવાથી હીરા માણેક મોતી વગેરે રત્નોના ટોપલે ટોપલા કે ગાડે ગાડાં તો શું પણ ડુંગરો સંકલ્પ માત્રથી પ્રાપ્ત કરવાનું સામર્થ્ય આવે છે, તો ગેણી ગેણા કે રૂપીયા તો ત્યાં શામાં ! ! તો પછી પૈસા તે વળી શું ! ! ! તેમ ચિંતામણી રૂપ સત્ય વસ્તુની પ્રાપ્તિ થવાથી એની પાછળની તમામ અસત્ય વસ્તુનો મોહ કેમજ રહે ? નહીંજ. એ બધો પ્રતાપ શાનો ? આપણે કહી ગયા ત્યાં પાછાં ડગલાં કરી ઉલટીને જોતા જાવ તો જણાશે કે, ગોરક્ષાનો. તે કઇ ગો ? આ દશે ઇંદ્રીઓ અને ૧૧મું મન. તે ૧૧ને નિયમમાં રાખી રક્ષવાનો (પ્રતાપ). હે સભ્ય આર્ય બંધુઓ (શેઠ સાહેબો)! ત્યારે કહો, કે ગોરક્ષા જેવો ઉ-તમ ધર્મ આપણા વૈશ્યાદિ બંધુઓનો છે તેનો તિરસ્કાર કરી સ્વચ્છંદે વર્તનારની ગતિ (ઉપર અશ્વ જેવી રીતે કરી શકે છે તે વિશે પુનઃસ્મર્ણ કરી) વિચારો; અને ન્યાય પૂર્વક ગોરક્ષારૂપ સ્વધર્મ સેવન કરનારની ગતિ (ઉપર ચિંતામણિ પ્રાપ્ત કરનારની સ્થિતિ સ્મર્ણમાં લાવી) જુવો,

વળી ગોનું પાલન કરનારને ગોપાળ કહે છે. ગોપાળ, શ્રી કૃષ્ણને કહેતા હતા અને કહેછે. તો ગોનું પાલન કરનાર દેખઈતી રીતે પણ શ્રી કૃષ્ણનાં પૂર્વોક્ત ગોપાલ નામથી પવિત્રમાં ગણાઇ શકે એમ છે, તેમજ વ્યાવહારિક રીતે ગોપાલક મહાશયને પૌષ્ટિક દુધ દહીં માખણ ઘી છાસ વીગેરેની પ્રાપ્તિ હોવાથી શારીરિક માનસિક બળની ઉન્નતી થતાં આધ્યાત્મિક બળ પ્રાપ્ત કરવાનો [ઉપર વર્ણવી ગયા તે પ્રમાણે] લાભ મળેછે. અને પારમાર્થિક રીતે, યથાર્થ ગોરક્ષા, એટલે ઇંદ્રિય નિગ્રહ સહ મનની એકાગ્રતા, સંયમથી સિધ્ધ કરવાથી, પોતાની અંતર વૃત્તિમાં, જે પરમાત્મ પ્રકાશ, સત્તા અર્પિ રહેલો છે, તેનો અપરોક્ષ અનુભવ કરવાનો પણ, સદ્ગુરૂ પરમાત્મા શ્રી હરિની કૃપાથી, પ્રસંગ પ્રાપ્ત થાય છે. જેમ ડાહોવાયલાં જળાશયમાં પડેલું મણિ અથવા ચંદ્રાદિનું પ્રતિબિંબ સ્પષ્ટ થતું નથી; પણ તે જળમાંથી કચરો કાદવ નીચે બેસી જાય અને જળ હાલતું બંધ થઇ સ્થિર થાય તો, વગર આયાસે મણિ અથવા પ્રતિબિંબ અપરોક્ષ (પ્રત્યક્ષજ) છે. તેમ, શ્રી હરિગુરૂ આપણાં શુધ્ધ અંતરમાં પ્રત્યક્ષ થાય છે, અને પછી વિચારથી દિવ્ય દ્રષ્ટિ થાયછે, તેનાથી જોતાં તો પોતે અત્યાર સુધી જે ભ્રાંતપણે ઉલટા અધ્યાસથી માની સમજી રહ્યો હતો, તે હુંપણાનું અસ્તિત્વ ગેબ થઇ જાય છે, અને તેને સ્થાને અંતર બહિર સર્વત્ર પૂર્ણ એક સદ્ગુરૂ પરમાત્મા શ્રી હરિ જુવે છે. અરે ! પરમાનંદમય ચિદ્ઘન શ્રી હરિરૂપ થઇ રહે છે.

સુજ્ઞ મહાશયો ! શું ગોરક્ષારૂપ સ્વધર્મને, જો ઉક્ત રીત્યા,

યથાર્થ પાલન કરે તો, તેનું મહાત્મ્ય! કયાં સુધી પહોંચાડે છે! ભવાટવિ ભ્રમણથી મુકત કરે છે. અરે! અંતિમ ફળ—કે જેનાથી અધિક ઉત્તમ શ્રેયસ્કર લાભ પ્રાપ્તવ્ય રહેતોજ નથી, તો પછી સુજ્ઞ બંધુઓ આલસ્ય પ્રમાદ વશ રહી સ્વધર્મ નિષ્ઠ રહેવામાં કેમ કંમર કસતા નથી એ મહદાશ્ચર્ય છે.

વિશ્વપતિ સૌને સદ્બુદ્ધિ અર્પવા કૃપાળુ થાવ. **તથાઽસ્તુ.**

સુજ્ઞ મહાજનો! કૃષિ અને ગોરક્ષા વિશે કહેવાઈ ગયું. હવે ત્રીજો જે વાણિજ્ય એટલે વ્યાપાર છે તે વિશે ટુંકમાંજ કહીશું. તે વ્યાપાર એટલે સ્વદેશ પરદેશમાંથી અમુક અમુક પ્રકારના માલ લાવી લઈ જઈ તે વેચીને દ્રવ્ય મેળવવું; અથવા તે માલ ને બદલે બીજા પ્રકારનો માલ લેવો લાવવો. તે દ્રવ્ય અથવા માલ રૂપ સુખનાં પ્રાથમિક સાધનોથી, અન્ન, વસ્ત્ર, ફળ, ફુલ, મેવા, મીઠાઇ, રત્ન, સુવર્ણ, ચાંદીના અલંકારો, ઘર બાહાર, વાડી વજીફા, સેવક, અશ્વ, રથ, ગજ, વગેરે, તથા લગ્ન કરી અર્ધાંગના સ્ત્રીની પ્રાપ્તિ કરવી; એ વગેરે સુખનાં સાધનો મેળવાય છે. તે પતિવ્રતા સાધ્વિ સ્ત્રી દ્વારા સુપાત્ર પુત્રાદિ પ્રજાની પ્રાપ્તિ થયે, તેઓને વિદ્વાન જ્ઞાની અને ન્યાય નીતિજ્ઞ બનાવ્યાથી સત્વ-સંપન્ન થયલા તેઓ તરફથી યોગ્ય વયે આજ્ઞાનું પાલન કરવા વગેરેરૂપ સેવાથી આનંદ અને સંતોષ થવા રૂપ સુખ પ્રાપ્ત થાય છે; અને નિર્ભય તથા નિઃશંકપણે શરીરનાં આયુષ્યની સમાપ્તિએ શાંતિથી દેહત્યાગ કરી શકાયછે.—તેમ, શરીર યાત્રાના પ્રસંગે સ્વદેશ રૂપ અંતરાત્મ તત્વમાંથી ઉત્તમ જ્ઞાનનાં સ્ફુર્ણ સંસ્કારો ને, આ માયાના દેશમાં અર્થાત્ પરદેશમાં આવી, ફેલાવો કરી-

અધિકાર પ્રમાણે લોકોને આપ્યા જઈને, ÷ તે લોકો પાસે પ્રીય પ્રાણી પદાર્થોની આસકિત રૂપ માલ હોય છે તે અજ્ઞાનરૂપ માલને ખેંચી લઇ (પોટલાં બાંધી-સંગ્રહ કરી) સ્વદેશરૂપ બ્રહ્માત્મૈકય જ્ઞાન રૂપ મહા અગ્નિને સ્વાધીન કરાય છે; ત્યાં તે દગ્ધ થઈ જાય છે, એટલે વ્યાપારી પાસે તે (અજ્ઞાનરૂપ માલ) ની સીલક તો રહેતી નથી, પણ તે જ્ઞાનદાન કરવાથી થતાં પુણ્યપુંજની સીલક જમા થાય છે. અને જીવન પર્યંત શરીર નિર્વાહાદિના વ્યવહાર કાર્યમાં કાંઇ પાપાચરણ પણ જો કદાપિ થતું હોય, અગર થયું હોય તો, તેની સીલક રહે છે. એ પુણ્ય

÷ શાક ભાજી આદું મરચાં (વગેરે) જેવા પદાર્થોને લાયક હોય તેવાને શાક ભાજી મરી મસાલા આપીને, અન્ન કઠોળ જેવા પદાર્થોની જરૂરવાળાને તે અન્નાદિ આપીને, દુધ દહીં ફળ પુષ્પ મેવા મીઠાઇની ઇચ્છાવાળાને તે તે ઇષ્ટ વસ્તુ આપીને, વસ્ત્ર અલંકારાદિની કામનાવાળાને તે તે ઇચ્છિત વસ્ત્રાભૂષણાદિ આપીને, અને હીરા માણિકય મુકતાફલ સ્પર્શમણિ ચિંતામણિના અધિકારીવાળાને તે તે અમૂલ્ય રત્નો આપીને, અર્થાત્ કર્મના અધિકારીને, જપ તપ હોમ યજ્ઞ દાન સ્નાન પાન ગાન તાન માન શાન વ્રત વિધિ નિષેધ વગેરેના વેદ શાસ્ત્રાનુસાર ઉપદેશ આપી, ક્રમ પ્રમાણે માર્ગ બતાવીને, તથા ઉપાસનાને લાયક ઉચ્ચતર વર્ગના (વૈદિક તથા નિત્ય નૈમિત્તિક પંચમહાયજ્ઞો વગેરે રૂપ કર્મ કરનારા તે શુદ્ધ કર્મકાંડની પરિક્ષામાં પસાર (વિજયી) જણાતા) અધિકારીને શ્રવણ મનનાદિ પૂર્વક ચિત્તવૃત્તિના નિરોધરૂપ યોગ સંયમ સમાધિ આદિનો ઉપદેશ આપીને-ક્રમ બતાવીને, અને તેમાં પરિપકવ જણાતા વિવેક વૈરાગ્યાદિ સાધન સંપન્ન (ન્યૂનાધિક અંશમાં) ઉચ્ચતમ અધિકાર પ્રાપ્ત ઉત્તમ અધિકારીને સર્વોત્તમ રાજયોગની પદ્ધતિ પૂર્વક બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપીને.

પાપરૂપ શ્વેત શ્યામ બે પ્રકારની સીલક અલગ જમા રહે છે, તે વ્યાપારીને બાધ કરતી નથી–સ્પર્શ કરતી નથી. કેમકે તે જળકમળવત્ અસંગ રહે છે. પરંતુ "कृत कर्माणां भोगा देवक्षयः" "कृत संस्कारो न निवर्तते" अवश्यमेव भोक्तव्यं कृतं कर्म शुभाशुभं ॥ એ વાકયો પ્રમાણે, તે ભોગવ્યાથી મટી જાય છે. પણ કોણ ભોગવે ? વ્યાપારી તો અસંગ–સાક્ષી દ્રષ્ટાપદે સ્થિત છે, તેને તો સ્પર્શ કરી શકાતું નથી. ત્યાં શાસ્ત્રકાર અને સત્પુરૂષો કહેછે કે, તે (દ્રઢ અપરોક્ષ જ્ઞાનવાન) વ્યાપારીની નિંદા કરનાર–ગાળ દેનાર-તેનું અનિષ્ટ ઈચ્છનાર–તેને હેરાન (દુઃખી) કરવા ઇચ્છનાર લોક, તે (વ્યાપારી)નાં પાપોને પોતા તરફ ખેંચી લે છે–બોલાવી–તાણી લે છે; અને સ્તુતિ સેવાપૂજા વંદન કરનાર લોક, તેના પુણ્ય પુંજમાંથી પુણ્યભાગને પોતા તરફ આકર્ષિ લે છે. એ રીતે તેનાં પાપ પુણ્ય વ્હેંચાઇ જવાથી, તેતો અસંગ શુદ્ધ છે તેવોજ રહે છે. તાત્પર્ય કે, સ્વદેશથી લાવેલો માલ પરદેશમાં આપી, ત્યાંનો જે માલ લાવે છે તેની ઉપર કહી ગયા તે પ્રમાણે વ્યવસ્થા કરી, સત્વ-પુણ્યરૂપ દ્રવ્ય માલ રાખે છે, તે પણ ઉપર પ્રમાણે સેવા સ્મર્ણ કરનાર શુભ ચાહક, નમન કરનાર સુજ્ઞજનો લઇ જાય છે. એવો તે સ્વદેશે આવીને * નિવૃત્તિરૂપ સતી સ્ત્રી સાથે લગ્ન કરે છે, તેનાથી વિવેક વૈરાગ્ય જ્ઞાન દાન શમ દમ ક્ષમા શાંતિ વગેરે

* અભય, નિઃસંકલ્પ રહેવાના અભ્યાસવાળાં મનરૂપ સત્વની સંશુદ્ધિ, જ્ઞાન, યોગ, દાન, દમ, યજ્ઞ, સ્વાધ્યાય, તપ, આર્જવ (સરળતા), અહિંસા, સત્ય, અક્રોધ, ત્યાગ, શાંતિ, અપૈશુન (કોઇની ચાડી ચુગલી નહીં કરવી તે), દયા, અલોલુપ્ત્વ, આર્દવ, હ્રી (લજ્જા), અચાપલ્ય, તેજ, ક્ષમા, ધૃતિ [ધીરજ], શૌચ (પવિત્રતા), અદ્રોહ, અતિમાનિતા રહિતપણું, એવાં સત્તાવીશ લક્ષણવાળી દૈવી સંપત્તિરૂપ અલંકાર વસ્ત્રા-

સદ્ગુણોથી સંપન્ન સ્વાનુભવ પુત્ર ઉત્પન્ન થઈને, પોતાના પિતાને સ્વારાજ્ય પદે સ્થાપન કરે છે. તે વ્યાપારી પોતાના શરીરથી અસંગ એટલે વિદેહિ પદે સ્થિતિવાળો થઇ ગયલો હોવાથી, શરીરની અવધિએ, ભૌતિક સ્થૂળ શરીર પંચભૂતોમાં વેહેંચાઈ જાય છે તે પેહેલાં, અનંત અપાર સત્ ચિદેકરસ આનંદઘન તત્ બ્રહ્માત્મૈકય તત્વમાં અભેદત્વે સ્થિત થાય છે, અર્થાત, તેનું વાસનાલિંગ ગળી જઇ તત્સદ્રૂપ થઇ રહે છે, અને પ્રાણો પણ લીન થઇ જાય છે. તાત્પર્ય કે, તે પુનરાવૃત્તિ રહિત પરમ સુખમય થઇ રહે છે.

અહો ! શું વ્યાપારનું મહાત્મ્ય !! કયા વ્યાપારનું ? ઉપરોક્ત રીતે કરાયલા પારમાર્થિક વ્યાપારનું, હો. (છળકપટ દગા ફટકા અને જુઠાણાંથી માયિક પદાર્થો દ્રવ્યાદિની લાલચથી કરાયલા વ્યાપારનું નહીં). ચાલો ત્યારે એવો વ્યાપાર કરવા રાગ દ્વેષરહિત પ્રવૃત્તિ કરી, વૈશ્યવર્ણમાં ગણાયાનું સત્ય અને સફલ કરીએ. ભલે. બહુ આનંદની વાત. પરંતુ, માયિક (ક્ષણિક–પ્રાતિભાસિક–ભ્રાંતિજન્ય–અનિત્ય) પ્રાણી પદાર્થની આસકિત રૂપ મોહ જ્યાં સુધી છોડાય નહીં, ત્યાં સુધી સ્વદેશ પ્રવેશ શી રીતે થાય, અને ત્યાંજ ન જવાય તો ત્યાંનાં નિર્મળ અમૃતમય સ્પુર્ણ સંસ્કારો શી રીતે ભરી લવાય !! માટે પ્રથમ પરદેશી બની બેઠેલા છીએ,

---

દિથી યુકત થઇ [આભૂષિત બની]. જ્ઞાનાનુભવામૃત ભોજન અને શાંતિ તૃપ્તિરૂપ સુગંધ યુક્ત સુસ્વાદવાળું અતિ મિષ્ટ જળનું પાન કરતો રહી, વિવેક વૈરાગ્યરૂપ સુંદર શ્વેત અશ્વોવાળા સૂક્ષ્મ શરીરરૂપ રથમાં બુદ્ધિરૂપ સારથી સાથે બેસીને, આનંદ વાટિકામાં વિહાર કરતો–ઘુમતો ફરે છે ત્યાં, ગુપ્ત રહીને જાણે તે પ્રીય પતિની વાટ જોયા કરતી હોયની, તેવી રીતે નિવૃત્તિ નામની પરમ પવિત્ર પતિવ્રતા સાધ્વિ સ્ત્રી, કલ્પવૃક્ષને ઓથે રહી, જોયા કરતી હોય છે તે નિવૃત્તિરૂપ સતી સ્ત્રી.

તેણે સ્વદેશ ભૂમિમાં પ્રવેશવા અધિકાર મેળવવા સારૂ સત્સંગને મુખ્ય (અગ્રે-આગળ) કરીને, શમ દમ વિવેક વૈરાગ્ય સદ્વિચાર વગેરે સાધન સંપન્ન થવાની જરૂર છે; તે મેળવી, સ્વદેશમાં પેસવાનું સરટિફિકેટ-સનંદ-છાપ મેળાવવી. તે લઇને જવાથી, કામ ક્રોધાદિ શત્રુઓ હુલે-ફીકે મોઢે છુપાઇ જતાં, કોઇ અટકાવનાર નથી. પછી સુખેથી ત્યાંથી માલ લાવી વ્યાપાર કરો. તાત્પર્ય કે, એ રીતનો વ્યાપાર (વાણિજ્ય) કર્તવ્ય છે. આવા સર્વોત્તમ વ્યાપારી થઇને ક્ષત્રિયત્વની અને બ્રાહ્મણત્વની ઉચ્ચતર અને ઉચ્ચતમ પદ્વિએ શોભતા હોય તેવા મહા પુરૂષોનાં ચરણમાં લેખકના પુનઃ પુનઃ સવિનય સપ્રેમ સાષ્ટાંગ પ્રણામ છે. તથાઽસ્તુ હરિઃ ૐ

હવે પ્રથમ આરંભમાં દશાલાડ વીસાલાડ વગેરે સંજ્ઞાઓ જે કહેવામાં આવેલી તેમાં ગુહ્ય-ગર્ભિત હેતુ-આશય શું છે તે કહેવાનો રહિ ન જાય માટે સ્મર્ણમાં લાવી તે વિશે કહેવું ઉચિત જણાય છે તે કહિયે.—

૧ દશાલાડ એ શબ્દમાં સ્પષ્ટ રીતે બે શબ્દ દેખાય છે. દશા અને લાડ. પૂર્વે આપણી સ્થિતિ (વૈશ્યાદિની) એવી ઉત્તમ અને આનંદપ્રદ હતી કે જે સ્થિતિમાં ક્લેશ, અસંતોષ, દુઃખ વિકાર, અન્યાય, દગા, ઇર્ષા, દ્વેશ, રાગ, ક્રોધ, મોહ વગેરે આસુરી સેનાને પ્રવેશ કરવાને ફાંફાં મારતાં છતાં પણ દ્વાર મળતું ન હતું. અરે, બંધુઓ ! એટલુંજ નહિ પણ, એ ઘોલાંઓનાં લશ્કરને આપણી સામું દ્રષ્ટિ કરવાનું [જોવાનું] પણ સામર્થ્ય ન હતું: પણ નાના વિધ વિષયોના મોહમાં ફસાતા ગયા, દશે ઇંદ્રીને લાડ લડાવી તેની મરજી પ્રમાણે વહેવા દીધી ત્યારે પુર્વે કહી આવ્યાં તે પ્રમાણે, અશ્વો, ઢીલી દોરી મુકી સ્વચ્છંદે ચા-

લવા દીધાથી, જેમ ગમે તેવી સ્થિતીમાં લાવી મુકે-ગમે ત્યાં ગબડાવી મુકે, તેજ પ્રમાણે ગબડાવતાં ગબડાવતાં શૂદ્રવત્ સ્થિતિ માં લાવી નાંખ્યા.

યજ્ઞોપવિત સંસ્કારને પાત્ર છતાં, ગાયત્રી સંધ્યાતર્પણના અધિકાર પ્રાપ્ત છતાં, શૂદ્ર જેવા કેમ બની ગયા? એવી દશા કેમ થઇ ગઇ! એવું સકત લાગણીથી ગદ્ગદ્ કંટ સ્વરે આપણા નિખાલસ સમર્થ અમુક વૃધ્ધ પુરૂષે જ્યારે ચિન્તને સ્થિર કરી અંતરમાં ભગવચ્ચિંત્વન કરતાં કહ્યું, તે પણ મનોમય, (મુખથી તો બોલી શકાયું નહીં) કંઠે જાણે પ્રશ્ન સ્પુરીને આવી રહ્યો, તેમાં એટલુંજ પ્રકાશ્યું કે—(અરેરે !! આ) "દશા"! શાથી? ત્યારે અંતરમાંથી શ્રી હરિએ સુંદર મનહર વાણીમાં-ઉત્તરમાં એટલોજ શબ્દ અર્પ્યો કે "લાડ." એટલે આવી દશા શાથી થઇ? તો કહ્યું કે સ્વચ્છંદે ઇંદ્રીઓને વહેવાદીધી, તેના વિષયોમાં લુબ્ધ થઇ ગયા, તેને વશ થઇ ગયા, બહુ લાડ લડાવ્યાં, તેથી તે "લાડ"થી* માટે હે બંધુઓ! જે ઉચ્ચ ભૂમિથી ઉકત લાડે આપણને ગબડાવી પાડી આ દશાપર લાવી મુકયા છે તે ઉચ્ચ ભૂમિ પુનઃ પ્રાપ્ત કરવા પ્રયત્ન શીલ થાવ. અને ગડબડતા ગડબડતા નીચે પડયા છીએ તે પાછા ઉંચે ચઢી બ્રહ્મતત્વ પ્રાપ્ત કરો તો લાડથી જે આ દશા થઇ છે તે નીચે પડી રહેશે, અને તમે ઉચી પદ્ધિ-પગથીએ-માળે ચઢી તે નાચો રહેલી દશાને જોશો, બીજા બંધુઓને ઉંચે ચઢાવવા તમારો અનુભવ પ્રકટ દર્શાવી આંગળી અથવા હાથ આપી ચઢાવવા સહાયભુત થઇ શકશો.

---

* दशेंद्रिय लालनात् या दशा, तत्दशा प्राप्त जन समुदायस्य दशा लाडेति संज्ञा प्रसिध्धा॥ इति ऋषि वचनात् ॥

૨ બીજો પ્રકાર–બીજું કારણુ (દશાલાડ સંજ્ઞાનુ).–ઉપર જે પ્રથમ કારણુ કહ્યું તેમાં બતાવ્યા પ્રમાણે જ્યાં ઘણા મનુષ્ય હોય તેમાં કોઇ કોઇ પણુ ઉચ્ચ કળા પ્રાપ્ત હોય છે, કેટલાંક તેથી ઉચ્ચતર કળા સંપન્ન પણ નિકળે છે, અને ક્વચિત ઉચ્ચતમ કળાવાન પણુ કોઇ હોઇ શકે છે. તેમ, જે સ્થિતિ કે પંક્તિનાં મનુષ્યો ગણાતાં હોય, તેનાથી નીચી પંક્તિનાં આચરણુ સેવનારા પણુ તેમાં હોવા સંભવે છે. જેઓ ઉચ્ચ, ઉચ્ચતર, અને ઉચ્ચતમ કળા પ્રાપ્ત સુજ્ઞ મહાશયો હોય છે તેઓ પોતાની ઇંદ્રિયોને લાડ લડાવી સ્વચ્છંદે વહેવા નહીં દેતાં, પોતાના સ્વાધીનમાં રાખીને નીતિ નિયમ અને ન્યાય માર્ગે પોતાની ઈચ્છાનુસાર વહન કરાવનાર હોય છે. તેવા સુજ્ઞ મહાશયો પણુ ઉકત મંડળસ્થ હોવાથી સંજ્ઞા તો તેની પણ (દસાલાડ) એજ કહેવાય છે. પણુ તેનો ભાવ (તાત્પર્ય) જુદોજ છે; એવું વિદ્વાન આચાર્ય ઋષિવર પૂર્વે કહી ગયા છે. તે એવો કે,–એવા સુજ્ઞ સ્વધર્મ પરાયણુ મહાશયમાં ત્રણુ " દ " સ્વભાવિક હોય છે. ૧. દયા. ૨. (શકત્યાનુ સાર) દાન અને ૩. દીનતા (અભિમાન રહિતપણું–નમ્રતા).

દયા અર્થાત્ અહિંસા; અને अहिंसा परमो धर्मः એમ કહ્યું છે, તે પરમ ધર્મ–ધર્મના મૂળ રૂપ જે અંતરમાં દયા હોવી તે, અને દાન (વિદ્યાદાન, ધનદાન, જ્ઞાનદાન, દયાદાન વગેરે) તથા દીનતા (નિરાભિમાનિત્વ) એ ત્રણુ જેનામાં હોય તે ત્રણુ ' દ ' રૂપ સમૃદ્ધિવાળા ઉપર કૃપા થાય છે કોની કૃપા થાય છે ?

सा चिति महेश्वरी कृपा पात्र त्रिदकार संयुक्त-भूषित सुज्ञजन समुदायस्य दसालाडेति संज्ञा प्रसिध्धा ॥ इति महर्षि वचनात्.

સા=તે મહામાયા ચિતિ શકિતની. તે મહાશકિત–નારાયણી કૃપા કરીને શું કરે છે? તે પોતાના બાળકને ભીનામાંથી કોરામાં સુવાડે છે, માગે તે ખાવાનું આપે છે, પછી તે અમુલ્ય પદાર્થ ભલે હોય તોપણ. એટલે શૂં? શબ્દ સ્પર્શરૂપ રસાદિ વિષયોમાં કદાપિ ભ્રાંતિથી ફસાઇ પડે અથવા ફસાઇ પડવા જેવું જણાય તો ઝટ તેને બચાવી લઇ, અંતરમાંથી જ્ઞાન વિવેક પ્રકટાવી ભ્રાંતિ ખસેડી નાખી, નિર્ભ્રાંત અસંગ કરી મુકે છે (કોરામાં સુખે સુવાડે છે.) માગે તે અમૂલ્ય વસ્તુ ખાવા આપે છે. તે શૂં? તે કહિયે,–વ્યાવહારિક ક્ષણિક પદાર્થ ઉપર તેનો મોહ વિશેષતઃ તો હોતોજ નથી: પણ કોઇ પ્રારબ્ધ સંસ્કાર વશાત્ કદી પ્રતીત થાય તો, તેવા આલોકનાં તથા પરલોકનાં સુખ વૈભવ વગેરે આપે એમાં તો કહેવુંજ શું; પરંતુ, પરમ આનંદામૃતરૂપ જે અમુલ્ય ભોજન, તે પણ આપવાની કૃપા કરે છે, એટલે ઉત્તમવર રૂપ જે બ્રહ્મવિદ્યા, તે પણ આપવા કૃપાળુ થાય છે. એવાં અંતિમ સુખ આપવા રૂપ લાડ લડાવે છે.

કહો બંધુઓ! એવા પુરૂષને શાને માટે ભય! શામાટે દુઃખ કે શોક હોય? નહીંજ. સંપૂર્ણ નિર્ભય, શોકરહિત, શાંત સુખી તે રહે છે. કોણ? ઉક્ત ત્રણ "દ" ને કંઠમણિવત્ રાખી રહેનાર સ્વધર્મ નિષ્ટ મહાત્મા–વાસુદેવ ભકત. અને તેથીજ તે ત્રણ "દ" વાળાની ઉપર "સા" પરમેશ્વરી કૃપા કરી જોઇતાં સર્વ "લાડ" લડાવે છે, તેથી તે દસાલાડ સંજ્ઞા સફળ કરે છે.

ધન્ય! એવા આત્મબંધુને. એવા નરમધ્યે ઉત્તમ પુરૂષસિંહને પુનઃ પુનઃ ધન્યવાદ અર્પિ, લેખક તેને સપ્રેમ પુનઃ પુનઃ પ્રણામ અર્પે છે. तथाऽस्तु.

કહો, પ્રિય ભાઇઓ ! આપે દશાલાડ થવું છે કે દસાલાડ ? આપની મરજી છીનવી લેવાની કોઇની સત્તા નથી. સર્વને પોતપોતાની સ્વતંત્રતા છેજ.

વિશ્વ નિયંતાએ તો, ઘઉં, ચણા, ચોખા, મગ, શર્કરા, મોતી, મકર, સુવર્ણ પુષ્પો, રત્ન, માણિકયાદિ બહુ બહુ વસ્તુઓ વેરી નાખી છે. ત્યાં અનેક પ્રકારનાં પક્ષી પશુ મનુષ્ય, દેવ, ગંધર્વ, હંસ મચ્છ, વગેરે લુટવા મંડયાં છે તેમાં જેને જે પર પ્રીતિ–જે જેના અધિકારી હશે તે તેજ લઇ જશે. એ વિશે વધુ વિવેચન કરવું યોગ્ય પ્રતીત થતું નથી કેમકે સુજ્ઞ સાહેબોને સુસ્પષ્ટજ છે.

જેમ જેની ઇચ્છામાં આવે તેમ વર્તવાને કોઇનો પ્રતિબંધતો દેખાતો નથી, પરંતુ દક્ષિણે જનારને માટે યમદ્વાર ખુલ્લું છે, અને ઉત્તરે પ્રયાણ કરનારને માટે હરિદ્વાર છે. એ જે કહેવામાં આવ્યું છે, તે પણ મારી કોઇ જીવત્વની સત્તાનાં સામર્થ્યથી, કે ઐશ્વર્યથી, નથી, પરંતુ કોઇ ઇશ સત્તાની અથવા પ્રબળ ઐશ્વર્ય સંપન્ન કોઈ અદ્રષ્ટ સત્તાની પ્રેરણાનુસાર, બુદ્ધિ વૃત્તિમાંથી જે પ્રવાહ વહ્યા, તેનું આ લેખિની દ્વારા (અથવા વાણીદ્વારા) આ ચિત્ર દર્શાવ્યું છે. તે સુજ્ઞ વિવેકીને તો માન્ય હોયજ તેમાં તો નિઃશંક રહેવું સંભવે છે. પરંતુ કદાપિ અધિકારની ન્યૂનતાને લીધે જે જે શેઠ સાહેબોને એ અયોગ્ય પ્રતીત થાય, અથવા એમાં ખામી જણાય તેઓ શેઠ સાહેબ પ્રત્યે, આ લેખક–વકતાનો કાંઇ દુરાગ્રહ (એવો) નથી કે “સ્વિકારોજ.” તેઓ સ્વેચ્છાનુસાર વર્તવા સ્વતંત્ર છે, પરંતુ, તે સર્વ શેઠ સાહેબો લેખકના તો આત્મ બંધુઓ છે, તેથી શ્રી જગદીશ્વર વિશ્વનિયામક कर्तुम कर्तुम न्यथा कर्तुमीश्वरः समर्थः પરમાત્મા પ્રત્યે

નમ્ર ભાવે (લેખક) પ્રાર્થના કરી યાચના કરે છે કે, તે સર્વ અનધિકારી બંધુઓને ઉ-તમ અધિકાર પ્રાપ્ત કરો, અને શુદ્ધ બુદ્ધિ અર્પીને, જેવા સુજ્ઞ અધિકારીને ઉચ્ચ પંક્તિ અને પદ્વિએ સ્થાપો, તેજ પ્રમાણે તેઓને પણ ઉ-તરો-તર ઉચ્ચ સ્થાને સ્થાપવા આપ પરમ કૃપાળુ મહેશ્વર રૂપ શ્રી હરિગુરૂની કૃપા થાવ તથાઽસ્તુ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ૐ શ્રી સદ્ગુરુ પરમાત્મા પ્રસન્નો ઽસ્તુ.

આ પ્રમાણે સમાપ્તિ કરી લેખિનીને વિરામ આપતાં અંતરાત્મ પ્રેરણાથી વૃત્તિમાં સ્ફુર્ણ પ્રતીત થયું કે, અરે! જ્ઞાતિ વિભાગો વિશે વ્યાખ્યાન થવા વિશેનો પૂર્વે સંકેત કરવામાં આવેલો છે. તે વાતનું વિસ્મર્ણ થવા દેવું વાસ્તવિક કહેવાશે નહીં. તેમજ, પાછળથી કહેવા વિશેનો ભાવ પણ પૂર્વે દર્શાવાઇ ગયો છે. તેથી (વાણીયા જ્ઞાતિના) જે જે વિભાગ-સંજ્ઞા જાણવામાં હોય અથવા સાંભળવામાં આવ્યું હોય તેટલા વિશે ન્યૂનાધિક અંશે વિવેચન કરવું યોગ્ય છે, એવું આ લેખક (વકતા) ને અંતરાત્મ ઇષ્ટ આજ્ઞાનુસાર (પ્રેરણાનુસાર) સમજ્યાથી, તે સમર્થ સબળ સંપૂર્ણ ઐશ્વર્ય સંપન્ન સર્વોત્કૃષ્ટ અદ્રષ્ટ સ-તાદ્વારા, આનંદ અથવા પ્રસન્નતાનું ભાન કરાવતો શાંતિ પ્રદ વેગ જે પ્રકારે વૃતિમાં પ્રકટી પ્રકાશ્યો, તે વેગને સર્વ વિશ્વસ્થ આત્મબંધુ સુજ્ઞ મહાશયોનાં હિત નિમિ-તે સ્થૂલતર આકૃતિમાં લાવી પ્રતીત કરાવવા સારૂ, લેખક (વકતા) લેખિની અથવા વાણીદ્વારા, આ સ્થળે આલેખે છે એટલે આકૃતિમાં મુકે છે. વિવેચન કરે છે. તેમાં સુજ્ઞાને તો દોષ-ખામી પ્રતીત થવાનો સંભવજ નથી. (ખામી-દોષ પ્રતીત થાય તો સુજ્ઞત્વની ન્યૂનતા પ્રત્યક્ષ સિદ્ધ થઇ જાય) તેથી અન્ય ભાઇઓને કોઇ સ્થાને દોષ દેખાય તો તેણે, લેખક વકતા સમીપે નિરાભિમાન વૃત્તિ સહ શ્રદ્ધા અને પ્રેમને સાથે લેતા આવી નિરાંતે બેસી અનુકુળતાને અનુસરી સમાધાન મેળવી લેવું. પછી ખામી જણાય તો સુધરાવવી અને યોગ્ય જણાય તો લેખક સમીપે આવવાથી તેઓ સાહેબને થયલા શ્રમની ક્ષમા, નમ્ર લેખકને આપવા કૃપા કરવી.

અથવા વિદ્વાન સુજ્ઞ વિવેકી અન્ય પુરૂષવર હોય ત્યાં જઇ તે ખામીને કેવા પ્રકારે સુધા (શાંતિપ્રદ) અર્થમાં લઇ શકાય, તે સમજી લેવું.

તૃષાતુરતો જળનીજ સ્પૃહા રાખે છે. નદી કીનારે જઇને, કાદવ, પથરા, બોરડીનાં જાંબુના બાવળીઆ વગેરેનાં ઝાડો, અનેક પ્રકારનાં મનુષ્યો, પશુ, પક્ષી વગેરે જોઇને પાછો ફરતો નથી. તે બધું પડયું મુકે છે, અર્થાત, તે સઘળાં તરફ અલક્ષ કરે છે; અને જલ સમીપચાલ્યો જઇ, તે જળ પીઇને શાન્ત પડે છે, અને પોતાને માર્ગે (ગંતવ્ય સ્થાન પ્રતિ) વલ્યો જાયછે, પરંતુ કોઇ મૂર્ખ [અનાડી–જડબુધ્ધિ] હોય છે તેજ ફકત, કાદવ પથરા ઝાડ જનો પશુ વગેરે જોઇને [જળ સમીપ જવાનો સરળ માર્ગ છતાં] અટકી રહે છે, અગર પાછો ફરે છે તો તે તરસથી પાણી પીધા વગર પ્રાણ ગુમાવે છે. પોતાની ભૂલ પોતાને ભાગ્યેજ સુઝે છે. સામી આરસી હોય તોજ પોતાના મુખની શોભા જેવી રીતે જણાય છે, તેજ રીતે કંકુ કે ગલાલ વગેરેનો લીસોટો કે ચંદન ભસ્માદિના ડાઘ પડયા હોય, તે દેખી શકાયછે, તેમ ખામી શોધીને બતાવનાર તો (એક પક્ષે) મોટા ઉપકાર કર્તા મિત્ર (બંધુ) છે. તે હોય તોજ ખામી સુધારી શકાય છે. આરસી નહીં હોય તો મુખપર કંકુ કે ગલાલ કે ચંદન ભસ્માદિનો ડાઘ ભુંસી નાખવાનું કે ન્યુનાધિક કરી સુધારવાનું બની શકતું નથી.

બુધ્ધિમાન વિવેકના સમુદ્ર એવા સુજ્ઞ જનો હોય છે તેઓ એટલે સુધી કૃપા કરે છે કે, ખામી અથવા દોષ જેવું જો કે તેમને તો પ્રતીત થવાનો અસંભવજ છે; પણ મંદ પ્રજ્ઞ જનોને કોઇને ખામી દેખાય તો તેવી ખામી વાળા શબ્દને, એટલો પ્રતાપી અને ગંભીર અર્થનો શાંતિ ઉપજાવનાર કરી બતાવે છે કે, જેટલી એવી ભુલનું અનુમાન તે મંદ પ્રજ્ઞાજનો કરતા હોય, તે બધાને વિશે પુનઃ ઉદ્ગાર કાઢવાનું સ્ફુર્ણ ઉઠવા દેવાનું પણ તેઓ વિસ્મર્ણ કરી નાખે છે.–ભુલી જાય છે. એવા વિવેક સિંધુ જ્ઞાનૈશ્વર્ય સંપન્ન પૂજ્ય બંધુઓને ધન્ય છે ! જેઓના જન્મ આ વિશ્વમાં પરોપકાર નિ-મિ-તેજ, જન કલ્યાણાર્થેજ કહી શકાય, તે પુજ્ય મહાત્માં તુલ્ય મહાશયોને ધન્ય છે. એ રીતે સુજ્ઞ વિવેકીને ધન્યવાદ અર્પી પૂર્વે કહ્યા પ્રમાણે ઇષ્ટ

સંકેતાનુસાર અન્ય જ્ઞાતિ વિભાગો વિશે કહેવાનો પ્રારંભ, ઇષ્ટ પ્રદ સત્તાથી અપાયેલો વેગ, વકતાની વૈખરીદ્વારા, અથવા હસ્તગત લેખિની દ્વારા, કરેછે, તે ઉપર સપ્રેમ શ્રદ્ધા યુકત લક્ષ રહેવા વકતા (લેખક)ની સર્વ સુજ્ઞ બંધુઓ પ્રત્યે નમ્ર ભાવે પ્રાર્થના છે:—

સુજ્ઞ બંધુઓ ! મહાશય સદ્‌ગૃહસ્થો ! આપની ઇચ્છા કદાપિ એમ હોય કે દસ કરતાં વીસતો બમણા છે તેથી હમે તો વીસાલાડ થઇશું. તો પણ ઠીક છે. મનુષ્ય જે થવા ઇચ્છેછે તે પુર્ષાર્થથીજ થઇ શકે છે. સત્પુરૂષો કહી ગયા છે કે-મનુષ્ય શું નહીં થઇ શકે ?! સર્વ થઇ શકે છે. " જો નર કરણી કરે તો નરકા નારાયણ હોતા હે. " તો પછી અમુક સંજ્ઞા ધારક થવું એમાં શું ! બીજી સંજ્ઞાઓ કંઇ નારાયણ પદ્‌વીથી ચઢિયાતી હોયજ નહીં. ત્યારે હવે વિસાલાડ સંજ્ઞાના તાત્પર્ય વિશે વિચારિયે.

" વિસાલાડ "—માં પ્રથમ " વિ " છે. પછી " સા " છે અને પછી "લાડ" છે. દેખાતી રીતે દસા કરતાં વિસા (ફક્ત અંક ઉપરજ દ્રષ્ટિ કરતાં) દશથી વીસ બમણા છે, એ તો ખુલ્લુંજ છે. "વિ" નો અર્થ (સંસ્કૃતમાં) વિશેષે એવો છે. "સા" નો અર્થ ચિતિ શક્તિ મહામાયા પરમેશ્વરી એવો આપણે દસાલાડનાં તાત્પર્યાર્થમાં કહિ ગયા છીએજ. તો હવે તે મહાદેવી ભગવતિ વિશેષે લાડ લડાવે છે જેઓને, તેજ વિસાલાડ કહી શકાય.

પૂર્વનાં સુકૃતની બાહુલ્યતાથી સ્ત્રી પુત્રાદિ વાડી ગાડી લાડી સાડી માડી વગેરે રૂપ સંપત્તિ સહ દ્રવ્ય સંપત્તિ પણ જેને પ્રાપ્ત છે, એવા જન આ વિશ્વમાં પુણ્યવાન સુખી કહેવાય છે. તેમ દસાલાડ કરતાં વિસાલાડ દેખાતી રીતે અંક માત્રની દ્રષ્ટિથી જેમ બમણા કલ્પાય છે, તેમ દસા કરતાં વિસાલાડ બંધુઓમાં ઉક્ત રીતે સુખી પણ ઘણા છે. તેઓમાં જેમ ઉતરતી સ્થીતિનાં ઓછા છે, તેમજ દસાલાડમાં ઉચ્ચતર સ્થિતિના ઓછા છે. એજ સ્પષ્ટ દર્શાવે છે કે, જેટલા અને જેવા જેવા અંશમા પુણ્યનો સંચય જેનો જન્મમાં વધુ, તેટલા અને તેવા તેવા અંશમાં સ્ત્રી,

પુત્રો, વધુઓ, પુત્રીઓ, વાડી, બગીચા, ગાડી, ગાલીચા, લાડી, લાલનસહિત્ય, સાડી, પાડી, ગાય, અશ્વ, વસ્ત્રાલંકાર વગેરે, વધુ.

સર્વોત્કૃષ્ટમહત્ પુણ્યપ્રતાપી તો ભાગ્યેજ કોઇ હજારોમાં એકાદ મળી આવે. અર્થાત્ જન્મ મર્ણરૂપ મહા કલેશની નિર્વૃત્તિ પૂર્વક પરમ શાંતિનો અખૂટ ખજાનો જેણે પુર્ષાર્થ કરીને સ્વાધિન કરી લીધો હોય, એવો વિશ્વવંદ્ય મહાપુરૂષરૂપ શૂરવિર બહાદૂર તો કવચિતજ સુભાગ્યે ઝળકેલો મળી આવશે. કેમકે, તેવા મળવાતો દુર્લભજ છે, એવું શ્રી કૃષ્ણ જગદ્ગુરૂ પ્રભુએ કહેલું ખોટું નથીજ. **मनुष्याणां सहस्रेषु**. ઇત્યાદિ.

અર્થાત્ હજાર હજાર મનુષ્યનાં અનેક યૂથોમાં યથાર્થ સત્ય અને સત્વ અથવા તત્વ જાણવાને કોઇકજ યત્ન કરે છે. અને તેવા યત્ન કરનારામાં કોઈકજ તત્વથી એટલે ખરેખર જેવો હું છું તેવો, મને જાણે છે.

એમ છે, તેથી તેવા સર્વોત્તમ પૂજ્ય મહાપુણ્યરાશિજન વિશે તો કહેવાનુ કોરે મુકીએ. તો, માયિક મોહક ક્ષણિક એવાં જે ઉપર વર્ણવેલાં સ્ત્રી પુત્રો વાડી ગાડી લાડી, સાડી વગેરે સુખનાં સાધનો છે, તેવાં સાધન સંપન્નજનો વિશેજ કહેવાય. એવા થોડાઘણા સુખનાં સાધન સંપન્ન થનારા પણ, જેઓ પુણ્યની ન્યૂનાધિકતાથીજ થાય છે તે, પૂર્વોકત ત્રણ "દ"ની માળા કંઠમાં પહેરી રાખનારાજ. પુનઃસ્મર્ણ માટે કહિયે તો દયા દાન દીનતા ને પ્રેમથી સેવનારાજ.

જેઓ ખાસ શ્રદ્ધા સહ પ્રેમથી એ ત્રણનું સેવન કરી નિખાલસ મનોભાવથી ઇષ્ટ સ્મર્ણ કરી, વિના પ્રયોજન અથવા સપ્રયોજન પણ, કોઇની નિંદા કરવામાં તેમજ નિર્દોષને દોષવાળો ઠરાવી બેસાડવામાં, કે દૂષિતને નિર્દોષ કહી પોકારવામાં ભાગ લઇ પોતે કલંકિત એટલે તે નિંદાથી થતા દોષના ભાર રૂપ બોજાવાળા થતા નહીં, તેઓ વિશેષે કરીને સા એટલે તે પરમેશ્વરી ભગવતિનાં ઉત્તમ લાડને પાત્ર થતા હતા. તેવા પૂજ્ય મહાશય વૃદ્ધોના વંશજ, તે સર્વ વિસાલાડ; તે વૃધ્ધોનાં પુણ્ય પ્રતાપે, તેમજ અમુક અંશે પોતાનાં સુકૃત્યની બાહુલ્યતાથી સુખી પ્રતીત થાય તેમાં આશ્ચર્ય નથી. દસાલાડમાં પણ તેવા અને વિશેષ ભાગ્યશાળી

હોય છે પણ ઘણા ન્યૂન ભાગે. તેમ પ્રૌઢ પ્રતાપી ગુપ્ત મહા અગ્નિતુલ્ય તેજસ્વી અને પરમશાંતિ મગ્ન એવા પણ ક્વચિત્ બેહુમાં હોવા સંભવે છે, પરંતુ તેતો વળી બહુજ દુર્લભ (કોઇ વિરલજ).

એ રીતે વિસાલાડ શબ્દ વિશેપણ પરમાર્થતઃકહી આવ્યા. જેમ દશા લાડ વિશે પ્રથમ પ્રકાર કહી ગયા હતા, તેમ વિશાલાડ વિશે કહિયે તો, દશે ઇંદ્રિઓ અને દશેના વિષયો દશ, મળીને વીશ થાય છે. નેત્રનો વિષય, પદાર્થોને જોવું તે; શ્રવણનો વિષય, અનેક વિશે શ્રવણ કરવું તે; નાશિકાનો વિષય, શુભાશુભ ગંધ લેવાના પદાર્થો; જીભનો વિષય, ખારૂં ખાટું કડુ મિષ્ટ તુરૂં મોળું ગળ્યું વગેરે સ્વાદના પદાર્થો; ત્વચાનો વિષય, સ્પર્શના પદાર્થો; હસ્તનો વિષય, લેન દેનના પદાર્થો પાદનો વિષય, જવા આવવાનાં સ્થાનો; ઉપસ્થનો વિષય સ્ત્રી વગેરે આનંદ પ્રતીત કરાવનાર વસ્તુઓ; ગુદાનો વિષય, મલોત્સર્ગ; અને વાક્ એટલે વાણીનો વિષય, શુભાશુભ બોલવું તે; એ દશ ઇંદ્રિ સાથે વીશ થયાં. તે ઇંદ્રીઓને, તેમજ તેના વિષયોને પણ લાડ લડાવવાથી વીશાલાડ સંજ્ઞા કલ્પાઇ.

પૂર્વે વર્ણવી ગયા તે પ્રકારે વિસાલાડ એટલે ઉચ્ચકુળ સંપન્ન પુરૂષોમાં જેઓ એવી રીતે દશે ઇંદ્રીઓના વિષયો સહિત દશેઇંદ્રીઓનેએટલે(૨૦)વીશેને લાડ લડાવવામાં ફસાતા ગયા અને પોતાનું શ્રેષ્ટત્વ જે ખરૂં હતું તે ભુલતા ગયા–ગુમાવતા ગયા, તેઓ વિશાલાડ પદ્વિ પાત્ર થવાથી અધઃપતન પામતા ગયા, તેના સુજ્ઞજનો પણ પોતાની ઉચ્ચ, ઉચ્ચતર અને ઉચ્ચતમ સ્થિતિને પ્રાપ્ત કરવા શ્રીઇષ્ટ કૃપાથી પ્રવૃત્ત થાય, એવી વિશ્વપતિ પાસે લેખક (વકતા) ની નમ્ર ભાવે યાચના પૂર્વક પ્રાર્થના છે. અર્થાત્ વિશેષે કરીને મહામાયા પરમેશ્વરીની કૃપાના પાત્ર થઇ, તે કૃપાળુ શકિતનાં લાડને પાત્ર થવાનો અધિકાર મેળવી, પૂર્વોકત વિસાલાડ સંજ્ઞાને સર્વ કોઇ સફળ કરવા પ્રવૃત્તિ કરો. તથાસ્તુ.

હવે નાગર વિશે કહિયે—

नगरे वसंतीति नागराः જેઓ નગરમાં (શહેરમાં) રહે છે તે નાગર કહેવાય છે. તેવાતો ચારે વર્ણના જનસમુદાય હોય છે. તેથી બ્રાહ્મણો પણ

નાગર હોય છે. અને વૈસ્યો પણ હોય છે. વૈસ્યોમાં દસા અને વિસા એવા વિભાગ હોય છે, તે વિશે વધારે ઊંડા ઉતરવા જેવું કાંઇ આક્ષણે પ્રયોજન જણાતું નથી. તેથી દસા વિસાલાડ સંબંધે જે વર્ણવવામાં આવ્યું છે, તેની ઉચ્ચકળા પ્રાપ્ત કરવામાં તે સર્વ ભાઇઓની પ્રવૃત્તિ થઇ વૈસ્યધર્મનું યથાર્થ પરિપાલન કરો, એવી તેઓ માટે પણ ઇષ્ટ શ્રી હરિ પ્રત્યે સવિનય પ્રાર્થના છે. પોરવાડ વિશે કરવામાં આવેલાં વર્ણનમાં નાગરનો સમાસ થાય છે તેથી વધુ ખુલાસો ત્યાં છે, તે અત્રે સમજી લેવો.

મોઢ વિશે વિચાર કરિયે—

મુહ્ ધાતુ ઉપરથી ભૂત કૃદંત મૂઢ થાય છે. જડભરતને જ્યારે પૂર્વ જન્મમાં અમુક પ્રકારની વાસનાને લીધેજ પાછો જન્મ લેવાની જરૂર પડી, ત્યારે પૂર્વનું જ્ઞાન તેને હોવાથી, " હવે છેક મૂઢ દશામાં વિચરવું." એવોજ વિચાર કરી પરમાત્મ તત્વ નિમગ્નજ રહેતા. તેથી લોક તેને જડ ભરત, એટલે મૂઢ કહેતા હતા પરંતુ તે તો ભવ સમુદ્ર તરીને સામે પાર જઇ મોજ કરનારા હતા; તેના ગુપ્ત આશયને કોઇ ભાગ્યેજ સમજતું હતું. તેજ રીતે મૂઢ શબ્દનો અપભ્રંશ મોઢ થયલો જણાય છે. પરંતુ મૂઢનો અર્થ અત્યંત મોહાસકત–વિષયાસકત પણ થાય છે તે (સ્યામતા–ગ્લાનિ પ્રદર્શક) અર્થ તરફ કોઇની પ્રવૃત્તિ નહીં થતાં જડ ભરત જેવી ઇષ્ટ પરાયણ સ્થીતિમાં (અર્થાત્ શુદ્ધ શ્વેત શાશ્વત સુખપ્રદ અર્થમાં) મોહથી આસકત થઇ, પરમ શાંતિના અખુટ ખજાનાનું આધિપત્ય મેળવનારા થવામાં પ્રવૃત્તિ થાવ, એવી શ્રી ઇષ્ટ પરમાત્મા પ્રત્યે લેખક (વકતા) ની સવિનય પ્રાર્થના છે. દશા વિસા વિશે પુનરૂકિત સપ્રયોજન જણાતી નથી. કેમકે શુદ્ધાશુદ્ધ એટલે શ્વેતશ્યામ બેહુ બાજુ વીશે દશાલાડના પ્રસંગમાં કહેવાઇ ગયુ છે ત્યાં દ્રષ્ટિ કરી લેવી.

હવે શ્રીમાળી સંજ્ઞા ધારક જ્ઞાતિ વિભાગ વિશે જોઇએ.–શ્રીમાળી શબ્દમાં શ્રી અને માળી એ બે પદ છે. શ્રી એટલે લક્ષ્મી અથવા સર્વ પ્રકારની શોભા રૂપે પ્રતીત થનાર દેખાવ, વગેરે. અને માળી કોને કહે છે કે, વાડી બગીચા વગેરે સુંદર સ્થાનોમાં ગુલાબ મોગરા ચંપા ચંબેલી પારિજાત-

તુલસી દુર્વા બિલ્વ ગોટા અગસ્ત્યપુષ્પ વગેરે સુગંધીદાર અનેક પ્રકારના પુષ્પો વગેરેને રાખી, તેનાં વૃક્ષોમાં જળ સિંચન કરી, હવા ખાવા આવનાર સુખવાસી જનોને, સુપ્રસન્ન થવામાં હેતુભૂત મનોહર પુષ્પાદિની સુવાસિત લપટ (ખુશબો–સુગંધ) થી, શ્રમિત જનોને, તેમજ તાપમાંથી તપ્તવત્ આકુળતા–વ્યગ્રતાથી, શાંતિ પ્રાપ્તિની ઇચ્છાથી આવનાર જનોને, પ્રસન્નતા પ્રાપ્ત કરે છે. તેમ, અત્રે શ્રીરૂપ એટલે અનેક પ્રકારની સુંદરતા અને શોભા સહ સ્વચ્છતા યુક્ત, અનેક પ્રકારના વણિજવરૂપ બાગ બગીચામાં અનેક પ્રકારનાં પુષ્પ તુલસી વગેરેરૂપ વ્યાપારના પદાર્થો, તાંદુલ, ગોધુમ, જુવાર, બાજરી, ચણા, મગ વગેરે તેમજ રેશમી સુતરાઉ ઉન વગેરેનાં ઉત્તમ મધ્યમાદિ કિંમતના વસ્ત્રાદિ, તેમજ અલંકાર અનેક પ્રકારના સુવર્ણ ચાંદી હીરા માણિક્યાદિના, એ વગેરે વિશ્વરંજન સમુદાયમાં એટલે મુમ્બઈ આદિ જરૂરીઆતની સર્વ જોઇતી ચીજો સર્વને પુરી પાડીને, સુપ્રસન્ન કરવાને પ્રયત્ન કરીને પોતાની અને સર્વની ઉન્નતિ આબાદાની–ચઢતિ કરતા હતા, એટલે તે પૂર્વે શિષ્ટ પરંપરાથી શ્રીમાળી સંજ્ઞાને પ્રાપ્ત હુવા અને સર્વ માન્ય હતા. તેમના વંશજો એજ સંજ્ઞાને ધારણ કરે છે. પરંતુ ઉક્ત પ્રકાર સ્થિતિનું યોગ્ય અને સુખપ્રદ સ્થિતિ સાચવવામાં આલસ્ય પ્રમાદતા છે પછાત પડી ગયા, અને નોકરી–ચાકરી તે પણ કનિષ્ટ પ્રકારની એટલે અનેક કલેશ પ્રતીત કરાવનારી કરનારા થઇ જવાથી અધઃપતન પામેલા જોવામાં આવે છે. તે સર્વ પુનઃ જાગૃત થાવ, આલસ્ય પ્રમાદ ત્યાગો, અને સ્વધર્મ સંભાળો, અને પુનઃ તે ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરવા પ્રયત્નશીલ થાવ, એવી લેખકની પ્રાર્થના છે. તે સાથે વિઘ્નાંતક ગણપતિ પણ પ્રાર્થના છે કે, એવી રીતે પ્રયત્નશીળ થવાની ઉમેદ રાખનાર બંધુ વર્ગને સહાય થવા કૃપા કરો. જેથી પૂર્વોક્ત સ્થિતિને પ્રાપ્ત કરી સર્વ વર્ણના મનુષ્યોને સુવાસિત ખુશબોથી એટલે સદ્ગુણોથી પ્રસન્નતા સહ શાંતિનું ભાન થાવ.

દશા વિશા વિગેરે પુનઃ પુનઃ આવર્તન કરવું નિષ્પ્રયોજન છે. શ્વેત શ્યામ બેઉ બાજુ. [એટલે રાત્રિ દિવસ રૂપ બેઉ વિભાગ) ત્યા

લાડનાં વ્યાખ્યાન ભાગમાં સ્પષ્ટ વિવેચન થઇ ગયું છે ત્યાં પુનઃ દ્રષ્ટિ કરી લેવી...હવે પોરવાડ વિષે વિચારીએ.—

શુધ્ધ શબ્દ પ્રથમ જન્મ થતી વખતે, એટલે એ નામનો પ્રાદુર્ભાવ—પ્રકટ થતી વખતે; પૂરવાર જણાય છે. પુર એટલે નગર—શેહેર અને પુરવાર એટલે નગરવાળા—શેહેર નિવાસી.

કહેવાય છે કે, શેહેર વસંતા દેવતા, કસબે વસંતા માણસ વગેરે. એટલે શેહેરમાં વસે તે દેવતા તુલ્ય. દેવતામાં ઐશ્વર્ય ન્યુનાધિક અંશે હોય છે. જેટલું જેનું પુરૂષાર્થ વિશેષ, તેટલું તેનામાં ઐશ્વર્ય વધુ. પુરવાર એટલે નગ્ર [શેહેર] નિવાસી જનો, ખાનપાન વગેરે વૈભવ ભોગવનારા, તેમજ રંક ઉપર દયા પ્રકટાવી ઉદારતાથી દાન આપી (રંક જનોને) સહાય અર્પનારા. વ્યાપારાદિ કાર્યમાં નફો આવે તેથી ધર્મ માર્ગે અમુક નિશ્ચિત રકમ પ્રથમ જુદી કાઢીને શેષમાંથી કુટુંબ પોષણ, ખાનપાન, વ્યવહારાદિ, કરતા હતા. વ્યાપારનો માલ વગેરે લેવા પ્રદેશ પર્યટન કરતા, ત્યાં પણ પોતાની ઉદારતાથી, દયા અને દાન આપવાથી સર્વ ગામ કસબાના વગેરેના લોક તરત જાણી જઇ કહેતા કે આ શેઠ (વેપારી) પૂરવાર (પોરવાડ) હોવા જોઇએ, એટલે પોરવાડ છે. કેમકે પૂરવાર વગર આવા ઉદાર—દયાવાન, ધર્મનિષ્ઠ, હોવા દુર્લભ. એ રીતે સત્કીર્તિ મેળવતા, તેથી દેશ પ્રદેશે જેનાં યશનું ગાન થતું રહેતું. સાંપ્રતકાળમાં સંપૂર્ણ રીતે તો નહીં કહી શકાય, પણ અમુક વિશેષ અંશે એ શબ્દ શિરની ઉક્ત પધ્ધતિથી ઉલટોજ પ્રવાહ વહેતો જણાય છે, તે પુનઃ ઉજવાળીને નામ (સત્તા) નું સાફલ્ય કરવા સર્વ બંધુઓએ કમર કસવી જોઇએ.

એમ છતાં, પૂરવાર શબ્દ યોગ્ય છતાં "પૂરવાડ" એજ શબ્દ કાયમ રહેવામાં કોઇ ભાઇઓની ઇચ્છા હશે તો, તે પણ યોગ્ય જેવી રીતે કહી શકાય છે તે વિચારીએ. નગરની ફરતો કોટ હોય છે, તે નગર નાં રક્ષણ માટે હોય છે. ચોર તથા શત્રુની સેનાનાં મનુષ્યો, તે કોટનાં બંધીસ્ત પણાને લીધે, રાત્રે અથવા દિવસે, સાવધાનીમાં રહેલા ચોકી દારો છતે, પૂરમાં પ્રવેશ કરી શકતા નથી. કોટ, મજબુત પુરેરીઆ

અથવા મજબુત વૃક્ષાવેલી વગેરેની વાડ પણ જામતાં જામતાં કાળાંતરે એવી મજબુત અને ઉંચી થઇ જાય છે કે, પ્રસંગે કોટની ગરજ તે વાડ સારી: સારે છે. સર્વ પુરસાલી જમીનના રક્ષણ કરવામાં વાડરૂપ. એ રૂપે કોટ સ્થાનાપન્ન: અને કોટ (૦૦૪૦) એટલે કમતો જેમ શરીરનું રક્ષણ કરે છે તેમ, ટાઢ તડકા વિગેરેથી રક્ષણ કરનારું, આચ્છાદિત કરાવનું મજબુત વસ્ત્ર, એ જેમ દરેક વ્યક્તિ શરીરનાં રક્ષણ માં સાધનરૂપ છે, તેમ " પુરવાડ " બાંધવો, પુરના જન મંડળને અન્ન વસ્ત્ર વગેરેના વ્યાપાર દ્વારા મુખ્ય જરૂરીઆતી પદાર્થ પુરા પાડી પ્રાણ સાથે શરીરના રક્ષણ કરવામાં વાડરૂપ એટલે કોટરૂપ અથવા ઢાલ રૂપ હતા તેથી પુરવાડ સંજ્ઞાને પાત્ર ગણાઇ, સન્માન પ્રાપ્ત કરનારા થઇ ગયા. એવા શિષ્ટ સજ્જનોના વંશજો એજ સંજ્ઞાથી ઓળખાય છે ખરા. પરંતુ તેવા પરોપકારી અને ઢાલરૂપ થઇ પડી દેશનું હિત સાધવામાં ઘણાજ પાછળ પડી જવાથી ખેદનું કારણ છે. તેઓ પુર્વની શિષ્ટ પદ્ધતિને અનુસરવા ઉત્સાહ પ્રાપ્ત કરે અને પુરવાર અથવા પુરવાડ એવી જન સમુદાયને સુખપ્રદ સંજ્ઞાને સફળ કરી આલસ્ય પ્રમાદાદિ શત્રુનો પરાભવ કરી વિજય પ્રાપ્ત કરે અને તેથી કરાવો અથવા થતો વિજય ધ્વનિ સર્વ દિશા પ્રદેશે સંભળાય, એવો સમય ઇષ્ટ પરમાત્મ પ્રસાદથી જલદી દ્રષ્ટિએ પડવા લેખક નમ્ર ભાવે તે ઇચ્છને, પ્રાર્થતો છતો તે પુરવાર-પુરવાડ બંધુઓને તેમ થવામાં પુરૂષાર્થ પરાયણ થવા કંમર કસવા સપ્રેમ વિજ્ઞપ્તિ કરે છે.

" ખંડાયતા "... વિષે વિચારતાં, એમ અનુમાન થાય છે કે, પૃથ્વીના ખંડો (વિભાગો) માંથી-અમુક ખંડ-દેશમાંથી આવનારા અથવા અમુક ખંડ-ગામ-દેશમાં વસનારા. પરંતુ એતો સ્થુળ અર્થાભાસ કહી શકાય. અમુક ખંડમાંથી માલ લઈ જઈ, અમુક ખંડમાં વેચી, ત્યાંનો લાવી બીજે વેચીને, જેઓ ખંડે ખંડે આવાગમન કરવારૂપ પ્રવાસ કરનારા હતા; જેથી અમુક દેશમાં અમુક નવાબ જેવું હોવાની વાત સાંભળી, સ્વદેશી પરદેશીઓને ઠેનો ચોક નહીં રહી જાય તે માટે પ્રય-

ત્ન કરી શ્રમ વેઠતા. અર્થાત, આ ભૂમંડળપર સર્વને જોઇતા નવીન પદાર્થો પુરાપાડી દેશી પરદેશીઓને સૃષ્ટના પદાર્થોના મોહથી નિર્મુક્ત કરી સંતોષ પમાડવા ઉદ્યુક્ત રહેતા. તેમ, પરમાર્થતઃ વિચારતાં, આ અંતઃ પ્રદેશ શરીરાંતર્ગત, જે ષટ્ (છ) ચક્ર કહેવાય છે, તે રૂપ ખડો છે, તે નીચેથી ઉપર સહસ્ત્રદલકમળ સુધીના ચક્ર (ખંડો અથવા સ્થાનો) માં, ચિત્ત વૃત્તિ નિરોધરૂપ યોગદ્વારા, તે તે સ્થાન-ખડના આનંદ-સુખ શાંતિના વિચિત્ર પ્રકારના અનુભવ લઇ બહિર પ્રદેશે અધિકારી જનોને (જેને જે લાયક હોય તે પ્રમાણે) કરે છે. તથા તેઓ સંતોષ થાયછે અને માયિક પદાર્થોનો મોહ જે થતો રહેછે તત અનેક વિવિધ પ્રાપ્તિના પ્રતાપે, આપી બનાવીને તે આસક્ત જનોને બુધ્ધિ [illegible] છે કે, આ સર્વ ક્ષણિક-પ્રતિતીમાત્ર-ભ્રાંતિજન્ય-[illegible] છે. એમાં મોહ થતાં, એ મ્હોટાં (ભવાટવિ ભ્રમણરૂપ) દુઃખનું કારણ છે, માટે એમાં જો સુખ માનતા હો, તે, બુદ્ધિનો [illegible] અવિદ્યાનો પુત્ર મોહ. તમને ગબડાવી છેક નીચે નાખનાર ચક્ર છે. જુઓ, ખરતાં પાકાં પ-દાર્થને નજરે જોઇ ખરીદી કરો છો, પણ અંતે તો નકામું પડયું રહેશે, ત્યારે જો તે મોહને, ઘરમાંથી મારી કાઢ્યો નહીં હોય તો અંતકાળે, વિચિત્ર [illegible] પકડીને, ખેંચી જશે, ત્યારે પોક મૂકીને રડવું પડશે અત્યંત પસ્તાવો થશે; પણ પાછળથી પસ્તાવો શું કામનો!! [illegible] તેમ કરતા નથી, બોલો, કહો, ત્યારે તમારે એવા ([illegible]) [illegible] છે કે, પરમાત્માનાં ચર્ણ શર્ણરૂપ નિર્ભય-[illegible] આનંદના અખંડ વિશ્રાંતિની જરૂર છે? એમ પૂછીને તેના ઉત્તરને માટે જનોના સામુ આવીને ખડા (ઉભા) રહે છે, તેથી કેટલાક લક્ષ જનો "ખડાયતા" એવું પણ નામ આપે છે.

આવી રીતે માયિક પદાર્થોના મોહનો વિરામ કરી, અંતિમ પ્રાપ્તવ્યમાં સ્થિતિ રાખનારા હુવા, અન્ય અધિકારી જનોને, અધિકાર પ્રમાણે ઉપદેશ રૂપ માલ આપી, તેઓને પણ કૃતકૃત્ય કરવા પ્રયત્નશીલ-વ્યાપારી હતા. એવા તે ખંડાયતા અથવા ખડાયતાનાં વંશજો, હાલ અવનતિને માર્ગે (ભ્રાંતિથી [illegible]માં) ચાલતા ચાલતા કેટલા નીચે ઉતરી પડયા છે

તેનું, દુરબીનથી જોનારાં પણ, છેડું માપી કે કલ્પી શકાતું નથી, તો, લેખક (આ નાની સરખી લેખિનીની-કલમદ્વારા) શું તાગી શકે એમ છે! અહૂશેષ ? પણ હવે પૂર્વજ તેવા પુજ્ય વૃધ્ધોનો માર્ગ હથ કરી લઇ, ત માર્ગે પ્રયાણ કરવા સર્વ ખડાયતા બંધુઓ પ્રયત્ન કરશે તો તેઓના મનવાદના છેડા ન-થી. તેવા જ્ઞાન ભંડારના અધિપતિ પુજ્ય પુરૂષવર થવા સારૂ ઉત્સાહ પ્રકટાવી પ્રયત્ન કરવા લેખકના તે સર્વ (હાલના) ખડાયતા ભાઈઓ પ્રત્યે નમ્ર ભાવે વિજ્ઞપ્તિ છે, તે સાથે તેવા ઉત્સાહીને સહાય અર્પવા, પરમકૃપાળુ પરમાત્મા પ્રત્યે પણ, સવિનય પ્રણામ પૂર્વક, પ્રાર્થના છે. तथास्तु. (દસા વિસા વિશે, લાડવા પ્રસંગમાં કહી ગયા છીએ, ત્યાં જોઇ લેવુ)

ઝારેળા વિશે વિચારીએ:—ઝરો જેમ પેણામાં મુકી, પુરી બારી માલપુડા સેવ ગાંઠીયા ભજીયાં વગેરે, ઝરા ઉપર લઇ, (કડકડતુ ગરમ તેલ ઘી પેણામાંજ રહે છે તેનાથી નગના દઝાવાની મન ન થતાં) તે ઝારાની મદદથી મજેનુ સ્વાદિષ્ટ ભોજન આપણે પ્રાપ્ત કરી, આનંદનું ભાન કરીએ છીએ; તેમ, અંતઃકરણ રૂપ ઝારાથી આ સંસાર રૂપ કઢાઇ (પેણા) જે કે, તગે અધ્યાત્મ અધિભૂત અને અધિદૈવ એવા ત્રણ તાપથી તપ્ત થઈ રહેલ હોય છે તેમાં શુભા શુભ એટલે સાત્વિક રાજસ તામસ કર્મ જન્ય ભાગોનાં બીજકો પડેલા રૂપ છે તે, મોહ પૂર્વક આસક્તિરૂપ તેલ ઘીમાં તળાયા કરે છે, તેમાંથી મિષ્ટ વસ્તુઓ (સુખનાં-તૃપ્તિનાં સાધનો) અથવા પરિપકવ થએલાં કર્મજન્ય ભેગો, મન ઉપર લઇ, તેનો અનુભવ કરી (સ્વાદ કાઢી ખાઇને તૃપ્ત થયાનું ભાન થયેથી) પ્રસન્ન થવાય છે. એવી રીતે પ્રસન્નતાનું ભાન કરાવનારા સાર ગ્રાહી વૃધ્ધો અધિકાર પ્રમાણે, આ સંસારમાં જેણે જે સાર રૂપ-સુખરૂપ માન્યું હોય તેને તે આપીને-દર્શાવીને, પછી તે માયિક પ્રાણી પદાર્થોના ભોગથી દુઃખ રૂપ પરિણામ પ્રકટે ત્યારે અંતઃકરણમા ખેદ થાય તે વખતે કહેતા કે ભાઇ, હવે એની લાલચ છોડીદો; અને અતિ ઉષ્ણ ઘી તેલમાં જાતે ઝંપલાવી કષ્ટ વેઠી દાઝી બળીને પણ ઝારો જેમ પરોપકાર માટે, પોતે બીજાને સત્વતત્વ લાવી આપી સુખી કરે છે; છતાં પોતે તેનો સ્વાદ

નહીં લેતાં અસંગ નિર્વિકારજ રહે છે, તે જાણે એવુંજ સુચવતો અથવા ઉપદેશ કરતો દેખાવની, કે, તમે એનો અનુભવ લઇને પણ યથાર્થ વિચાર કરી, એ ક્ષણિક સુખનો મોહ છોડી, મારા જેવા અસંગ બની, બીજાને ઉપયોગી થઇને તેઓનો પણ (અવનતિ કરનારો માયિક પ્રાણી પદાર્થો પ્રતિનો મોહ) છોડાવો. તે રીતે આલસ્ય છોડી, કેવળ સત્વરૂપ જ્ઞાનામૃત ભોજન કરો, કે જેથી કલેશનો સંભવજ ન આવે, અને તે પણ મિતાહાર લો, કે, પચીને પુષ્ટિ પ્રદ થાય, એટલે નિર્ભ્રાંત થઇ આનંદ મગ્ન મસ્ત બની રહાય.

ચારણી જે તે સારને નીચે પડવા દે છે, અને અસાર (ભુસું વગેરે)ને ઉપર તારવી લાવી બતાવે છે. તેમ, સાર રૂપ જે, પરોપકાર, વિવેક, સદ્વિચાર, દયા દાન, જ્ઞાન, ધ્યાન, પવિત્રતા, ક્ષમા, સંતોષ, વગેરે છે તે, હાલ મોટે ભાગે નીચે ડબાઇ ગયલાં કહેવાય છે, તેને સ્થાને ઇર્ષા, દ્વેષ સ્વાર્થ, પ્રપંચ, વસુ વનિતાનાં જ્ઞાન ધ્યાન, ક્રોધ, અસંતોષ, કુત્સિત વિચારો વગેરે, ઉપર આવી તરતા દેખાય છે; એ પ્રકારનો ચારણીનો ગુણ નહિ લેતાં પૂર્વવત્ સાર ગ્રાહી પરોપકારી બની, મનાયલી (ઝારોળા એવા) વિભાગ સંજ્ઞાને સફળ કરી, સર્વ જગજ્જનો વગેરે પ્રાણી માત્રનાં સુખના હેતુ બની, સર્વને આનંદનું ભાન કરાવવા પ્રયત્ન સેવો; અને પરમાત્મા, તેવા પ્રયત્નશીલ વીરને સહાય અર્પો, એવી લેખકની પ્રભુ પ્રત્યે નમ્રભાવે પ્રાર્થના છે. तथास्तु.

હવે દેશાવાળ (તેમાં પણ દશા દેશાવાળ તથા વિશા દેશાવાળ એ બે વિભાગ છે તે વિશે વિચારીએ.

દિશાવાળાનો અપભ્રંશ દેશાવાળ જણાય છે. ઉત્તર દિશાએ જવા વાળાને ઉત્તર દિશાવાળા કહીયે, તેમ દક્ષિણે જનારને દક્ષિણ દિશાવાળા કહિયે છીએ. લાડુ પીરસનારને લાડુવાળો અને ભજીઆં પીરસનારને ભજીઆંવાળો કહી બોલાવી શકાય છે. જેઓ ઇચ્છાનુસાર જે દિશાએ પ્રયાણ કરે તેઓને તે તે દિશાવાળા કહીયે. અથવા જે જે દિશાથી ચાલી આવે છે તેઓને પણ તે તે દિશાવાળા કહીયે છીએ.

વાસ્તવિક વિચારકને પરમાર્થતઃ એજ દિશા જોવાની છે. જે માર્ગ (દિશા) માં શ્રેયસ (કલ્યાણ) થવાનો સંભવ છે તે એક (ઉત્તમ) દિશા.

અને જે માર્ગે (દિશાએ) જવાથી દુર્દશા–અધઃપતન થતું જવાથી ગબડીને છેવટ છેક નીચે પડાય છે, તે [ત્યાજ્ય] દિશા.

સુજ્ઞ મહાશયો તો ઉત્તમ શ્રેયસ્કર દિશા ભણીજ પ્રયાણ કરતા રહે છે. પણ પુણ્ય સંસ્કારની ખામીને લીધે જેઓ ત્યાજ્ય દિશાએ ભ્રાંતિથી સુખમાની પ્રયાણ કરવા પ્રવૃત્તિ કરતા હોય, તેઓ સર્વ આત્મ બંધુઓને, તેઓનું અજ્ઞાન આવરણ ખસેડી ભ્રાંતિ દૂર કરી, શ્રેયસ્કર સુખપ્રદ ઉત્તમ દિશામાં પ્રયાણ કરવા, હે વિશ્વનિયામક સર્વાન્તર્યામિ પરમાત્મન્! તૂં પ્રેરણાકર અને તેઓને સદ્બુદ્ધિ પ્રાપ્ત કર, કે જેથી ઉલટે માર્ગે વહન કરનાર સર્વ કોઇ સુલટી પથિમાં પડી, છેવટ શાંતિને પામે. એ રીતે વિશ્વાત્મા પ્રત્યે લેખક (વક્તા) પ્રાર્થના કરતો પુનઃ પુનઃ પ્રણમે છે. દસા વિસા વિશે દસાબાડના સબંધમાં જોઇ લેવું

દીકુ વાણીયા, એવી પણ સંજ્ઞા છે. તે વિશે જોઇએ તો દીકુ શબ્દને સ્વાભાવિક રીતે બોલવામાં દીકુ કરી નાખેલો જણાય છે. તેમજ કહિયે તો, એ દીકુ અથવા દીકૂ વિશે એમ કલ્પના કરવી યોગ્ય પ્રતીત થાય છે કે,

વિશેષ પુણ્ય પ્રભાવથી જે ગૃહસ્થો શ્રીમાન્ અને સુખી હતા, તેથી દીનતાનો સ્વિકાર કરતા ન હતા, પણ દીનતાને દૂર રાખતા, અથવ દીનતાથી દૂર રહેતા; અથવા દીનતાને દુઃખરૂપ સમજતા હતા, તે એવા હેતુથી નહીં કે, હમે મોટા શ્રીમાન છીએ, હમારે કોઇની શું સ્પૃહા છે, હમારે દીનતા–ગરીબાઇ અથવા નિરાભિમાની પણું બતાવવાનું શું પ્રયોજન છે, વગેરે-(એવા હેતુથી નહી). પણ અંતરાત્મ તત્વરૂપ ચિંતામણિ આપણી પાસે હોવાથી તેનાં સર્વ ઇચ્છિત પદાર્થો તો શું, પણ અનંત બ્રહ્માંડના દૈભવાદિ ધનનો અખુટ ભંડાર ભરેલો છે, છતાં બહાર ભ્રાંતિથી પ્રતીત થતા અલ્પશક્ત મનુષ્યાદિ ન્યૂનાધિક ઐશ્વર્ય પ્રાપ્ત વ્યક્તિઓ પાસે દીનતા બતાવીને શું માગવા જવું. જે જોઇએ તે લેવાને આપણી પાસે ઉત્તમ ચિંતામણિ છે. એવી દીનતાથી દૂર રહેવું જ યોગ્ય છે. એવા

વિચાર યુક્ત હોઇને દીનતને દુઃખરૂપ સમજી દૂર રાખનાર. મિથ્યા અભિમાન પૂર્વક દીનતાથી દુર રહેનાર. ખરી દીનતાનો નિરાભિમાન પૂર્વક વહન કરીને કરતે હૂં પણાંનો અભાવ (સમુળગો) કેમ કરી દઇને વ્યાપક તત્વ જે આનંદઘન શ્રી વાસુદેવ પરમાત્મા. તેમાં ખરી નહિ વંત થઇ જવું. અર્થાત્ અનંત- અભેદ પ્રાપ્ત થવું તે છે. એવી દીનતાનો સ્વિકાર કરી, ઉપર કહી તેવી અભિમાન સંયુક્ત દીનતાને દૂર રાખનારા વાસ્તવ દીદૂ (દીકુ) સંજ્ઞા ને યોગ્ય છે.

સર્વ ભાઇઓ એજ રીતે ભગવદ્ ભક્તિદ્વારા શ્રીહરિ ગુરૂ પરમાત્માને વિશે મનોવૃત્તિને સ્થાપી પરેશ વ્યાપક વાસુદેવરૂપ થઇ જાય, અને અપૂર્વ શાંતિ પામે, એવી કૃપા થવા સર્વાંતર્યામિ મહેશ્વર અથવા મહા વિષ્ણુ પ્રત્યે સપ્રેમ પ્રાર્થના કરતો (લેખક)વકતા તે સર્વેશ્વરને વંદે છે.

હવે કપોળ એવી સંજ્ઞા પણ કહેવાય છે, તે વિષે કહિયે, કપીલ શબ્દનો "પા"ને બદલે લખાણમાં અજાણ્યુ (^) છુટો પડે તો "પો" વંચાય છે. તેમ, અનુમાન કરીએ તો, કપીલ મુની મહા સમર્થ, ભગવાનનો અવતાર કહેવાય છે; જેમણે પોતાની માતાને જ્ઞાન આપી, જ્ઞાન જળારૂપ કરીને પરમ શાંતિ આપી હતી એવા માત પિતાનું સર્વોત્તમ હિત સાધવામાંજ પુત્રનું શ્રેયસ રહેલું છે, એ બતાવવાને તેમજ સુપુત્રનું કર્તવ્ય દર્શાવવાને, કપીલ મુનીએ જે શ્રમ કરેલો, તેવો શ્રમ કરવાને પૂર્વ સુજ્ઞ જે મહાશયોએ પ્રવૃત્તિ કરેલી, તેઓના વંશજ કપીલ નામથીજ કહેવાયા, ધીમે ધીમે કપીલના કપોળ થઇ ગયા. તે છતાં પ્રચલિત હાલનોજ શબ્દ "કપોળ" છે, તે વિશે શોધ કરશું તો, ક અને **પોળ** એ બે શબ્દ છે: **क** એટલે બ્રહ્મા અને બ્રહ્મા એટલે સૃષ્ટિના કર્તા પિતામહ. તેજ આ "પોલ"માં એટલે આકાશમાં વસીને સૃષ્ટિ સરજે છે. એટલે આપણાં શરીરમાં પોલાણ જેટલુ છે તેમાં પ્રાણ વહન કરી રહ્યા છે. બ્રહ્માનો રજોગુણ કહેવાય છે, પ્રાણ પણ રજોગુણનું કાર્ય છે, પ્રાણ જો શરીરમાં હોય તેજ અને

જ્યાંસુધી હોય ત્યાંસુધીજ, સૃષ્ટિની ઉત્પત્તિનો સંભવ. અનેક માનસિક શારીરિક અથવા કાલ્પનિક, અને ભૌતિક સૃષ્ટિ રચના, પ્રાણ હોય તોજ થવી સંભવ છે. તે પ્રાણરૂપ, જે ગૃહસ્થોને, લોકોમાં કહેવામાં આવ્યું, અર્થાત્ પ્રાણ સૌને કોઇ પ્રાણી માત્રને પ્રિય છે; મનુષ્યો અને પશુ પક્ષી કીટ જંતુ માત્ર પોતપોતાના પ્રાણનું રક્ષણ કરવામાં તો કાળજીવાળાં હોયજ છે, એવા સર્વ પ્રાણીના પ્રાણરૂપ ગૃહસ્થો એટલે બધાને પ્રીતિ ઉપજાવવામાં કારણભૂત—સર્વના પ્રેમનું સ્થાન હોવાથી કપોળ કહેવાયા, એમ ન્યાયયુક્ત વિચારપૂર્વક કહીએ તો, સપ્રમાણ કહેવામાં સુજ્ઞને તો શંકાનો સંભવ કરવા જેવું નથી. એમ છતાં છેવટ "કપોળ" એજ શબ્દ કાયમ રાખીએ તો નીચે પ્રમાણે સંભવે.

क એટલે બ્રહ્મ, અને જગતની ઉત્પત્તિ બ્રહ્માથી, એવું શાસ્ત્રોથી અને વૃધ્ધોથી તેમજ વિદ્વાનોથી સાંભળતા આવ્યા છીએ, અને સાંભળીએ છીએ. આ મૃત્યુ લોકમાં એટલે પૃથ્વીપર પ્રત્યક્ષ બ્રહ્મા કયા છે કે, જેનાથી મનુષ્યાદિ પ્રાણીની ઉત્પત્તિ વેદશાસ્ત્રો અને ઇષ્ટ વચનથી સપ્રમાણ માનીએ ! તો જગતમાં કહેવત પણ છે કે "અન્ન બ્રહ્મ પ્રાણ" વેદ પણ અન્નને બ્રહ્મ કહે છે. સ્મૃતિ પણ કહે છે કે,— अन्न ब्रह्म रसो विष्णुः અને શ્રી કૃષ્ણપરમાત્માનું પણ સ્પષ્ટ વચન છે કે,

अन्नाद्भवंति भूतानि पर्जन्यादन्न संभवः
यज्ञाद्भवति पर्जन्यो यज्ञः कर्म समुद्भवः ॥
कर्म ब्रह्मोद्भवंविद्धि ब्रह्माक्षर समुद्भवं ॥
तस्मात्सर्व गतं ब्रह्म नित्यं यज्ञे प्रतिष्ठितं ॥ વગેરે.

એ રીતે પ્રાણી માત્ર અન્નથી ઉત્પન્ન થાય છે એવું જે શ્રીકૃષ્ણ મહારાજનું વચન તે એમ સૂચવે છે કે, બ્રહ્માથી સૃષ્ટિ થાય છે, તે પ્રત્યક્ષ બ્રહ્મારૂપ આ લોકમાં અન્ન છે. તે અન્નનો (અનાજનો) વ્યાપાર ભરેલી રાખનારા સમર્થ વ્યાપારી ગૃહસ્થો જે પોળમાં વસે છે તે કપોળ કહેવાય. અને તે મોહોલ્લો અથવા પોળ કોનો અથવા કઇ જ્ઞાતિનો એજ ઓળખ

બ્યાની ચાસી કે કપોળની, એટલે અનાજના ભારે વ્યાપારી સદ્ગૃહસ્થો ની પેળ; તાત્પર્ય કે અનાજના વ્યાપારી ગૃહસ્થોની પોળ અથવા મોહોલ્લા ઉપરથી ત્યાંના નિવાસી જનો તેજ કપોળ સંજ્ઞાથી પ્રસિદ્ધિને પામ્યા.

એ રીતે ઉપર દર્શાવ્યા તે જ્ઞાતિ વિભાગો શિવાય બીજા પણ લેખકની સમજણ સહિત બહાર તેમજ જાણ બહાર કપોલ કલ્પિત ઘણા હશે, પરંતુ તે સર્વ શોધી લાવીને તાત્પર્યાર્થ દર્શાવવાથી કંઈ વિશેષ હિતપ્રદ હોવા જેવું જણાતું નથી. કારણ કે સુજ્ઞ વિવેકી તો, બાકી રહેલી તે જ્ઞાતિ સંજ્ઞાને, બહારથી ગમે તેવા અર્થનોભાસ પાડનારી હોવા છતાં, સુધા અર્થમાંજ લઈ સમજી સંતુષ્ટ રહેશે અને લેખકની શ્રી હરિ ગુરુ પ્રત્યેની માગણી પ્રમાણે, તે સુધા અર્થ પ્રમાણે વર્તન આચરણ કરશે, તે વાથે સ્વધર્મ નિષ્ઠાને પુષ્ટ કરી, ઇષ્ટનાં અનન્યત્વે ચિંતન પુર્વક, તેનાથી અનુપમ શાંતિનો અનુભવ કરશેજ.

જ્ઞાતિ વિભાગોના ફાંટા એટલા બધા વધી પડેલા છે કે, એકજ અર્થ સુચક "વાણીયા" શબ્દ છતાં, ભોજન વ્યવહાર સર્વેને સરખો હોવા છતાં, કન્યા આપવા લેવાના વ્યવહારનો પ્રતિબંધ રાખી રહેવાથી, અને શ્રીમંત હોવાનાં અભિમાન રૂપ નરક ગળેલી રાખી બાળ લગ્નમાં ખુશી બતાવનારા થઈ પોતાનાં પુત્ર પુત્રીઓના કટ્ટા શત્રુ બનેલા છતાં અક્કડ રહેવાથી, કેટલા અને કેવા અનાચાર થઈ વર્ણસંકર પ્રજાના પૂથ જામે છે, તથા તેવા ઘરની, જ્ઞાતિની, જાતિની, અને દેશની, કેટલી દુર્દશા થતી રહી છે, તે સર્વત્ર સુપ્રસિદ્ધ છે તેને માટે વિદ્વાન હિતચાહક પૂજ્ય મહાત્માઓના બ્યુગલ, વાજાં, વાજિંત્રો, હારમોનીયમ, તાઉસ, સતાર, તંબુરા, સારંગી, મૃદંગ, ઢોલ, પડઘમ, ઘંટ વીગેરે વાગ્યાજ કરે છે છતાં, જ્યાં સુધી તેનો પડઘો કાન ઉપર પડવા નહીં દેવાય, અને સ્વાર્થ પરાયણ પ્રમાદી બની અખાડાજ કર્યા કરવામાં આવે, ત્યાં સુધી ઘટિત (યોગ્ય) ઐક્યતાનો સંભવ શી રીતે!! ત્યાંસુધી દુર્દશાનું રૂપ બદલાઈ ઉન્નતિક્રમ શી રીતે નજરે પડે !! ત્યાંસુધી ઐહિક સુખનોજ અસંભવ, તો પારમાર્થિક સુખનાતો આશાજ શી રીતે રખાય !! અને જ્યાં સુધી પારમાર્થિક સુખનો અસંભવ, ત્યાં સુધી મોક્ષની સંભાવના કેવી

રીતે હોઇ શકે !!. દેશકાળને અનુસરી, વેદ અને સચ્છાસ્ત્રોની આજ્ઞાને અનુકૂળ, સત્પુરૂષો અને સદ્વિદ્યા સંપન્ન મહાશયોના ઉચ્ચતર અભિપ્રાય પ્રમાણે નિશ્ચય કરી, સુપ્રસન્નતાનું ભાન કરાવનારી સદ્બુદ્ધિ, શ્રી પરમેશ્વરની કૃપા પ્રસાદથી, સર્વને પ્રાપ્ત થાવ, એવી શુભેચ્છાથી વિરામ પામતાં અંતમાં લેખક પરમાત્મ પુરૂષ પ્રત્યે સપ્રેમ સવિનય પ્રસ્તુતિ પરંપરાનાં અર્પણ પૂર્વક પ્રાર્થના કરતાં પુનઃ કહે છે કેઃ—

વિશ્વાત્મા સદ્ગુરૂ પરમાત્માઃ સર્વને સદ્બુદ્ધિ પ્રાપ્ત કરી અભય અર્પો. એ રીતની સપ્રેમ નમ્ર ભાવે સર્વાત્મ પરમાત્મા પ્રત્યે યાચના કરતી લેખકની વૃત્તિ અને વાણી, સ્વરૂપ કારણમાં વિરમતાં, સર્વસ્વરૂપ અસંગ શાંત આનંદઘન ચિન્માત્ર સન્તાને-શ્રી હરિગુરૂ પ્રભુને પુનઃ પુનઃ પ્રણામ અર્પે છે. પ્રસ્તુતિ અર્પતાં પૂર્ણાત્મ તત્વે પોતાનું ભ્રાંતિજન્ય અસ્તિત્વ ઓળખાવી તત્સદ્રૂપ થઇ રહે છે. तथास्तु.

* ॥ ॐ शांन्तिः शान्तिः शांन्तिः ॥ हरिः ॐ नमः श्रीमु ॐ ॥

(મસ્તાની તુતીરે, રામ કૃષ્ણ રાધે કૃષ્ણ બોલ.—એ રાગ)
મોજીલા મનવારે, આપ વિચારી અવિદ્યા પટ ખોલ;
આપ વિચારી અવિદ્યા પટ ખોલ, મોજીલા મનવારે—(ટેક)
વાસ્તવે તો ÷ વારિ છે તે, અંતરે એકલૂંરે;
જળપરની જો, લીલ, * કરોથી ઉખાલ—મોજીલા૦ ૧.
તૂં તો અમથું ફુલેરે, ભુલે જગ ઢાંકનેરે;
ત્હારૂં આપ વિચારે વાગે ઢોલ—મોજીલા. ૨.
માણિક્ય મણિ મુક્તાનીરે, માલિકા કંઠમાંરે,
આરોપાતાં આત્મ પ્રકાશ અમોલ—મોજીલા૦ ૩.

---

* સં૦ ૧૯૬૨ પોષ સુ. ૭ શનીની તા૦ ૧૩-૧-૧૯૦૬

÷ જળ—પાણી.

* પાણીપરની લીલ જે બાઝી ગઇ હોય તેને (કરોથી) હાથેવતી જો ઉખેડી નાંખવાંમાં આવે તો.

(રામ ભજન ગુણ ગાઈ લે, લોભી મન, રામ ભજન—એ રાગ)
પ્રભાત અને બીજા રાગોથી ગવાય છે.

ભ્રાંતિ શાંતિ કર વહેલો, સુબા મન, ભ્રાંતિ શાંતિ કર વહેલો,
ક્લેશ શાંતિકર વહેલો, સંપૂર્ણ શાંતિ કર વહેલો—સુબા૦ (ટેક)
એક હરી ગુરૂ આ જગરૂપે, વેદે મંત્ર કહેલો—સુબા૦ ૧
કૃષ્ણે પણ ગીતામાં ગાયું રસ્તો જોતાં સહેલો—સુબા૦ ૨
વિશ્વરૂપે વિશ્વપતિ ત્યાં, અન્યનો ક્યાંથી હેલો +—સુબા૦ ૩
તું ત્હારૂં હું પણ ગાળીને, સુખમય થાજે પહેલો—સુબા૦ ૪
માણેક્ય તું તો રહેજે રંગે, જોતો આ જગના ખેલો—સુબા૦ ૫

દોહરા.

સાક્ષીપદ આરૂઢ થઈ, જોતો રહેજે ખેલ;
× સમજે ચિદ્દઘન સિંધુમાં, જોતાં જોતાં રહેલ. ૧.
† અસમને લેપે નહીં, વદે વેદ સાક્ષાત;
સમતા સમ થઈને રહે, જડે ન જાત ન ભાત. ૨.
ભ્રાંતિની શાંતી થતાં, ‡ ક્રાંતિ ઝળકે રાગ;
માણિક્ય ખેલો મોજથી, રામતણે આ બાગ. ૩.

——......

નિર્મળ ભક્તિ પદારથ સાચું રે, આતો માયાનું મ્હારૂં સર્વે કાચું રે (એ રાગ)

————

થાવું વૈશ્ય ન રહેવું કંઈ જાણો રે, કૃષી ગોરક્ષ્ય વાણિજ્ય પ્રમાણો રે.
ભૂમી શુદ્ધ કરી ખેડીને, ઘન * મન કરુણા આણો રે—થાવું૦ ૧
મેઘ થતાં બી નાખી ભૂમીમાં, લણો અન્ન ભરો પછી ખાણો રે—થવું૦ ૨

+ એકજ પરમાત્મા સર્વત્ર પૂર્ણ ભરેલા છે ત્યાં બીજાનો અવાજ ક્યાંથી હોય ? ! એકના પૂર્ણ અસ્તિત્વમાં અન્યનું અસ્તિત્વ હોઈ શકતું નથી. × સમી જજે. † असंगो नहि सज्जते.

‡ ક્રાંતિ—નુર પ્રકાશે છે, અને તેની (રાગ) પ્રીતિ (તે તત્વામૃતમાં) પ્રકાશે છે એટલે આત્મતત્વ પ્રેમ થાય છે.

* મેઘ વૃષ્ટિના.

જીવન વસ્તુ સુખદ અને વળી, વસુપતિ $ કરે મહાગાણોરે—થાવું૦ ૩
(તેમ) તનમન શુદ્ધ કરીને પ્રેમે, બ્રહ્મ કૃપા ધન માણોરે—થાવું૦ ૪
રામ કૃપાથી સંત મુખે મળે, જ્ઞાન બીજક શુભ વાવણોરે—થાવું૦ ૫
શ્રવણ મનન અભ્યાસ થકી કાઢી, નાખોને ઝાંખ + હલાણોરે—થાવું૦ ૬
બીજે પ્રકાશે હૃદય થતા સુખ, પાર વિનાનું પછી જાણોરે—થાવું૦ ૭
ઇંદ્રિય નિગ્રહ ગોરક્ષા કરી, દુધ પીએ, દે દાણોરે §—થાવું૦ ૮
વણિજ્ય ઉત્તમ જ્ઞાન દાન દઇ, લઇ અજ્ઞાન તેઓનું હઠે ધાણોરે—થાવું૦ ૯
નિર્મળ સ્તુતિ વરી પુણ્ય પ્રતાપે, સ્વાનુભવ સુત જુવે દણોરે ¶ થાવું૦ ૧૦
સ્વરાજ્ય પદ આરૂઢ બની રહી, સીધા થશો પછી પ્રાણોરે—થાવું૦ ૧૧
માણેકલાલ હરિગુરૂ શર્ણ ગ્રહી કહે, સત્ચિત સુખમાંજ નાણોરે—થાવું૦ ૧૨

$ વસુપતિ--અર્થાત્ ચિત્તવૃત્તિ નિરોધરૂપ યોગ પૂર્વક યથાર્થ સમજણ રૂપ જ્ઞાનના દ્રઢતર અભ્યાસથી દૈવી સંપત્તિ (દોલત)નો માલીક બનેછે, અને તેથી અનંત બ્રહ્માંડનું અધિપતિ-સાર્વભૌમપણું પ્રાપ્ત થતાં સમજાતાં સદ્વસ્તુ રૂપ-સર્વના આત્મરૂપ ચિદાનંદ શ્રી મહારાજા બનેછે.

+ વિષયોની અનેક પ્રકારની સ્થૂળ સૂક્ષ્મ વાસનાઓ રૂપ ઝાંખરાં-છોડવા, જે પૂર્વના અધ્યાસને લીધે વારંવાર અંકુર કાઢી વધ્યા કરતા દેખાય તે, તથા રાગ દ્વેષાદિ મોટા નાના પથરા (ક્ષેત્રમાં-મનમાં) નજરે પડે તે કાઢી નાખો. તથા જ્ઞાન બીજક (સત્પુરૂષ સદ્ગુરૂ દ્વારા મળેલા મહા વાક્યોના ઉપદેશનાં વચનોરૂપ બીજકો) સ્વતંત્રપણે ખાલી નાખી, પ્રકાશ આપશે; અને સ્વરૂપરૂપ અમૃતફળ આપશે, તે સ્વાનુભવથી અપાર સુખ--પરમ આનંદ મળશેજ જાણો.

§ ઇંદ્રીઓ રૂપ ગાયોને મરજી પ્રમાણે વહેવા ન દેતાં તેનો નિગ્રહ કરી સ્વાધીનમાં રાખી તેને, ન્યાય નીતિ અને વેદ ગુરૂ શાસ્ત્રને અનુસરી ને વિષયો રૂપ દાણો (ખાવા) આપે, અને ઇંદ્રીયનિગ્રહ (એટલે ગોરક્ષા) થી થતો લાભ, જે કલેશ રહિતપણું, સંકલ્પ વિકલ્પ રહિતપણું, એટલે પ્રસન્નતા-આનંદ-શાંતિરૂપ અમૃતમય દુધનું પાન કરે છે.

¶ શુદ્ધ સત્વ સંપન્ન નિર્મળ પ્રકાશ પાડનાર (મોતીનો દાણો જાણે જેવતી તેવો અમૂલ્ય) આત્મ અનુભવ રૂપ સુપુત્ર.

દોહરો:—ચમ થઇ ચગ નથી ચમ રહ ચહ નાચ ન નાચ,
તજો રજ્જુ જે નાગ છે, ઠગ ત્યાં તેથી રાચ ॥ ૧ ॥
હે મન! રામ રટણ કરો, જો રામ મન નાથ;
આતમ મળે નિરમાં જજો, ભીડી રામને બાથ ॥ ૨ ॥

મળે તો કોઈ હરિજન મળજોરે, દુરી જન દૂરથી ટળજોરે.—એ રામ
જગતપતિ જગમાં બાગ રચ્યાંરે, વિવેકી વિચારિને ચાલેરે (ટેક)
સમજ વિવેકીને પડેરે, ખોટું ખરૂં જગ માંય.
ખોટું મુકે પડતું ગણી, તે, સાચાની પકડે બાંય.—જગતપતી ૧.
ભેદ અનેક પ્રકારનારે, રાચ તણા ચળકાટ,
ભાંતી બહુ ભાત ભાતનીરે, તેણે તો વાધ્યો ઘાટ—જગતપતિ. ૨
ગંગાનું જળ એક છે તે, લોકો ભરી લઇ જાય
ગાગર ઘટને ચંબુડી વળી, પાત્ર અનેક ભરાય.—જગતપતી ૩.
પાત્રો ધાતુ મૃત્તિકાનાં, ભેદ બધો તે માંય.
જળ તો શ્રી ગંગા તણું તેમાં, પ્રેમે સઉ જન ન્હાય—જગતપતી ૪
શુદ્ધ કરે સ્નાન પાનથી ને, દર્શને દુઃખ હણાય.
તેમાં સંભવ ભેદનો, કહો, કેવી રીતેજ ભણાય.—જગતપતી ૫.
રામ રમે વિશ્વ વાટિકારે, ખેલે ખેલ અપાર,
બાગબગીચા પુષ્પો શોભતોરે, ગંગા જળ છે સાર—જગતપતી ૬
જળથી શોભા વૃક્ષનીરે; વ્યાપી આપે મોજ,
સુંદર, મોહ વધારતી, વળી, શાંતિ પમાડે રોજ—જગતપતી ૭
ભેદ નથી તે વારિમાં, ભલે, વૃક્ષ વનસ્પતી ભિન્ન,
સાર તો તે જળ જાણીને, તૂં થાતો રખે કંઈ ખિન્ન——જગતપતી ૮
રામ રૂપે જળ જાણવા, કહે, શાસ્ત્ર અને જ્ઞાની સંત,
જડ ચેતન રૂપે આ વાટિકા, રમે, રામ ન જેનો અંત—જગતપતી—૯
ગુપ્ત રમે રંગે સદા, સુખ જ્ઞાન તણા ભંડાર,
પ્રેરક ભોળાના રામને, હવે, જાણો વિવેકે સાર—જગતપતી ૧૧

કારણ મૂળ શ્રી ગણપતિ, જાણે, માત્ર પુરૂષ આ જગત.
[illegible] રીતે નાદ, [illegible] કે [illegible]—જગતપતા ૧૧
વ્યાપક સર્વ માંહ્ય સદા, તે, પરમાત્મા શ્રી રામ,
એવા સમજ તે, જો કરો, તો, નિર્ગુણ છે મહાત્મ મન—જગતપાતી ૧૨
સાર સ્વરૂપે રામને, જુવે દિવ્ય નયન જે ધામ.
સચ્ચિદ્રૂપ શોભ્યો ક્યાં જડે, જ્યાં, નામહરિનામ રહાય. *જગતપાતી—૧૩

—૫૬—

જેને રામ ધણીશું લાગ્યો સ્નેહરે, તેને, કાંઇ, નથી જોવાનું;
જેને વિશ્વપતિશું લાગ્યો સ્નેહરે, તેને, કાંઇ, નથી ખોવાનું;
જેને શ્રીપતિશું લાગ્યો સ્નેહરે, તેને, કાંઇ નથી રોવાનું. } (ટેક).

રામ રસાયન પીને તેનો, મરત અજ્યો મદમાતો;
જગમાં તેને નિર્ભયતા છે, ભલે કરે જન વાતો.—તેને કાંઇ નથી રોવાનું. ૧
ચાલ્યો તેતો આપજ ઉન્ડો, ઉર્ધ્વ પ્રદેશે વહેતો;
જળ આ ભેદી ચિન્તાકારી, ચિદ કારામાં રહેતે.—તેને કાંઇ નથી જોવાનું. ૨
રામ બગીચા મોજ પાખે, અ ન્તરનભમાં જોતો;
ક્લેશવિકારો મૂળથી કહી, આપોપૂં પણ ખોતો.—તેને કાંઈ નથી ખોવાનું. ૩
સદ્‌ગુરૂ સંગે બેસે રંગે, સજકાઓળી ભિંજાઈ;
આત્મ જુવે નિજરંગે રમતાં, સમે અમરદાણી ખાઇ.—તેને કાંઇ નથી રોવાનું. ૪
સચ્ચિદ્રૂપ મુક્ત—માળ મગામાં, દૈવી સુંદર શોભે;
વાસુદેવ શિવ, તેના દેખા, બેટે દોડી લોભે.—તેને કાંઇ નથી જોવાનું ૫
અનન્ત નિર્ગુણ, સત્‌ચિદેકરસ, આનંદઘન હરિરામે;
સચ્ચિદ્રૂપ પ્રેમે ચાહ્યો સન્તો થયો + રામરસ જામે—તેને કાંઇ નથી ખોવાનું. ૬

---

* यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम જ્યાં ગયા પછી પાછું આવવું પડતું નથી, તે મ્હારૂં પરમ ઉત્કૃષ્ટ-શ્રેષ્ઠતામાં ઉંચું ધામ છે. તા. ૮૧૬

\+ देवो भूत्वा देवं यजेत् દેવ થઇને દેવનું યજન-પૂજન કરવું. અર્થાત્ પરમાત્માદેવ એકજ છે, તેનું યજન કરનાર પ્રથમતો તે દેવરૂપ થવાનું કહે છે. તેમ થવા માટે, આત્મજન્ય મોહના આવરણ ટાળી, સ્થૂળ

છપ્પા.

કૃષિ ગોરક્ષા અને, ફરી વણિજ્ય વિચારી,
વૈશ્ય નામને કરો. સકળ સૌ ક્લેશ વિદારી;
+ ફરી પરિક્ષ પાસ, ધરા હરખો શૂરવીરા.
તેથી આગળ વધી, બ્રહ્મ પદ ધારો ધીરા;
બ્રાહ્મણ પદ રહેલું નથી. તોપણ શૂરવીર થાય છે,
માણિક્ય ઈશ્વર ચરણમાં, મૂએ મેદે જાય છે.—૧.
જે કંઈ યાત્રા જશો, ક્લેશ વળગ્યા છે તેમાં,
ક્લેશ રહિત પરમેશ, શાંત સુખ સઘળું જેમાં;
તોપણ તે પરમેષ્ટ, પામવા સાધન છે તે,
માટે આજ્ઞા માન્ય, કરોને, વેદ કહે, જે;
+ સ્વધર્મનું પાલન કરી, રમણ કરો સર્વેશમાં,
માણિક્ય રહેજો હોયશો, આત્મસુખમય નિજ દેશમાં —૨.

સૂદન વગેરે ચાર આગારનાં મિથ્યા કલ્પેલાં નામવર્ણ ગુણરૂપનાં અભિમાન છોડી, નિઃસંકલ્પ સ્થિતના અભ્યાસપૂર્વક વર્તમાનકાળના જ્ઞાતા અચળ શાન્ત પરમસુખ સ્વરૂપમાં લક્ષ રાખી, સર્વ વ્યાપક તે પરમાત્મા દેવ શ્રીરામમાં સૂઈ પડી. (દ્રશ્ય જગત તરફ ગાઢ નિદ્રાની સ્થીતિમાં પડી રહીને) પ્રેમથી ચઢ્યા ચડ્યા જવું (**यानिशा सर्व भूतानां तस्यां जागर्ति संयमी ॥ यस्यां जाग्रति भूतानि सानिशा पश्यतो मुनेः ॥**) તે નામરૂપ અનુભવથી, આનંદમય રંગથી રમાયેલો, તે, દેવ બ્રહ્મ રહેતાં, તે પર બ્રહ્મ ચિદાનંદ પરમાત્મામાં અચલ વિશ્રાંતિ (અભેદત્વે સ્થિતિ) ના પ્રાપ્ત થાય છે. **तथास्तु**. એ પરમાત્મા દેવનું સર્વોત્કૃષ્ટ યજન પૂજન કહેવાય છે.—અથવા,—સચ્ચિદાનંદ ઘન પરમાત્માનો સંસ્પર્શ થતાં અતિ શીતળ—અદ્ભૂત શાંતિનું ભાન થવાથી, તેના મોહથી પોતાનું ભાન ભુલી જઈ, તે શ્રી સદ્ગુરૂને વળગી રહી, અર્થાત્ તેની સંગે (સાથે) તે પરમ આનંદના મહેરામણ ભેળો, રંગે પ્રસન્ન ચિત્તે, (રામરસ.) અનુભવરૂપ ચિદાનંદ દૃઢ ઉન્નત રહ્યો, તેને કાંઈ પણ ખેવના રહેતું નથી. **तथास्तु.**

लोकाः समस्ताः सुखिनो भवन्तु ॥ तथास्तु—
सर्वान्तर्यामि सद्‌गुरु परमात्म कृपा प्रसादात्
हरिः ॐ शांतिः शांतिः शांतिः शांति रस्तु.



÷ એ વૈશ્યના ત્રણે સ્વધર્મોને યથાર્થ પાળી-સેવીને, એની પરિક્ષામાં વિજયી (પસાર) થઇને, દેશનાં કલ્યાણ અને રક્ષણ માટે શુરવીર ક્ષત્રીય થવાની ઇચ્છા કરો; અને તે કાર્ય સાધી, ઉપલા વર્ગમાં એટલે બ્રાહ્મણ વર્ગમાં ચઢવાને, ક્ષત્રીયના કર્તવ્ય ધર્મ કર્મમાં કુશળ બની, તે પરીક્ષામાં પાસ થાવ.

+ વેદ શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે પોતપોતાના સ્વધર્મનું (શ્રદ્ધાયુક્ત પ્રેમથી) યથાવત્ પાલન કરી, અપાર સામર્થ્ય ઐશ્વર્ય શ્રી સુખ જ્ઞાન શાંતિ આનંદના અનંત મહોદધિ પરમાત્માનું ધ્યાન ચિંતવન કરતા રહો, તો, સહજ સ્થિતિમાં—નિઃસંકલ્પ સ્થિતિમાં—વર્તમાનકાળના જ્ઞાતામાં લક્ષવાળી સહજ સમાધિની સ્થિતીમાં રહેવાના અભ્યાસથી (સ્હેજમાં—ત્વરાથી અનાયાસે) અખંડ સુખમય પોતાના સ્વધામમાં પ્હોંચી રહેશો.

यद्गत्वान निवर्तंते तद्धाम परमंमम. हरिः ॐ ગી.અ. ૧૫ તથા
यंप्राप्यन निवर्तंते तद्धाम परमंमम ॥ (ગી. અ. ૮)

ॐ नमो नारायणायेति मंत्रः सर्वार्थ साधकः ॥



विज्ञप्ति

યસ્ય ચારિત્રા ગતિઃ એ મહા પુરૂષોના અને શાસ્ત્રોક્ત વચન ઉપર લક્ષ દોરવી, તેમજ કાર્યોનુ નિઃશંક રીતે સતત પાલન થવું જોઈ, આ લઘુગ્રંથ (માણિક્ય રત્ન મણિગણ માળાની પ્રસિદ્ધ પુષ્પ) રચાયો, શ્રદ્ધા પ્રેમ સમન્વિત સ્વજનોના વ્યાવહારિક અને પારમાર્થિક હિતને અર્થે પ્રસિદ્ધિમાં મુકાયો છે, તેને પણ રત્ન મહાશયો તો સપ્રેમ વાંચી વિચારી, અન્યજનોને તેઓના અધિકારાનુસાર વાંચ આપી કૃતાર્થ કરવા પ્રયત્ન સેવશેજ; પરંતુ જેઓ, વગર વિચારે, ગ્રંથના દર્શન માત્રથીજ જાણે અનુરાગ જતા હોય કે અભરાઈ જતા હોય, એવા સાહેબો પણ, ક્ષણ માત્ર મિથ્યા આત્મમાનને દૂર મુકીને, વિવેક અને સ્વધર્મ નિષ્ઠા સાથે સત્વર કરી, કૃપા દ્વારા પણ, નિષ્પક્ષપાતપણું એટલે રાગ દ્વેષ રહિત થઈ, શ્રદ્ધા પ્રેમને અંતરમાં સ્થાપીને, વાંચશે અને અનુસરશે તો, ઉભય પ્રકારની કેવી અને કેટલી આશ્ચર્યકારક ઉન્નતિ થવી સંભવે છે, તે પુરૂષાર્થનાં પ્રમાણમાં, પશ્ચાત્ ફળ રૂપે સમજાશે; અને દૂરથી ગ્રંથને જોઈનેજ જે ઉપેક્ષા પ્રથમ કરાઈ હોય, તે કેવી ભારે ભૂલ હતી, તે પણ સમજાશે. તાત્પર્ય કે, આ ગ્રંથ સુજ્ઞજનોએ અને રત્ન મહાશયની પંક્તિ પાત્ર થવા ઇચ્છતા હોય તેઓએ ઉપેક્ષા કરવા યોગ્ય નથીજ; પણ ખાસ પ્રેમથી મનન કરવા યોગ્ય છે, તેથી ઉદાર મહાશયો પોતાની ન્યાત જાતમાં, મિત્ર મંડળમાં, વિદ્યાર્થી વર્ગમાં, અને પરોપકારાર્થે કોઈ પણ સમૂહ (સમાજ) માં વહેંચવા સારૂ, પોતાના અંતરમાં ઉદારતાને સ્થાન આપી, સંખ્યાબંધ-અગાઉથી પ્રતો (પ્રસ્તાવના પેરા ૪ પ્રમાણે) મગાવી પોતાના જ્ઞાતિબંધુઓ, મિત્રો, વિદ્યાર્થીઓ વગેરેની ઉન્નતિ સાધવા પ્રયત્ન સેવશે તો, તેઓ, તે સર્વ બંધુ વર્ગ વગેરે વ્યક્તિઓના ધન્યવાદને પાત્ર થશે એટલુંજ નહિ પણ, એ રીતે વપરાયલી ઉદારતાથી અન્ય એવા હિત સાધક ગ્રંથની પ્રસિદ્ધિ કરવામાં પણ અમુક અંશે તેઓને ધન્યવાદના સંબંધ છે. અસ્તુ.

પુસ્તકો મળવાનું ઠેકાણું

પૂજ્ય લેખક મહાત્મા શ્રી પ્રણીત પ્રસિદ્ધ થયેલા નીચેના ગ્રંથો નીચેના સ્થળેથી (સીલકમાં હશે તો) મળી શકશે

વિચાર મુક્તા—	૦—૮—૦
શાંતિ સુધારસ—	૦—૪—૦
નરસુખ—	૦—૬—૦

માણિક્ય રત્ન મણિગણ માલિકા (પ્રથમ પુસ્તક)

સીલકમાં [illegible] પ્રત રહેવાથી. એની [illegible] પાને [illegible] પ્રમાણે

માત્ર અર્ધી કિંમત [illegible] પાને [illegible]

વૈશ્ય ધર્મ નિરૂપણ	અમૂલ્ય
બાળ શિક્ષણ અથવા શિશુ શિક્ષણ (છપાયેલા),	૦—૫—૦

બહારગામથી મગાવનાર ગૃહસ્થોએ પોસ્ટ ટીકીટો મોકલવા અથવા વી. પી. થી મગાવવા કૃપા કરવી.

વાસુદેવ માણેકલાલ ભક્તરાજ ([illegible])

અથવા

સદાશિવ માણેકલાલ ભક્તરાજ ([illegible])

ઠેકાણું—સોની ગલીમાં—સુરત.